Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૭
તા.૦૩-૧૦-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૧૩
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૩ સૂર્યાસ્ત : ૦૬:૨૬

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૮.૦ | વડોદરા | ૩૬.૮ |
| અમદાવાદ | ૩૭.૭ | સુરત | ૩૫.૨ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૨.૪ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# જન ભાગીદારી વગર સ્વચ્છતાનું સ્વપ્ન પૂર્ણ નહીં થાય

## વિચાર વૈભવ...

### ઑફિસાસુર

આપણી ઑફિસોમાં ધીમું અને જર્જરિત હિંદુસ્તાન કામ ન હોય તો ય હાંફયા કરે છે. કામની લઢણ જેવી કે જો દસ કલાક મળી શકે તો એક કલાકનું કામ દસ કલાકે પૂરું થાય. બ્રિટનના જાણીતા ઈતિહાસકાર સી.પાર્કિન્સને જગતને જણાવ્યું કે, 'જે સમય મળે એને પૂરવા માટે કામનો વિસ્તાર થતો હોય છે.' સિદ્ધાંત આપ્યા પછી પાર્કિન્સન બેસી ન રહ્યા. એમણે બીજા સિદ્ધાંતમાં કહ્યું, 'આવકને પહોંચી વળવા માટે ખર્ચ વધતો રહે છે.' દરેક ઘરની આ રામકહાણી છે એવું આપણે કયાં નથી જાણતા! પાર્કિન્સન તો કહે છે કે કોઈ એક કામ માટે વપરાતા પૈસા અને એ માટેના સમય વચ્ચે વ્યસ્ત પ્રમાણે હોય છે.

વાત અહીં અટકતી નથી. 'માણસની નિષ્ફળતાઓ દ્વારા સર્જાયેલા અવકાશને ભરવા માટે કાર્યનો વિસ્તાર થતો રહે છે.' પાર્કિન્સનનું આ વિધાન વાંચીને આપણે હેરાન ન થઈએ તો જ નવાઈ.

પણ ખરી હેરાનગતિ તો હવે આવે છે. નિષ્ફળતાઓને કારણે ઊભા થતા અવકાશને ભરવા માટે જે કાર્ય સતત ચાલ્યા કરે તે કાર્યનું નામ શું? જવાબ છાતી બેસાડી દે તેવો છે. એવા કાર્યને 'યુદ્ધ' કહે છે.

- ગુણવંત શાહ

## સ્વચ્છ ભારત મિશન પ્રસંગે મોદીનું સંબોધન : ૧૦૦૦ મહાત્મા ગાંધી અને એક લાખ મોદી આવી જાય તો પણ સ્વપ્ન પુરુ ન થાય : સામાજિક ભાગીદારી જરૂરી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં સ્વચ્છ ભારત મિશનની ત્રીજી વર્ષગાંઠના પ્રસંગે પોતાના સંબોધનમાં સ્વચ્છતાના મુદ્દા ઉપર વાત કરી હતી. સ્વચ્છતા અભિયાનમાં ત્રણ વર્ષના પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, સમાજની ભાગીદારી વગર સ્વચ્છતા અભિયાન ક્યારે પણ પરિપૂર્ણ થઈ શકે તેમ નથી. એક હજાર મહાત્મા ગાંધી અને એક લાખ નરેન્દ્ર મોદી આવી જાય તો પણ આ સપનાને પૂર્ણ કરી શકાય તેમ નથી પરંતુ સમાજની ભાગીદારીની સાથે આ સપનાને વહેલી તકે પરિપૂર્ણ કરી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે, સ્વચ્છતા અભિયાન હવે સરકારના અથવા તો મહાત્મા ગાંધીના આંદોલન તરીકે નથી. દેશના સામાન્ય નાગરિકો પણ સ્વચ્છતા આંદોલન સાથે જોડાઈ રહ્યા છે. મોદીએ દેશના લોકોને આ અભિયાન સાથે જોડાઈ જવાની અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તમામ મુખ્યમંત્રીઓ મળી જશે તો સ્વચ્છતાનું સ્વપ્ન પુર્ણ થશે નહીં પરંતુ જો સવા સો કરોડ દેશવાસી એક સાથે આવી જાય તો ટૂંકા ગાળામાં જ સ્વચ્છતાના સ્વપ્નને પરિપૂર્ણ કરી શકાય છે. મોદીએ પોતાના અંદાજમાં કહ્યું હતું કે, દેશવાસીઓની સામે આ બાબત મુકવાની ખુબ જરૂરી છે. વિરોધીઓ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદીને ગાળો આપવા માટે ઘણા વિષય છે પંરતુ સમાજને જાગૃત કરવાના કાર્યક્રમ ઉપર કોઈ રાજનીતિ થવી જોઈએ નહીં. વિપક્ષી દળોને અપીલ કરતા મોદીએ કહ્યું હતું કે, સમાજમાં ફેરફાર લાવવા વાળા વિષયને મજાક તરીકે ન લેવાની જરૂર છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ટિકા ટિપ્પણી છતાં સરકાર સ્વચ્છતા અભિયાનને આગળ વધારી રહી છે અને આગળ પણ જારી રાખશે. ત્રણ વર્ષ સુધી અમે આ કામમાં લાગેલા છે. કારણ કે અમને લાગે છે કે, મહાત્મા ગાંધીએ અમને જે રસ્તો બતાવ્યો છે તે રસ્તો ખોટો હોઈ શકે નહીં. ઘણા પડકારો છે પરંતુ પડકારોને પાર પાડીને અમે આગળ વધીશું. દેશને ગંદગીમાં મુકી દેવા માટે અમે તૈયાર નથી. દરેક ચીજોમાં સુધારા સાથે આગળ વધી રહ્યા છે. અમે માત્ર પ્રશંસા મળે તેવા કામ કરી રહ્યા નથી. સાહસ સાથે નિર્ણય લઈ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, સ્વચ્છતા અભિયાન હવે દેશના સામાન્ય લોકોના અભિયાન તરીકે છે.

## રાહુલે ખાનગી મીટીંગમાં ગુજરાતના ભાવી સીએમનું નામ નક્કી કર્યાની ચર્ચા

### ખોડલધામના નરેશ પટેલ કોંગ્રેસમાંથી મુખ્યમંત્રી બને તેવી શકયતા

અમદાવાદ

ગુજરાતમાં પાટીદાર ફેકટરને મહત્વ આપવાનો અણસાર રાહુલ ગાંધી પોતાની યાત્રા દરમિયાન આપી ચૂક્યા છે. તેમની ખોડલધામની યાત્રા અને ખોડલધામના નરેશ પટેલ સાથેની મુલાકાતે હાલ ચકચાર જગાવી છે. ગુજરાતના આગામી મુખ્યમંત્રી તરીકે નરેશ પટેલને કોંગ્રેસ તરફથી પ્રોજેક્ટ કરવામાં આવશે, તેવી વાતો વહેતી થઈ છે. નરેશ પટેલ તેમની આર્થિક સમૃધ્ધિ અને વ્યહવાર કુશળતા માટે પણ જાણીતા છે. હાલના સંજોગોમાં સામાજિક -રાજકીય ક્ષેત્રે સ્વચ્છ છબી ધરાવતા નરેશ પટેલને કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવામાં આવે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. નરેશ પટેલે ખોડલધામથી રાજીનામુ આપ્યું



ત્યારથી તેમનું કોંગ્રેસમાં જવાનું નક્કી હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની સૌરાષ્ટ્ર યાત્રાને ભારે સફળ ગણવામાં આવી રહી છે. રાહુલે રાજકોટમાં પટેલ આગેવાનો સાથે કરેલી ખાનગી બેઠકને પરિણામે, તે પણ ખેલાડી રાજકારણી હોય તેવી તેમની છાપ ઉભી થતાં ભાજપ હવે હવાતિયા મારતી થઈ ગઈ છે.

રાહુલ ગાંધીએ આ ખાનગી બેઠકમાં ગુજરાતનો ભાવિ નાથ નક્કી કરી લીધાની વાતે વેગ પકડતાં, હવે ભાજપના પેટમાં તેલ રેડાયું છે. સાવ સરળ ગણાતી ગુજરાતની ચૂંટણી હવે ભાજપ માટે કઠિન બની રહી છે. ભાજપે પણ અત્યારસુધી શંકરસિંહ વાઘેલાને જોરે કોંગ્રેસ સાથે રમવાના કારસ્તાન કર્યા, પણ હવે તે શક્ય નથી. શંકરસિંહ પોતાની જાળમાં પોતે જ ફસાતા, તેમની રાજકીય કારકિર્દિ લગભગ અસ્ત જેવી જ થઈ ગઈ છે. આવા સંજોગોમાં ભાજપને નવેસરથી ચૂંટણી ગણિત માંડવાનો વારો આવ્યો છે. શંકરસિંહ વાઘેલા દ્વારા યોજાયેલા રાવણ દહનમાં કોઈ ન ફરકતાં ભાજપનો તેમના પર મદાર રાખવો ભારે પડી રહ્યો છે.

દરમિયાન રાજકોટમાં કોંગ્રેસે ભાવિ મુખ્યમંત્રી તરીકે પાટીદાર ચહેરાને નક્કી

અનુસંધાન પાના નં.૬

## ડીસાની અમી સોસાયટીમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

### ૨૦ તોલા સોનાના દાગીના-રોકડ ની ચોરી

ડીસા

ડીસા શહેરના લોકોની માલમત્તા સુરક્ષિત નથી તે એકવાર ફરી સાબિત થયું છે.ડીસા શહેરની અમી સોસાયટીના એક મકાનને તસ્કરોએ નિશાન બનાવીને મકાનમાંથી ૧૫૦૦૦ રૂપિયાની રોકડ અને ૨૦ તોલા ઉપરાંતના સોનાના દાગીનાની ચોરી કરી ગયા છે.મકાન માલિક વતનમાં હવન માટે ગયા અને તસ્કરોએ ઘર સાફ કર્યું હતું.

ચોરીની વિગત એવી છે કે, ડીસા શહેરના કાંટ રોડ પર આવેલી અમી સોસાયટીમાં



ભરત સુંદેશા

રહેતા શક્તીદાન માલવજી ભાઈ ગઢવી( કવિરાજ) નવરાત્રી પ્રસંગે તેમના વતન મહેસાણા જીલ્લામાં માતાજીના હવનમાં હાજરી આપવા પરિવાર સાથે ગયા હતા.તેઓએ તેમના નિવા સસ્થાન પર જ માતાજીના મંદિરમાં અખંડ દીવો પ્રગટાવીને દીવાને પ્રજવલ્લિત કરવા માટે અને ધ્યાન રાખવા માટે તેમના પાડોશીને જવાબદારી સોંપીને ગયા હતા.

તે દરમ્યાન રવિવારે રાત્રીના સમયે તેમના મકાનની બાજુમાં આવેલા ખુલ્લા ખેતરમાંથી તસ્કરોએ આવીને ઘરના દરવાજાોનો નકુચો તોડીને ઘરમાં પ્રવેશ કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

## પાકિસ્તાન નહીં સુધરે, ભીષણ ગોળીબારમાં ત્રણ ભારતીયોના મોત

પુચ

પાકિસ્તાની સેનાએ ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશરેખા ઉપર ભીષણ ગોળીબાર કર્યો છે. જેના લીધે બે માસૂમ બાળક સહિત ત્રણના મોત થયા છે અને અન્ય આઠ નાગરિકો ઘાયલ થયા છે. માર્યા ગયેલાઓમાં ૧૦ વર્ષિય બાળક અને ૧૫ વર્ષીય બાળકીનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા તમામ લોકોને પૂંચના દિગવાર સેક્ટરમાં જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા આ ગોળીબારમાં એક આર્મી વાહનને પણ નુકસાન થયું છે.

બેકારીથી કંટાળી પગલુ ભર્યું...

## ધાનેરામાં ટ્રેન હેઠળ પડતુ મુકી યુવાનનો આપઘાત

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા રેલ્વે સ્ટેશનથી ચાર કિ.મી.દુર આવેલા ગોગા મહારાજના મંદિર નજીક બેકારીથી કંટાળેલા રાજસ્થાનના યુવકે ટ્રેન હેઠળ પડતુ મુકી જીવન દોરી ટુંકાવી દીધી હતી. મળતી વિગતો મુજબ રાજસ્થાનના મારવાડા (તા.રાણીવાડા) ગામના જોઈતાભાઈ રત્નાભાઈ રબારીને પરિવારમાં ૩ ત્રણ પુત્ર અને ૨ પુત્રી છે. જે તમામના લગ્ન થઈ ગયેલ પરંતુ ચોથા નંબરના ગણેશભાઈ રબારી (ઉ.વ.૨૩) ના પણ લગ્ન થઈ ગયા હતા પણ તેને ધંધો-રોજગાર મળતો ન હતો તેથી આર્થિક સ્થિતિ ખરાબ હોઈ તે સતત ટેન્શનમાં રહેતો હતો. જેથી કંટાળીને તેણે ધાનેરા રેલ્વે સ્ટેશનથી ચાર કિ.મી દુર આવેલા ગોગા મહારાજના મંદિર નજીક ગત રાત્રે ૩:૩૦ કલાકે પસાર થયેલી ટ્રેન હેઠળ પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. જેની જાણ થતા રેલ્વે પોલીસ દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. યુવાનના અકાળે મોતથી ખાસ કરીને રબારી સમાજમાં શોકની લાગણી છવાઈ છે.

## ભીલડી નજીક ટ્રેઈલરની ટક્કરથી બાઈક સવાર ૩ના મોત






કંચનજી ઠાકોર

### પતિ-પત્નિ અને કાકીના અકાળે મોતથી અરેટારી

પ્રતિ. ભીલડી

ભીલડીની શક્તિ પેલેસ હોટલ પાસે સોતમલા લોકાચાર જઈ પરત ખોડા(તા.કાંકરેજ) જઈ રહેલા વાલ્મિકી પરિવારના બાઈક ઉપર ટ્રેઈલરનું પાછળનું ટાયર ફરી વળતાં સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બે મહિલા સહિત ત્રણના કરૂણ મોત નિપજ્યાં હતા. તેથી પંથકમાં અરેટારી છવાઈ હતી.

કાંકરેજ તાલુકાના ખોડા ગામે ખેત મજુરી કરી ગુજરાન ચલાવતા વાલ્મિકી જોરાભાઈ મફાભાઈ તેમની પત્નિ લાખુબેન અને કાકી મેનાબેન વધાભાઈ વાલ્મિકી સાથે ગઈકાલે બાઈક (નં.જી.જે. ૦૮-બીડી. ૨૨૨૭) લઈને સોતમલા લોકાચારે આવ્યા હતા. જ્યાં લોકચાર પતાવી તેઓ બાઈક ઉપર પરત ખોડા ગામ તરફ જઈ રહ્યાં હતા. ત્યારે ભીલડીની શક્તિ પેલેસ હોટલ નજીક બેફામ ઝડપે દોડતા ટ્રેઈલર (નં.આર. જે.૧. એચજીજી ૪૯૮૯) ના ચાલકે ગફલત ભર્યું ડ્રાઈવિંગ કરતા ટ્રેઈલરનું પાછળનું ટાયર બાઈક ઉપર ફરી વળ્યું હતું. તેથી ત્રણેયના ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

### ચાર સંતાનો નિરાધાર

ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા જોરાભાઈ વાલ્મિકી અને તેમના પત્નિનું માર્ગ અકસ્માતમાં અકાળે નિધન થયું હતું. જેથી તેમના બે દિકરા અને બે દિકરીઓએ એક ઝાટકે માતા-પિતાનું શિરછત્ર ગુમાવી નિરાધાર બની ગયા હતા.

### ફરાર ચાલક પકડાયો

અકસ્માત બાદ ટ્રેઈલર ચાલક ટ્રેઈલર લઈને નાસી છુટ્યો હતો. પરંતુ ઉમટી પડેલા લોકોએ આ બાબતની પોલીસને જાણ કરી દીધી હતી. તેથી ભીલડી પોલીસે ફિલ્મી ઢબે તેનો પીછો કરી તેને મુડેઠા ટોલનાકેથી દબોચી લીધો હતો. તેની વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ ઈન્ચાર્જ પી.એસ.આઈ. કે.એસ.ગોધે ચલાવે છે.

## નાની ભાખર ગામે ખેતરમાંથી બનાવટી ઘીની ફેકટરી ઝડપાઈ





ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા માં બનાવટી ઘી બનાવવાની ફેકટરી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવી છે નામાંકિત કંપની ના નામે બનાવટી ઘી ની ફેકટરી સાથે ઘી બનાવવાનો મુદ્દામાલ પણ ઝડપી પાડ્યો છે.પોલીસ એક આરોપીને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

હાલ તહેવારો ની ચાલુ થયા છે ત્યારે બનાવટી ચીજવસ્તુઓ માં પણ દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે.ખાસ કરી ને બનાસકાંઠા એ બનાવટી ચીજવસ્તુઓ બનાવવા માં માહિર છે.ખાસ કરીને ઘી બનાવવાની ફેકટરીઓ બનાસકાંઠા માં વધુ છે ત્યારે આજે બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ બાતમી ના આધારે દાંતીવાડા તાલુકા ના નાની ભાખર ગામે એક ખેતર માં નાની ઓરડી માં રેડ કરી હતી.જોકે રેડ દરમ્યાન ઓરડીમાં એક માણસ ઘી બનાવી રહ્યો હતો જેને પોલીસ એ ઝડપી પાડ્યો હતો.અને ઓરડી માં તપાસ કરતા સાગર અને અમુક ઘી ના પાઉચ બનાવેલા તૈયાર મળી આવ્યા હતા.તદઉપરાંત વનસ્પતિ તેલ,અમુલ અને સાગર ના વેપર,ઘી પેકીંગ માટે ના ખાલી ખોખા અને ઘી ના પેકીંગ માટેનું મશીન મળી આવ્યું હતું.પોલીસ ખુદ ફેકટરી જોઈને અચંબા માં પડી જવા પામી હતી.લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તમામ મુદ્દામાલ કબ્જે કરી એક આરોપી ની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે..

આ બાબતે જે.એચ.સિંધવ..પી.આઈ..એલ.સી.બી.બનાસકાંઠા એ જણાવ્યું હતું કે જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર સાહેબ ના આદેશ થી અને બાતમી ના આધારે આ રેડ પાડી છે જે રેડ નું સ્થળ છે ત્યાંથી અમુક અને સાગર ઘી ના પાઉચ,વેપર અને ઘી બનાવવાની સામગ્રી અને પેકીંગ કરવાનું મશીન કબ્જે કર્યું છે અને ઘી બનાવતા એક ઈસમ ની અટકાયત કરી છે અને વધુ તપાસ ચાલુ છે..

બનાવટી ઘી જે બનાવી રહ્યો હતો અને પોલીસ દ્વારા જે અટક કરવામાં આવી રહ્યો છે તે અરજણ માળી જે નોકર છે પરંતુ જે મુખ્ય ફેકટરી નો માલિક પણ દોડી આવી પોલીસ સામે જ ફરી રહ્યો હતો પરંતુ પોલીસ દ્વારા જે આરોપી ની અટક ન કરતા પોલીસ સામે પણ શંકા ઉભી થવા પામી હતી.જોકે હાલ પોલીસ ફેકટરી માં હાજર ઈસમ ની પૂછપરછ કરી રહી છે.અને લાખો નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.પણ જે ઘી નો.કિંગ મેકર ગણાય છે તે પોલીસ સામે બિન્દાસ્ત આંટાફેરા મારી રહ્યો હતો જે કિંગ મેકર ને જાણે કશુજ થયું ના હોય અને પોલીસ ને પણ ખીસ્સા માં રાખતો હોય તેવો રોફ જમાવતો નજરે પડ્યો હતો.

## સૂર્યોદય - ૬.૩૩ સૂર્યાસ્ત - ૬.૨૬

## તિથિદર્શન

આસો સુદ-૧૩ મંગળવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૭ ગુ. | ૬ સુ.લ. | ૫ મં.લુ. શુ. |
| શ.૮ | | ૪ રા. |
| ૯ | | ૩ |
| ૧૦ કે. | ૧૨ | ૨ |
| ૧૧ ચં. | | ૧ |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :તેરસ મંગળવાર નક્ષત્રઃ શતતારા રાત્રે ૯.૫૨ પછી પૂર્વ ભાદ્રપદ યોગ :શુલ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સાગ્નયો અપિ ક્લિ શીતલ શીલા, વિશ્રુતા અપિ બહુશ્રુત વન્ત : પંડિતા અપિ જડાઃ પરવાદે શ્રોત્રિયા ઈહ સદા નિવસન્તિ**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણમાં ‘સામાન્ય રાજપ્રશંસા’ અંતર્ગત રાજાની રાજસભા કેવી છે/ હોય તેનું વર્ણન છે:-

‘હે રાજા! (મા- મુખ્યપ્રધાનશ્રી!) તારી સભામાં બહુશ્રુત અને વિદ્વાન - ભણેલા તથા બુદ્ધિમાન વિધાનસભ્યો સદાય પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે. જે શ્રોત્રિય અગ્નિને ધારણ કરે છે અર્થાત્ અગ્નિહોત્રી છે. (સદાય ધર્મનું આચરણ કરનારા છે.) અગ્નિહોત્રી હોવા છતાં તેમનાં મન - સ્વભાવ તો શીતળ જ છે. કોઈની નિંદા કે ખરાબ વાત સાંભળવામાં બહેરા છે. પણ જ્ઞાન- ધર્મ અને વિજ્ઞાનની વાતો સાંભળવા બહુશ્રુત છે. પોતે વિદ્વાન- પંડિત અને જાણકાર છે. છતાં કોઈની સાથે વાદ- વિવાદમાં ઊતરતા નથી. તેથી અતિનમ્ર અને શાંત હોવાથી ‘જડ જેવા દેખાય છે.’ આવી વિધાનસભા સાથે આજની રાજસભા/ લોકસભા/ વિધાનસભાઓનું વાસ્તવિક ચિત્ર જોઈએ. સભા શરૂ થવાની હોય તેના આગલા દિવસે વર્તમાનપત્રો આગાહી કરે, ‘સત્ર તોફાની’ હશે. અધ્યક્ષ આગલે દિવસે ‘જમાડી’ વિનંતી કરે કે સખણા રે’ જો, શાંતિથી ચાલવા દેજો, છતાં ગાળાગાળી, મારામારી, ખુરશી- માઈક ઊછળે, કોઈનું કંઈ સંભળાય નહીં એવું અશિસ્ત અને ‘મુલતવી’ના વારંવાર ઈન્ટરવલ- ‘બ્રેક’! આ આપણા વિદ્વાનો...

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) યશ, કીર્તિ પ્રાપ્ત થાય. પ્રિયજનથી મદદ મળે..**
**વૃષભ : (બ.વ.ઉ.)જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**
**મિથુન :(ક.છ.ઘ.) કાર્યબોજમાં વધારો થાય. આર્થિક લાભની તક સાંપડે.**
**કર્ક : (ડ.હ.) મનોકામના પૂર્ણ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય. ગૃહવિવાદ.**
**કન્યા : (પ.ઠ.ણ.) વિરોધીઓને પીછે હટ કરવી પડે.જૂના મિત્રોની મદદ મળે.**
**તુલા : (ર.ત.) મિલન-મુલાકાત નિષ્ફળ નિવડે. મન વ્યગ્ર રહે.**
**વૃશ્ચિક :(ન.ય.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.**
**ધન : (ભ.ફ.ધ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વિલંબ બાદ કાર્યમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં બેચેની રહે. લાલચથી દૂર રહેવું હિતાવહ.**
**મીન : (દ.ચ.જ.થ.) આકસ્મીક ધન લાભ થવાની શક્યતા. ધીરજના ફળ મીઠા મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિ, ચિત્રકાર, શિલ્પી, લેખક અને મુદ્રક આવી બહુમુખી પ્રતિભા ધરાવનાર વિલિયમ મોરિસની પુણ્યતિથિ છે. જન્મ ૨૪-૩-૧૮૩૪.

૧૯ મી સદીના આ મહાન કવિએ ‘ ધી લાઈફ એન્ડ ડેથ ઓફ જિસસ’, ‘ધી અર્થીલી પેરેડાઈઝ’ અને ‘લવ ઈઝ ઈનફ’ જેવી અદ્‌ભૂત કૃતિઓનું સર્જન કર્યું હતું. લંડનની આર્ટ ગલેરીમાંનું તેમનું કવીન ગુનીવીયર ચિત્ર તો સદીઓ સુધી કલાની ઉત્તમ કૃતિ બની રહેશે. મૃત્યુ ૩-૧૦-૧૮૯૬.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૭૦૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૨૯.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૭૯૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૭૬૦ પોઈન્ટના પ્રથમ અને ૯૭૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૮૧૮ પોઈન્ટ થી ૯૮૪૦ પોઈન્ટ, ૯૮૭૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) હિરો મોટો કોર્પ (૩૭૯૭) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૭૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૭૧૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૮૩૮ થી રૂ.૩૮૭૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૮૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ACC લિમિટેડ (૧૬૬૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૪૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૨૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૮૮ થી રૂ.૧૭૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા - મહેન્દ્રા (૧૨૬૦) :- રૂ.૧૨૪૭ પ્રથમ તેમજ રૂ.૧૨૩૩ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૯૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ઓરબિંદો ફાર્મા (૬૯૬) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૧૧ થી રૂ.૭૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૫૯૦) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૭૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાઈનાન્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૦૪ થી રૂ.૬૧૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૭૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૭૭ થી રૂ.૧૭૬૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૧૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) એશિયન પેઈન્ટ્સ (૧૧૩૩) :- રૂ.૧૧૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૫૫ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૧૧ થી રૂ.૧૧૦૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૬૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) કોટક બેન્ક (૧૦૦૪) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૨૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૯૦ થી રૂ.૯૭૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ગ્લેનમાર્ક ફાર્મા (૬૦૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૬ થી રૂ.૫૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૨૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) સિપ્લા લિમિટેડ (૫૮૭) :- રૂ.૬૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૭૧ થી રૂ.૫૬૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૧૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# થરાદની દેવ વિધાલયમાં ગાંધીજયંતીની અનોખી ઉજવણી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ભારત ને આઝાદી અપાવામાં જેની મહત્વની ભૂમિકા ભજવી હતી તેવા આપણા રાષ્ટ્રપિતા, સત્ય ના પૂજારી એવા મહાન પુરુષ ભારત રત્ન એવોર્ડ જેની આગળ ઝાંખો પડે છે એવા મોહનદાસ કરમચંદ ગાંધી ના જન્મદિવસની શુભકામનાઓ.

આજ રોજ દેવ વિદ્યા મંદિર થરાદ દ્વારા રજા ના દિવસે પણ સ્કૂલ ચાલુ રાખી બાળકો આજ ના દિવસ નું મહત્વ સમજે ગાંધીજી ના જીવન ને સમજે તે ઉદેશ્ય થી શાળા ના સંચાલક દેવાભાઇ પટેલ સાહેબ ના અધ્યક્ષ સ્થાને આજે શાળા માં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી આવી હતી. સૌ પ્રથમ બાળકો દ્વારા પ્રાર્થના કરવા મા આવી હતી. ત્યારબાદ શાળા ના આચાર્ય શ્રી ભરતભાઇ પુરોહિત દ્વારા આજ ના દિવસ નું મહત્વ બાળકો ને સમજાવ્યું હતું. ગાંધીજી ના જીવન પ્રસંગો ની ઝાંખી કરાવી હતી.

શાળા ના પ્રમુખ સાહેબે પોતાના શબ્દો દ્વારા ગાંધીજી ને અંજલિ આપી હતી. ગાંધીજી ના જીવન ના સૂત્રો સ્વચ્છતા, સાદગી, સાચુ બોલવું, વગેરે બાળકો ને જીવન માં ઉતારવા કહ્યું હતું. સાથોસાથ આજે ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ જે સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે તેમના કાર્યે મા સહભાગી થઈ દેશ ભકિત જાગૃત કરવાની વાત કરી હતી. સાથોસાથ દરેક બાળક ને સ્વચ્છતા ના સપથ ગ્રહણ કરાવ્યા હતા.

આજે ગાંધી જયંતી નિમિત્તે શાળા ના બાળકો દ્વારા વક્તવ્ય સ્પર્ધા તેમજ ગીત સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ બાળકો દ્વારા ગાંધીજી, સરદાર પટેલ, નરેન્દ્ર મોદી ના પ્રાત્ર ભજવી કાર્યેક્રમ ને વધુ રોનક આપી હતી.તેમજ શાળાની આજુબાજુ ના વિસ્તારો, સોસાયટી, તેમજ રસ્તાઓ ની સફાઈ કરી ઉમદા કાર્ય માં તમામ સહભાગી થયા હતા. શાળા ના ગણિત વિજ્ઞાન ના શિક્ષક શ્રી દિનેશભાઈ એ સારૂ પ્રદર્શન કરનાર બાળકો ના નંબર આપી બાળકો ના ઉત્સાહ માં વધારો કર્યો હતો.

છેલ્લે શાળા ના ઉપાચાર્યે જયેશભાઈ પંડયા એ શાળાના સંચાલક સાહેબ, શાળા ના તમામ સ્ટાફ મિત્રો તેમજ બાળકો નો આભાર માન્યો હતો અને પરીક્ષા ની શુભેચ્છા પાઠવી હતી.

# ડીસાની રબારી સમાજની દીકરી ‘મહિલા ગૌરવ એવોર્ડ’થી સન્માનિત

### રાજકોટ ખાતે ભારતભરની ક્રાંતિકારી સિધ્ધિઓ ધરાવતી મહિલાઓનું સન્માન થયું


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા રબારી સમાજની પ્રથમ પીએચડીની પદવી ધારણ કરનાર ડૉ.અવનીબેન આલને મહિલા ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

રાજકોટ ખાતે ગત તારીખ ૨૯ મી સપ્ટેમ્બરના રોજ ગુજરાતના સહુથી મોટા મહિલા સન્માન કાર્યક્રમમાં સમગ્ર ભારતભરમાંથી ક્રાંતિકારી સિધ્ધિઓ ધરાવતી મહિલાઓની ઉપસ્થિતિમાં ડૉ.અવનીબેન આલને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ડીસામાં સિંચાઈ કોલોનીમાં ૧૯૯૨ થી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર રહી શાખા ચલાવતા તેમના પિતા ફતાભાઈ આલ દાંતીવાડા સિંચાઈ ખાતામાં નોકરી કરતા હતા. તેમના પુત્રી અવનીબેન શિક્ષણમાં હંમેશા અવ્વલ નંબરે આવતા હતા. ત્યારે આજે અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. ગતરોજ રાજકોટ કમિશ્નર અનુપસિંહ ગેલોતની હાજરીમાં ડૉ.અવનીબેન આલને મહિલા ગૌરવ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ડૉ.અવનીબેન આલ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હોઈ સંઘ દ્વારા તેમને બૌદ્ધિક વક્તાની પણ જવાબદારી અપાઈ છે. જેથી આગામી ૭ ઓક્ટોબરના રોજ સંઘના લીડર મોહન ભાગવતજી સાથે પણ બેઠકમાં હાજરી આપવાના છે.

# દીઓદર તાલુકા કોંગ્રેસ દ્વારા દીપકભાઈ બાબરીયાનું સન્માન


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર મધ્યે યોજાયેલ જનવેદના સંમેલનમાં આવેલ અખીલ ભારતીય કોંગ્રેસના જનરલ સેક્રેટરી દીપકભાઈ બાબરીયાનું સન્માન કરતા દીઓદર તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશના પ્રદેશ મહામંત્રી ભરતસિંહજી વાઘેલા, કોંગ્રેસના જિલ્લા ઉપપ્રમુખ અને એડવોકેટ બી.કે. જોષી,દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, દીઓદર માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા, દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન જે.ચૌધરી, દીઓદર તાલુકા કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ, જી.પં.પૂર્વ સદસ્ય હીરાભાઈ પી. રાજપૂત વિગેરે હાજર રહ્યા હતા.

# શ્રી બી.વી.પટેલ વિદ્યામંદિર સોનીમાં ગરબાની રમઝટ

સોની

ગત રોજ તા.૨૩-૯-૨૦૧૭ ના રોજ શાળામાં નવરાત્રિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સૌ પ્રથમ મા અંબાની આરતી ઉતારી તેમાં ગામનાં યુવાન તેમજ સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ પ્રસાદ લઈ ધન્ય થયા. ત્યાર બાદ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રો ગરબે ઘુમ્યા હતા. જેમાં સારું પ્રદર્શન કરવા બદલ વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવ્યા અને જયંતિભાઈ કે.ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક દિનેશકુમાર ડી.પટેલ તેમજ સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

# દીઓદરમાં મોહરમ નિમિત્તે તાજીયા ઝુલુસ નીકળ્યું


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ઈસ્લામ ધર્મના મહાન અને અંતિમ પયંગબરના દોહીત્ર હઝરત ઈમામ હુસેને ૧૪૦૦ વર્ષ પૂર્વે અસત્યની સામે પોતાનું માથું ઝુકાવી પોતાના ૭૨ સાથીઓ સાથે સત્ય માટે સહાદત વ્હોરી લેતા જેની યાદમાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવે છે.અને તાજીયા બનાવી ઝુલુસ કાઢે છે.જે અંતર્ગત દીઓદર ખાતે તા.૧-૧૦-૨૦૧૭ના રોજ મુસ્લીમ બિરાદરો દ્વારા ટેકરા ઉપર આવેલ મસ્જીદથી તાજીયા ઝુલુસ નીકાળવામાં આવેલ જે ઝુલુસ મેઈન બજાર થઈ પોલીસ સ્ટેશન સુધી પહોચેલ.જેમાં લોકોએ ઠેર-ઠેર તાજીયાના દર્શન કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.આ ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો જોડાયેલ.

# પાટણની કર્મભુમિ સોસાયટીમાં દશેરા નિમિત્તે નવચંડી યજ્ઞ યોજાયો



પાટણ

નવલી નવરાત્રિ રમઝટની પૂર્ણાહૂતિ જયારે દશેરાના દિવસે થાય છે ત્યારે માતાજીનો નવચંડી યજ્ઞ કરવામાં આવે છે છેલ્લા ૨૨ વર્ષથી કર્મભુમિ સોસાયટી ખાતે પરંપરાગત આ નવરાત્રિ મહોત્સવ દરમિયાન દશેરાના દિવસે યજ્ઞ કરવામાં આવે છે. ૨૨ મા વર્ષે નવચંડી યજ્ઞનું ખુબજ સુંદર આયોજન સોસાટીના રહીશો દ્વારા કરવામાં આવ્યુ હતું. આ નવચંડી યજ્ઞમાં બેસવાનો લાભ સોસાયટીના રહીશ અમરતભાઈ છગનભાઈ જોષી પરિવારે લીધો હતો. માતાજીના નવ દિવસ ગરબાની રોજ સોસાયટીમાં રમઝટ જામતી હતી. માતાજીની કૃપાથી સોસાયટીના રહીશોએ માતાજીની નવ દિવસ આરાધના -પૂજા કરી છેલ્લા દિવસે માતાજી પાલખી સવારીની સોસાટીમાં પરિક્રમા કરાવી માતાજીની આરતી-પૂજા કરવામાં આવી હતી.

# જુનાડીસામાં રક્તદાન કેમ્પ યોજાયો



જુનાડીસા

રક્તદાનથી મુરઝાયે જતી અનેક માનવ જિંદગીઓને નવજીવન મળી શકે તેથી રક્તદાન મહાન દાન ગણાય છે. જેને ધ્યાને લઈ જુનાડીસા ગામે મુસ્લીમ હેલ્પીંગ રેન્ડસ દ્વારા ગ્રામ પંચાયતના કોમ્યુનીટી હોલમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. ગાંધી લિંકન હોસ્પિટલ ડીસાના સહયોગથી યોજાયેલ કેમ્પને સરપંચ બબાભાઈ દેસાઈએ ખુલ્લો મુક્યો હતો. કેમ્પમાં અનેક યુવાનોએ રક્તદાન કર્યુ હતું. કેમ્પને સફળ બનાવવા અશફાક ઘોરી, અરમાન રાઠોડ, સલમાન સિંધી, મોહસીન ચાવડા, અયાઝ રાઠોડ, પ્રવિણ પરમાર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# થરાદમાં મહેશ્વરી સોસાયટીમાં રાવણ દહન


વિષ્ણુ દવે

થરાદમાં મહેશ્વરી સોસાયટી ખાતે નવરાત્રીના નવ દીવસ બાદ વિજયા દસમીની રાત્રે મહેશ્વરી સમાજની મહિલા દ્વારા માતાજી ને ૫૬ ભોગ અને ૧૦૮ દીવડા ઓની આરતી કરાઈ હતી.તેમજ અહંકારૂપી રાવણના ૨૦ ફુટના પૂતળાનું ભવ્ય આતશબાજી સાથે દહન કરી પર્વ વિજયા દશમીની શ્રધ્ધાભેર ઉજવણી કરાઈ હતી.

## થાણાશેરીમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી


વિષ્ણુ દવે

થરાદની થાણાશેરીમાં મહાલક્ષ્મી મંદીરે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં બાલિકાઓએ ટ્રેડીશનલ વેશભુષામાં સજીધજીને રાસગરબાની રમઝટ મચાવી હતી.થાણાશેરી પરિવાર દ્વારા માતાજીના પર્વની ભારે આનંદ અને ઉમંગપુર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# સામઢીમાં પશુ સારવાર કેમ્પ


ચંદુભાઈ મકવાણા

પ્રતિ. સામઢી

પાલનપુર તાલુકાના સામઢી ગામે પશુ સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં પશુ ચિકિત્સાધિકારી ડો.ગજાભાઈ પટેલ અને ડો.અંજલિરાઠોડ, પશુધન નિરિક્ષક હેમંતભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ અને રમેશભાઈ પટેલે હાજર રહી પશુઓની સારવાર કરી હતી. કેમ્પનો મોટી સંખ્યામાં પશુપાલકોએ લાભ લીધો હતો.

# દીઓદર તાલુકાના સુરાણા ગામે એકાદશીની ઉજવણી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સુરાણા ગામે જોષી ખેતારામભાઈ ત્રિભોવનભાઈ પરિવાર દ્વારા બ્રહ્માણી માતાજી તેમજ ક્ષેત્રપાળ દાદાની પૂર્ણ પ્રેરણાથી એકાદશી ઉજમણાનું આયોજન તા.૩૦-૯-૨૦૧૭ને શનિવારથી તા.૨-૧૦-૨૦૧૭ સુધી યોજાયેલ.જેમાં શનિવારના રોજ યજ્ઞ યોજાયેલ. યજ્ઞના આચાર્ય પદે શાસ્ત્રી અનીલકુમાર ઉપસ્થિત રહેલ. તેમજ રવિવારના રોજ એકાદશી પૂજન તેમજ રાત્રે સત્ય નારાયણ ભગવાનની કથા યોજાયેલ. તા.૨-૧૦-૨૦૧૭ને સોમવારના રોજ ગામ જમણ યોજાયેલ તેમાં મોટી સંખ્યામાં ગામ લોકો,સગાં સ્નેહીજનો, શિક્ષક મિત્રો ઉપસ્થિત રહેલ.આ પ્રસંગે ખેતારામભાઈ જોષી, રમેશભાઈ જોષી તેમજ વિજયભાઈજોષીએ પધારેલ સૌ મહેમાનોને આવકારેલ. આ પ્રસંગે રાજકીય તેમજ સામાજીક લોકો ઉપસ્થિત રહેલ.

## અમદાવાદના શ્રી જૈન વિસા ઓસવાલ કલબ ખાતે ૨૯ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોબર સુધી પ્રદર્શન



અમદાવાદ

અમદાવાદમાં અનોખા પ્રકારના ૬ દિવસીય સિલ્ક પ્રદર્શનની શરૂઆત થઈ છે.આ પ્રદર્શનમાં દેશના વિવિધરાજ્યોના ૧૦૦ થી વધારે વણકરો સિલ્કના વિવિધ વસ્ત્રોનું પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શનમાં આવેલા કેટલાક વણકરો પોતાનીકળા માટે રાષ્ટ્રીય સ્તરના પુરસ્કાર પ્રાપ્ત કરી ચૂક્યા છે.પ્રદર્શનના આયોજક સાજિદ અલી અને વિવેક રાજાને જણાવ્યું કે, સંસ્થા વણકરોને પોતાની કલાના પ્રદર્શન માટે પ્લેટફોર્મ પુરૂ ઉપલબ્ધ કરાવે છે, જે છેલ્લા કેટલાક દાયકાઓથી સિલ્ક કલાને જીવંત રાખે છે. આ પ્રયાસ અંતર્ગત સંસ્થા દ્વારા શ્રી જૈન વિસા ઓસવાલ કલ્બ, શ્રેયસ ટેકરા, શ્રેયસ ફાઉન્ડેશનની બાજુમાં, મહિલા સોસાયટની સામે, આંબાવાડી, અમદાવાદ ખાતે ૨૯ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોબર સુધી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં સિલ્ક પ્રદર્શનમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલ સિલ્કને પણ પ્રદર્શિત કરવામાં આવી રહ્યું છે. પ્રદર્શનમાં કલાપ્રેમી વિવિધ પ્રકારની ૨૦૦ વેરાયટી એકીસાથે નહાળી શકશે.

પ્રદર્શનમાં પ્રશ્ચિમ બંગાળથી આવેલા શાંતનુંએ વિષ્ણુપુરી સિલ્ક અને ખાદી સિલ્ક પર જંગલમાં કુલાંચ મારતા હરણ, આકાશમાંમુક્તપણે ઉડતા પક્ષીઓને દર્શાવ્યા છે. જ્યારે વણકર શુભાશીષ આરી સ્ટીચ વર્કની સાડીઓ લાવ્યા છે. તેને બનાવવામાં સૌપ્રથમ સિલ્ક પર પેઈન્ટીગ કરવામાં આવે છે ત્યારબાદ પેઈન્ટિંગ પર દોરા વડે વણાટકામ કરવામાં આવે છે. એક સાડીનેબનાવવામાં ત્રણ મહિના જેટલો સમય લાગે છે. આરી સ્ટીચના વર્કથી તેમણે કોલકત્તાના ગ્રામ્ય જીવનને દર્શાવ્યું છે. કાશ્મીરથીઆવેલા શૌકત શિફાન અને ચિનાનની સાડીઓ પર બ્લાક પ્રિન્ટિંગ કરી લાવ્યા છે. ચિનાન સમગ્ર દુનિયામાં માત્ર કાશ્મીરમાં જથાય છે. તેમની પાસે ક્રેપની વર્કવાળી સાડીઓનો પણ સંગ્રહ છે. દોઢ વર્ષમાં બનનારી સાડીઓની કિંમત દોઢ લાખ સુધીની છે.પ્રદર્શનમાં જૂટ, લાકડાના પર્સ, ઝૂલા અને આકર્ષક બેગને પણ રાખવામાં આવ્યા છે. કલા પ્રેમીઓ સવારે ૧૦:૩૦ થી રાત્રે ૮:૩૦ કલાક સુધીદેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા વણકરોની વણાટ કલાને જોવા માટે આમંત્રણ પાઠવે છે.

# કાંકરેજ અનુ.જાતિ મોરચાનું સંમેલન યોજાયું


કિશોર પ્રજાપતિ

પ્રતિ. થરા

કાંકરેજ અનુજાતિ મોરચાને થરા શહેર અનુજાતિ મોરચાનું સંમેલન થરા માર્કેટયાર્ડ ખાતે યોજાયુ હતું. જેમાં સંમેલનમાં બનાસકાંઠા જિલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પરમારે જણાવેલ કે અગાઉ કોંગ્રેસની સરકારમાં દલિતોનો ફક્ત વોટબેંક પુરતોજ ઉપયોગ કર્યો છે. પરંતુ દલિત સમાજનો વિકાસ થયો જ નથી જ્યારે ભાજપ સરકારમાં દલિતોનો વિકાસ થયો છે.

માર્કેટયાર્ડના ચેરમેન અને આ સમારંભના દાતા અગરાભાઈ પટેલે દલિત સમાજ ભાજપની સાથે જ છે. આગામી બનાસકાંઠા જિલ્લા ભાજપના મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ ભાજપ શાસનમાં લોકો સુખીને સમૃધ્ધ થયા છે. ચારે બાજુ વિકાસ થયો છે. સુખદેવસિંહ સોઢા તેમજ પૃથ્વીરાજસિંહ વાઘેલા, મહેશભાઈ દવે પણ આ પ્રસંગે માર્ગદર્શન પુરું પાડ્યુ હતું. આ પ્રસંગે અનુજાતિ મહામંત્રી રમેશભાઈ જાખેસરા, ડાયાભાઈ પિલીયાતર, તા.ભા.પ્રમુખ, કિશોરભાઈ પ્રજાપતિ(મહામંત્રી તા.ભાજપ), પૃથ્વીરાજસિંહ વાઘેલા (મહામંત્રી), રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કનુભાઈ ઠક્કર, અનુસચિત જાતિ કાંકરેજના તા.પ્રમુખ હેમાભાઈ વાઘેલા, મહામંત્રી કરશનભાઈ પરમાર, નિરંજનભાઈ ઠક્કર, અચરતભાઈ ઠક્કર, ઝેણુભા વાઘેલા, ભાથીભા વાઘેલા, શક્તિસિંહ ઝાલા, બાવાભાઈ પરમાર, હર્ષદભાઈ ઠક્કર, અમરાભાઈ પરમાર, વિશાભાઈ, ધરમશીભાઈ, પ્રવિણભાઈ પરમાર, ધરમશીભાઈ ચાંગેવા, જેઠાજી જીવણભાઈ પરમાર, રત્નાભાઈ ચાંચાણી, સામંતસિંહ સવજીભાઈ, વિરચંદભાઈ, સામંતસિંહ બકોલા, જશવંતભાઈ રાવળ, વગેરે હાજર રહ્યા હતા. જ્યારે અણદાભાઈ પટેલનું પણ શાલ, ખેસ, ફુલહાર પહેરાવી અનુજાતિ મોરચા તેમજ કાંકરેજ ભાજપ દ્વારા સન્માન કરાયું હતું.

# પાલનપુરમાં "આપ" દ્વારા ચૂંટણી ના શ્રીગણેશ

**રેલી યોજી કાર્યકરો અમદાવાદના રોડ શોમાં જવા થયા રવાના**


સંજય જોષી

પાલનપુર

નરેન્દ્ર મોદીના દેશવ્યાપી જાદુઈ કરિશ્મા વચ્ચે પણ દિલ્હીની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવનાર આમ આદમી પાર્ટીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પણ બ્યુગલ ફૂંકી ચૂંટણીના શ્રી ગણેશ કર્યા હતા.

આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદ ખાતે આજે મહા રોડ શો યોજવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આજે પાલનપુર વિધાનસભા ક્ષેત્રના કાર્યકરો દ્વારા પાલનપુર ખાતે બાઈક સહિતની વાહન રેલી યોજવામાં આવી હતી. આપ અગ્રણી ભેમાભાઈ ચૌધરી, રવિ સોની અને રમેશભાઈ નાભાણીની આગેવાની તળે યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં આપના કાર્યકરો સહિત ટેકેદારો વાહનો સાથે જોડાયા હતા. જે રેલી શહેરના રાજમાર્ગો પર ફરી હતી. બાદમાં આ કાર્યકરો અમદાવાદ ખાતેના રોડ શો માં જોડાવવા રવાના થયા હતા.

## ભાભર ડીસ્ટ્રીક્ટ કેનાલના સમારકામમાં પણ ગેરરીતિ

# કોન્ટ્રાક્ટર અને ખેડુતોની સાંઠગાંઠથી સરકારી રુપિયાનો વેડફાટ

### તોબા પોકારી ઉઠેલા ખેડુતોની ભૂખ હડતાલ કરવાની ધમકી


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાની જીવાદોરી સમાન નર્મદા કેનાલોના બાંધકામમાં ભય વગરનો ભ્રષ્ટાચાર આચરાયો છે. તેથી કેનાલો વારંવાર તુટતા ખેડુતો હેરાન-પરેશાન થાય છે. તેમ છતાં સમારકામમાં પણ કોન્ટ્રાક્ટરો દ્વારા વેઠ વાળવામાં આવી રહી છે. જેના કારણે ૨૧ ગામોમાં ઉભો પાક બળી રહ્યો છે અને ખેડુતો આગામી શિયાળુ સિઝન ન લઈ શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. તેથી અકળાયેલા ખેડુતોએ ભૂખ હડતાલની ધમકી ઉચ્ચારી છે.

અનુસંધાન પાના નં.૬

**૨૧ ગામોમાં એરંડા અને કપાસ સુકાય છે**

ભાભર ડિસ્ટ્રીક્ટ કેનાલમાં ગાબડા પડતા અને છેલ્લા બે માસથી કેનાલ હજુ સુધી રીપેર ન થતાં ભાભર તાલુકાના મીઠા, જાસનવાડા, ખારા, બરવાળા, ભીમબોરડી, કારેલા, નેસડા, ભાભર નવા, ભાભર જુના, ખડોસણ, કપરૂપુર, હીરપુરા, કારેલા, નેસડા, ભાભર નવા, ભાભર જુના, ખડોસણ, કપરૂપુર, હીરપુરા, ગાંગુણ, વાવડી, માનપુરા, બેડા, સણવા, લાડુલા, મોતીસરી, કમાલપુરા, મલીપુરા વગેરે ગામોમાં આ કેનાલ મારફતે ખેતરો સુધી પાણી પહોંચતું હતું. બે માસથી કેનાલ તુટતા આ ગામોના ખેતરોમાં એરંડા, કપાસ જો દશ દિવસમાં પાણી ન અપાય તો બળી જવાનો ભય ઉભો થયો છે. તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે રીપેરીંગ કામ પૂર્ણ કરીને કેનાલમાં પાણી છોડાય તેવી ખેડુતોની માંગ છે.

**સમારકામ હલકુ અને તકલાદી**

કોંગ્રેસ અગ્રણી ડૉ.ગણેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે કેનાલ બાંધકામમાં મોટા ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. જેના કારણે કેનાલો વારંવાર તુટે છે. રીપેરીંગ કામમાં પણ વ્યાપક ગેરરીતિઓ થઈ રહી છે. તકલાદી કામના કારણે ભવિષ્યમાં તુટી જશે, કોન્ટ્રાક્ટર, અધિકારી અને નેતાઓની મીલીભગતથી કામ ખરાબ કરવામાં આવે છે. મોટી ટકાવારી લેવાતી હોવાથી કામો ખરાબ થાય છે. ભાભરની ડીસ્ટ્રીક્ટ કેનાલ રીપેર કામ તકલાદી અને ગોકળ ગતિએ થઈ રહ્યું છે. ૨૧ ગામોના ખેડુતો હેરાન થઈ રહ્યા છે. તેમ છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી તે એક શરમ જનક બાબત છે. દશ દિવસમાં કેનાલોમાં પાણી છોડવામાં નહી આવે તો અમો ખેડુતોના હિતમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશુ અને ખેડુતોને ન્યાય અપાવીશું.

ડૉ.ગણેશભાઈ પટેલ- કોંગ્રેસ અગ્રણી

# ગાંધી જયંતિ નિમિત્તે પાલનપુરમાં ભાજપી કાર્યકરો દ્વારા ખાદીની ખરીદી


સંજય જોષી

પાલનપુર

ભારતમાતાને ગુલામીની ઝંઝીરો માંથી મુક્ત કરાવનાર રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મ જયંતિની પાલનપુર ખાતે દબદબાભેર ઉજવણી કરાઈ હતી. જેમાં ભાજપના કાર્યકરો દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ખાદીની ખરીદી કરવામાં આવી હતી. ગાંધી જયંતિ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન પર ખાદી ની ખરીદી કરવાના કાર્યક્રમમાં પાલનપુર પાલિકાના પ્રમુખ નિલમ બેન જાની, બાંધકામ કમિટી ચેરમેન દશરથસિંહ સોલંકી, લાલજીભાઈ પ્રજાપતિ, ડૉ.સંજય દેસાઈ, જાગૃતિબેન મહેતા સહિત ના કાર્યકરો હાજર રહ્યા હતા.

# જાગૃતિ ટ્રસ્ટ બ.કાં. અને ડીસા શહેર કોંગ્રેસ દ્વારા ડીસા મુકામે ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે જાગૃતિ ટ્રસ્ટ બનાસકાંઠા, ડીસા દ્વારા મેનેજીંગ ટ્રસ્ટી અશ્વિનભાઈ દોલતભાઈ પરમારની રાહબર હેઠળ ગાંધી પ્રચાર-પ્રસાર યાત્રાનું આયોજન કરેલ. જેમાં જાગૃતિ ટ્રસ્ટ સંચાલિત સ્કૂલ અને છાત્રાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સ્ટાફ મિત્રો જોડાયા હતા. આ યાત્રા ગાંધીજી અમર રહોના નારા સાથે જાગૃતિ સંકુલથી નીકળી ગાંધીજીની પ્રતિમાએ પહોંચી હતી. ત્યાં અશ્વિનભાઈ પરમાર, જિલ્લા ડેલીગેટ સંજયભાઈ દેસાઈ, પોપટજી ઠાકોર, તાલુકા ડેલીગેટ મુકેશભાઈ સોલંકી, શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, જગદીશચંદ્ર મોદી વગેરે મહાનુભાવોએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અને ફુલહાર પહેરાવી શ્રધ્ધાંજલિ આપી હતી.

ત્યારબાદ ભારત દેશને ગુલામોની જંજીરોમાંથી છોડાવનાર ભારતને સ્વતંત્રતા અપાવનાર પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે જાગૃત્તિ ટ્રસ્ટ દ્વારા ડીસા મુકામે મહાત્મા ગાંધીજીની પ્રતિમા આગળ મહાનુભાવો અને બાળકો દ્વારા રામધૂન બોલાવી મહાત્મા ગાંધી અમર રહો ના નારા સાથે સમગ્ર વાતાવરણ ગાંધીમય બની ગયું હતું.

આ પ્રસંગે જાગૃતિ ટ્રસ્ટ બ.કાંઠા સંચાલિત જાગૃતિ કન્યા વિદ્યામંદિર અને જાગૃતિ પ્રાથમિક શાળા ડીસામાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના, વૈષ્ણવ જન ભજનનું ગાન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ બે મિનિટનું મૌન પાળીને મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર-બનાસ ડેરી ખાતેથી નશાબંધી સપ્તાહનો પ્રારંભ કરાવતાં કેન્દ્રીય મંત્રી

**વ્યસનો હંમેશા બરબાદી નોતરે છે ત્યારે કોઈપણ પ્રકારના વ્યસનોથી દૂર રહી સમૃધ્ધ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ. : હરીભાઈ ચૌધરી**



પાલનપુર

પાલનપુર મુકામે આવેલ બનાસ ડેરી ખાતેથી કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ નશાબંધી અને આબકારી કચેરી બનાસકાંઠા દ્વારા આયોજીત નશાબંધી સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે આજે પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે આપણે સૌ વ્યસનમુક્ત સમાજ બનાવવાનો સંકલ્પ લઈ બાપુને શ્રધ્ધાજંલિ અર્પણ કરીએ. તેમણે કહ્યું કે પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી તથા અનેક વીર સપુતોએ આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. મંત્રીએ કહ્યું કે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ તા.૯ મી ઓગષ્ટ-૧૯૪૨માં હિન્દ છોડો ચળવળની શરૂઆત કરાવી અંગ્રેજો ભારત છોડે તેવો સંકલ્પ લીધો હતો તેને અત્યારે ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારત જોડોનો સંકલ્પ આપી દેશ માટે કંઈક સંકલ્પ કરી દેશને શિક્ષિત,

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકા થરા શહેર કોંગ્રેસ લીગલ સેલના ચેરમેન તથા મહામંત્રીની સર્વાનુમતે વરણી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના આદેશથી તેમજ જિલ્લા પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ તથા કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, થરા પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોરની ભલામણથી કાંકરેજ તાલુકા અનુસુચિત જાતિ વિભાગમાં મુકેશકુમાર એમ.બુકોલીયા તથા થરા શહેર કોંગ્રેસ મહામંત્રી પદે બળવંતજી અનુપજી તેરવાડીયા(મિથુન)ની વરણી કરવામાં આવતાંજ કાંકરેજ તાલુકા થરા શહેર કોંગ્રેસના આગેવાનો કાર્યકરો દ્વારા આ નિમણુંકને આવકાર સાંપડી રહ્યો છે.

# જુનાડીસામાં બે કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

ડીસા

ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામે થયેલ બે કરોડ રૂપિયાના વિકાસ કામોનું દશેરાના પાવન દિવસે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

કોંગ્રેસનો ગઢ ગણાતા જુનાડીસા ગામે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ પ્રાથમિક સવલતો માટે ઉદાર હૈયે ગ્રાન્ટો ફાળવે છે. જેથી ગામના બિનહરીફ સરપંચ બબાભાઈ ઝવેરભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા વિકાસ કામોની વણઝાર સર્જાઈ છે. તાજેતરમાં હનુમાન મંદિર શેરી, મેવાડાવાસ અને મોદીવાસમાં ભુગર્ભ ગટર લાઈન અને સી.સી.રોડનું કામ, ઈસ્લામપુરા અને દરબારગઢમાં બે નવા પાણીના બોર, બિસ્મીલ્લા અને ઝમઝમ સોસાયટીમાં એક લાખ લિટરની પાણીની ટાંકી અને પાઈપ લાઈન, સુમંગલમ અને આદર્શ સોસાયટીમાં બે લાખ લિટરનો ભુગર્ભ પંપ અને પાઈપલાઈન, રબારીવાસ, સતરાશહીદની દરગાહ સામે પાંચ લાખ લિટરનો ભુગર્ભ સંપ તેમજ નવાપુરા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનું ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. ગામલોકોએ તેમની ગામ પ્રત્યેની મમતા અને દિલેરીને મુક્ત કંઠે બિરદાવી આગામી ચૂંટણીમાં તેમને જીતાડવાની ખાત્રી ઉચ્ચારી સન્માન કર્યુ હતું. ગામલોકોની લાગણી અને પ્રેમની અભિભુત થયેલા ગોવાભાઈ દેસાઈએ ગ્રામજનોની સુખાકારી વધે તે માટે હજુ પણ વધુ ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે પાલનપુર વાસ્મોના મેનેજરનું પણ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે પી.પી.ભરતીયા, પૂર્વ સરપંચ દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, ડેલીગેટ પોન્ટીંગભાઈ દરજી, નજીરભાઈ ધાસુરા, બબાભાઈ પટેલ, ઈશ્વરભાઈ પુનડીયા, મફાભાઈ છત્રાલિયા, રમેશભાઈ ભાટી, અરવિંદભાઈ મોદી, નાગજીભાઈ મોદી, હમીરજી ઠાકોર,

અનુસંધાન પાના નં.૬

# ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે નવરાત્રી અનુષ્ઠાન અને દશેરા પર્વનું સમાપન


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

આદ્યશક્તિ માં જગદંબાના વિશેષ પૂજન- અર્ચન અનુષ્ઠાન માટે નવરાત્રી પર્વને શ્રેષ્ઠ સમયગાળો ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં આસો અને ચૈત્ર એમ બે નવરાત્રી આવે છે. આ સમય દરમ્યાન શક્તિનો પ્રાણ પ્રવાહ વિશેષ રૂપથી પ્રવાહિત થતો હોય છે. આ સાધનામાં સતોગુણી અને શ્રેષ્ઠ સાધનામાં ગાયત્રી અનુષ્ઠાનનું વિશેષ મહત્વ રહેલું છે. વિશ્વમાં કરોડો ગાયત્રી સાધકો નવરાત્રીમાં વિશેષ જપ-અનુષ્ઠાન કરે છે.

ત્યારે ડીસા ગાયત્રી શક્તિપીઠમાં પણ ગત તા. ૨૧/૯/૨૦૧૭ થી તા. ૩૦/૯/૨૦૧૭ સુધીમાં આસો નવરાત્રી સામુહિક અનુષ્ઠાન અને દશેરા પર્વનો કાર્યક્રમ યોજાયો હતો.

ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે તા. ૨૧/૯/૨૦૧૭ ના રોજ પ્રથમ નોરતાના દિવસે ગાયત્રી અનુષ્ઠાનના સંકલ્પ માટે એકત્રિત થઈને સંકલ્પ લીધો હતો. ત્યારબાદ સાધકોએ પોતાની અનુકૂળતા મુજબ શક્તિપીઠ ઉપર સામુહિક તથા ઘરે અનુષ્ઠાન કર્યું હતુ. નવરાત્રી દરમ્યાન શક્તિપીઠને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. જેથી ડીસા ગાયત્રી શક્તિપીઠ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# શિહોરી પે.કેન્દ્ર શાળામાં રૂા. એક કરોડના ખર્ચે બનનારા નવા રૂમોનું ખાતમુહૂર્ત


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

તા. ૨/૧૦/૨૦૧૭ ના રોજ શિહોરી પે.કેન્દ્ર શાળા નં.૧ માં નવીન રૂમોના બાંધકામ માટે આશરે ૧ કરોડ જેટલી ગ્રાન્ટ મંજુર થતાં જેના બાંધકામ પૂર્વે ભારતસિંહ ભટેસરીયા (મહામંત્રી બ.કાં.ભાજપ) ના વરદહસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવેલ. જ્યાં તમામ સવલતો સાથે નવીન શાળા નિર્માણ પામશે. અશ્વિનભાઈ શાહ, જગમાલભાઈ જોષી, તેજમલસિંહ પરમાર, અણદુભા ડાભી, પૂનમસિંહ ડાભી, વિનોદભાઈ ટીઆરપી, શ્રવણસિંહ ડાભી, સજ્જનસિંહ સોલંકી, વિજય સિલ્વા, હસુભાઈ ઠક્કર, બિન્દુબા ઝાલા, પ્રેમસિંહ વાઘેલા, બળવંતસિંહ દુધેચા, વિજુભા ડાભી તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ અને શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા ભટીયાણી માતાના મંદિરે દેવી ભાગવત કથા સંપન્ન

**કથા સાથે અખંડ હવન શોભાયાત્રા શસ્ત્રપૂજન જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા**

ડીસા

શ્રી મહારાણી માજીસા ભટીયાણી માતાજી મંદિર, રીજમેન્ટમાં ધાર્મિક મહોત્સવ અંતર્ગત નવરાત્રી નિમિત્તે અનેકવિધ આયોજનો કરવામાં આવ્યાં. ભટીયાણીજીમાંના મંદિરે સુપ્રસિદ્ધ કથાકાર પૂ.શ્રી યશવન્તજી મહારાજ ''સુખદેવ મહારાજ'' ના શ્રી મુખેથી તાઃ ૨૧/૦૯/૨૦૧૭ થી તા. ૨૯/૯/૨૦૧૭ દરમિયાન શ્રી દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું. નવરાત્રી નિમિત્તે શ્રી આદ્યશક્તિની ઉપાસના હેતુ, તથા વિશ્વકલ્યાણ માટે નવદિવસ સુધી અખંડ હવન -સત્સંગ વગેરે કરવામાં આવ્યા. નિત્ય સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા દરમિયાન ચંડી હવન જ્યારે બપોરે ૩-૩૦ થી ૭-૦૦ કલાકે પૂ.મહારાજ દ્વારા શ્રીદેવી ભાગવત કથાનું રસપાન કરવામાં આવ્યું. જ્યારે રાત્રે મા અંબેના ગરબા- સ્તુતિ- આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહાઅનુષ્ઠાન દરમિયાન સમગ્ર ડીસાની પ્રજાએ ભાવપૂર્વક ભાગ લીધો અનેક ભક્તોએ વિશ્વશાંતિ માટે યજ્ઞમાં આહુતિ પ્રદાન કરી હતી. આ મહાન-દિવ્ય અનુષ્ઠાન દરમિયાન ગીરીશભાઈ ઠાકર (પાલનપુર), ભાગવત કથાકાર પૂ.કિશોરભાઈ શાસ્ત્રી, ભગવાનભાઈ બંધુ, ભેમાભાઈ, સુરેશભાઈ દેવવાળા, સતીષભાઈ પંચાલ, મહેન્દ્રભાઈ બારોટ, ગુલાબભાઈ માળી, જયરામભાઈ માળી, ભરતભાઈ મોદી, તથા મનિષભાઈ શાહ, હર્ષદભાઈ સેવક સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી તમામ માઈ ભક્તો અને આયોજકોને શુભકામનાઓ પાઠવી હતી. આસો સુદ-નવમીના શુભ દિને શ્રીમાન દિનેશભાઈ પટેલ, ચેરમેન, શ્રી નર્મદા બાયો કેમ. અમદાવાદ દ્વારા નવદુર્ગાના પ્રતિક સમાન નવકુંવારીકાઓની ખાસ પૂજનવિધિ કરી હતી. જ્યારે વિશ્વના પર્વ એવા વિજયાદશમીના દિવસે મા ભટીયાણીજીના મંદિર પ્રાંગણમાં પરંપરાગત રીતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના આખોલ ખાતે જોગણી માતાના મંદિરે હવન યોજાયો



ડીસા

ડીસાના આખોલ નજીક આવેલા જોગણી માતાજીના મંદિરે આસો સુદ-નોમના દિવસે ઘરડા(અરણીવાડાવાળા) પરિવાર તરફથી હવન(યજ્ઞ)નું આયોજન કરાયુ હતું. જે પ્રસંગે પરિવારના સભ્યો દ્વારા નવરાત્રિના નવ દિવસના અનુષ્ઠાન પૂર્ણ થતાં માતાજીનો હવન યોજી આહુતિ આપવામાં આવી હતી. જેમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ યજ્ઞ યોજાયો હતો. બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહી યજ્ઞના દર્શન કરી ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો.

# ડીસાની આદર્શ પ્રા.શાળાના વાલીમંડળ દ્વારા સફાઈ અભિયાન



ડીસાની આદર્શ પ્રા.શાળાના વાલીમંડળ દ્વારા હાઈસ્કુલ આગળ સફાઈ અભિયાન રાખવામાં આવ્યું હતું. જે પ્રસંગે વાલીમંડળના પ્રમુખ જયેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પિન્કેશભાઈ સોની, કારોબારી સભ્યો કલ્પેશભાઈ રાજપુત, દેવેન્દ્રભાઈ જોષી, વિજયભાઈ દવે, મુકેશભાઈ ભરતીયા, ગોવિંદભાઈ વગેરે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

પ્રોપર્ટી બજાર
ખુશ ખબર.... ખુશ ખબર.... ખુશ ખબર....
માત્ર ડીસાવાસીઓ માટે...
હવે તમારે
દુકાન-ઓફિસ-
મકાન-બંગ્લો-પ્લોટ
કે ખેતર વેચાણ

અથવા ભાડે આપવું છે....
તો કયાંય જવાની જરૂર નથી.
હવે તે તમામ સમસ્યાઓનો સરળ ઉપાય...
એક માત્ર રખેવાળ...
પ્રોપર્ટી બજાર
તમારે ફકત તમારી મિલ્કતની તમામ વિગત અમોને મોકલવાની રહેશે ત્યારબાદ બધી જવાબદારી અમારી...
દર ગુરૂવાર અને રવિવારે મિલ્કતોની વેચાણ અથવા ભાડે આપવાની તમામ જાહેરખબરો રખેવાળમાં પ્રસિધ્ધ કરવામાં આવશે તે પણ
તદ્દન વિના મૂલ્યે
વધુ વિગત માટે જોતા રહો...

# તંત્રી સ્થાનેથી ...

## માનવી... તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક છે.

## દેશમાં રહેઠાણના પુરાવાના અભાવે અસંખ્ય પરિવારો મતાધિકારથી વંચિત

ભારતનો પ્રત્યેક નાગરિક મતાધિકારનો હક્ક ધરાવે છે તે અંગે કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. ચૂંટણી પંચે પણ મત આપવા માટે અનેક નિર્દેશો સૂચવ્યા છે અને તેની અખબારોમાં વારંવાર જાહેરાતો પણ થાય છે. દેશના બંધારણમાં મતાધિકાર બાબતે ઘણી બધી બાબતો વર્ણવી છે. પરંતુ દેશમાં જે ઘરવિહોણા નાગરિકો છે તે હાલમાં મતદાનના અધિકારથી વંચિત રહી જવા પામેલ છે.

ભારતીય ચૂંટણી પંચનો સ્પષ્ટ આદેશ છે કે રોડ પર રહેનારા લોકોના નામ પણ મતદાન યાદીમાં દાખલ કરી તેઓ પણ મતાધિકારથી વંચિત ન રહે તે બાબતે યોગ્ય થવું જ જોઈએ. જોકે ગુનેગારોને ભલે સજા ન થાય પરંતુ કોઈ નિર્દોષને સજા ન જ થવી જોઈએ દેશના ગ્રામ્ય વિસ્તારોમાં બહારથી આવેલા લોકોને મતદાન કરવા માટે સરકાર દ્વારા વ્યવસ્થા થવી જોઈએ.

ચૂંટણીપંચના નિયમોનું ઉલ્લંઘન કરનારા સરકારી બાબુઓની વૃત્તિના કારણે ઘરવિહોણા નાગરિકોનું મત આપવાનું સ્વપ્ન સાકાર થવું જ જોઈએ. ફુટપાથ કે રોડ પર રહેનારા પરિવારો પાસે રહેઠાણ સહિતના અન્ય પુરાવા હોતા નથી. જેથી મતદાર યાદીમાં તેમના માટે નામ દાખલ કરાવવું ખુબ જ મુશ્કેલ બની રહે છે. મહારાષ્ટ્રમાં એક લાખથી વધુ લોકો રોડ પર આશ્રય લેતા હોય છે. જ્યારે જે લોકો ઝુંપડપટ્ટીમાં રહે છે તેવા લોકોની ગણતરી થવી જોઈએ અને તેઓ મતદાન કરી શકે તે બાબતે સરકાર અને ચૂંટણીપંચ દ્વારા યોગ્ય થવું જોઈએ.

જો પુરાવા વિના મતદાર યાદીમાં નામ દાખલ કરવામાં આવે તો ભવિષ્યમાં મુશ્કેલી થયા વિના રહેશે નહિં. તે વાત ચોક્કસ છે.

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આવીને વસેલા બાંગલાદેશી નાગરિકોની સંખ્યા કેટલી હશે? તે બાબતે ચૂંટણીપંચે સમીક્ષા કરી છે કે કેમ તે અંગે વિચારવું જોઈએ, જો કે ભૂતકાળમાં અસંખ્ય લોકોએ ગેરરીતિ આચરી મતદાર યાદીમાં નામ દાખલ કરાવી દીધા કિસ્સા બનેલા છે. આવા કેટલા કિસ્સા હશે? તેની તપાસ ચલાવાઈ હશે કે કેમ? આ પણ વિચાર માગી લે તેવો મુદ્દો કહી શકાય.

ચૂંટણીપંચ ધારે તો ઘરવિહોણા લોકોના મતદાર યાદીમાં નામ એન્ટ્રી કરાવી શકે છે. જો કે વર્ષો અગાઉ ચૂંટણી પંચે આ બાબતે નિયમ બહાર પાડ્યો જ હતો પરંતુ કેટલાક અધિકારીઓની નિષ્ક્રિયતાના કારણે અનેક લોકો મતદાનથી વંચિત રહી જવા પામ્યા હતા. જવાબદાર લોકો જ્યારે બેજવાબદાર બને છે ત્યારે નાગરિકો તેવા લોકોનો ભોગ બને છે.

હકીકતમાં નિયમ એવો છે કે નાગરિકો પોતાના મતનો ઉપયોગ કરી શકે તે માટેની વ્યવસ્થા ચૂંટણી પંચ દ્વારા ગોઠવાતી હોય છે. મતદાર યાદીમાં નામ દાખલ કરાવવાની સત્તા રિટરિંગ ઓફિસરને હોય છે. જેમાં પુરાવાની તપાસ કરીને મતદાર યાદીમાં નામ દાખલ થઈ શકે છે!

લોકસભા ૨૦૧૪ ની ચૂંટણી પહેલા સ્લીપ કાર્યક્રમ અંતર્ગત મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટે મતદાર યાદીમાં ફુટપાથ પર રહેનારા ઘરવિહોણા પરિવારોના નામ દાખલ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ આદેશ કરાયો હતો. છતાં પુરાવા વિના મતદાર યાદીમાં નામ દાખલ કરવામાં આવ્યા ન હતા. તેમ છતાં આ બાબતે ચૂંટણી પંચ દ્વારા ઘરવિહોણા લોકો માટે નવી નીતિ હાથ ધરવામાં આવે તો મત આપનારા નાગરિકોમાં વધારો થઈ શકશે!!

## ગાંધીજયંતિ નિમિતે ખાદીના વસ્ત્રોનું અનાવરણ



અમદાવાદ

બાપુજીના જન્મતિથીના શુભપર્વે શહેરના એક બુટિકે ખાદીના વસ્ત્રોના અનાવરણ દ્વારા ગાંધીજયંતિની અનોખી રીતે ઉજવણી કરી હતી, જેમાં ઈન્ડો વેસ્ટર્ન, ડિઝાઈનર સારીઝ, દુપટ્ટા, ડ્રેસિઝનું એક અનોખુ કલેક્શન વિશેષ ખાદીમાં રજૂ કરવામાં આવ્યું જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ૧૦ વર્ષના બાળકે ગાંધીજી અવતારમાં ખાદી વસ્ત્રો ધારણ કરીને આજના યંગસ્ટર્ડને ખાદી પહેરવા તેમજ ગાંધીજીના વિચારોને સ્વીકારવા માટે પ્રેરણા પૂરી પાડી હતી.

મોડલો દ્વારા વિવિધ કલેક્શનને રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ઈન્ડો વેસ્ટર્ન, ટ્રેડિશનલ ડ્રેસ, ડિઝાઈનર ચણીયાચોલી, ડિઝાઈનર સાડીનો સમાવેશ થાય છે. ગાંધીજયંતિના આ શુભ પર્વે મોડલો દ્વારા ખાદીના વસ્ત્રોની વિશાળ શ્રેણી રજૂ કરવામાં આવી હતી.

૧૨૦૦ સ્ક્વેર ફૂટમાં વિસ્તરેલ સિવી બુટીક એ અમદાવાદના પ્રહલાદનગર ખાતે આવેલ છે, જ્યાં ૧૫ વર્ષની યુવતીથી લઈને ૫૦ વર્ષની મહિલાઓ માટેના ડિઝાઈન કલેક્શન ઉપલબ્ધ છે. આ ડિઝાઈનર કલેક્શન વિશેષ મુંબઈ અને બનારસના ડિઝાઈનર દ્વારા તૈયાર કરવામાં આવે છે. વર્તમાન ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવતા આ કલેક્શન બજારની માંગ પ્રમાણે બદલાતા રહે છે. અનોખા, નવા અને ક્રિએટિવ કલેક્શન અહીં ઉપલબ્ધ છે.

## વખત વગેરેને સદુપયોગમાં લગાવી દો

Time And Tide Wait For None

ગમે તેટલા પ્રયત્ન કરાય સમય કોઈના માટે અટકતો નથી, ગયેલો સમય પાછો આવતો નથી.મોત, બુઢાપા તરફ દોડતી જતી યુવાનીને થંભાવી શકાય તેમ છે જ નહી.ટુંકી થતી જતી આયુષ્યની દોરીને કોઈ અટકાવી શકતું નથી. મોતની સાથે જ પૈસા-પરિવાર-સમૃધ્ધિનો તારા માટે નાશ જ સમજી લેજે.

પ્રશ્ન : છે કોઈ આનાથી બચવાનો ઉપાય ?

જવાબ : ભઈલા તે તે વસ્તુનો નાશ અટકાવવાની કોઈની તાકાત નથી પણ એ નાશ પામે એ પહેલા એનો સદઉપયોગ કરી લેવાની તો આપણી શક્તિ છે જ.સમયને, જીવનને, પૈસાને, યુવાનીને, આયુષ્યને આપણે સદુપયોગ દ્વારા આત્મ હિતકારક ધર્મ-પુણ્ય સ્વરૂપ લાભમાં ફેરવી શકીએ છીએ.

we cannot stop them going departing running, away, but we can definitely convert them by making good use of them say into meritorious deeds religus deeds say punya religion.વસ્તુનો સદુપયોગ એ જ એની સાચી કદરયાદ રહે રક્ષણ કરાયેલો ધર્મ રક્ષણ કરે છે જ.પૂર્વે અર્જન કરેલા પુણ્યના ઉદયો રક્ષા કરે છે જ. પ્રભુ શ્રી મહાવીર વર્ધમાન સ્વામી બહુજ સ્પષ્ટ શબ્દોમાં કહે છે એક ક્ષણ પણ પ્રમાદમાં ગુમાવીશ ના ઓ બુધ્ધિમાન આત્મન !

**પં.શ્રી.ગુણસુંદર વિજયજી ગણી**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ટ્રાન્સયુનિયન સર્વેમાં ભારતીય ગ્રાહકોમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધી રહ્યો હોવાનું તારણ

૨૦૧૭- ક્રેડિટ કાર્ડનો ઉપયોગ શહેરી ભારતીય ગ્રાહકોમાં વધી રહ્યો હોય તેવું જણાય છે. આજે ટ્રાન્સયુનિયન સિબિલ દ્વારા જારી કરાયેલા ઓનલાઈન સર્વેનાં પરિણામોમાં શહેરી ગ્રાહકોમાં બેતૃતીયાંશ (૬૬ ટકા) પાસે કમસેકમ એક ક્રેડિટ કાર્ડ છે અને અન્ય ૧૯ ટકા- ૫૫ ટકા જેઓ હાલમાં ક્રેડિટ કાર્ડ ધરાવતા નથી તેઓ ભવિષ્યમાં ક્રેડિટ કાર્ડ લેવા માટે અરજી કરશે એવી શક્યતા દર્શાવે છે.ટ્રાન્સયુનિયન સિબિલ દ્વારા અગ્રણી વૈશ્વિક સંશોધન પ્રદાતા યુગવ પીએલસી સાથે ભાગીદારીમાં ૧૩મીથી ૧૮મી જુલાઈ, ૨૦૧૭ સુધી ૧૦૮૮ શહેરી ભારતીય પુખ્તોનું ઓનલાઈન સર્વે કર્યું હતું. આ વસતિ સામાન્ય રીતે ઉચ્ચ ઘરગથ્થુ આવક ધરાવે છે અને કુલ ભારતીય વસતિની તુલનામાં ઉચ્ચ શિક્ષણ ધરાવે છે, જે ક્રેડિટ કાર્ડના ઉપયોગ માટે વધુ ઝુકાવ સૂચવે છે.આમ છતાં પરિણામો બતાવે છે કે છેલ્લા ૧૨ મહિનામાં શહેરી ભારતીય ગ્રાહકોમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ સ્પષ્ટ રીતે વધી ગયો છે, કારણ કે ક્રેડિટ કાર્ડ ધારકમાંથી અડધોડઅડધથી વધુ (૫૭ ટકા)એ નોંધ્યું કે તેઓ એક વર્ષ પૂર્વેની તુલનામાં હવે તેઓ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધુ કરવા લાગ્યા છે.

## શ્રી સિદ્ધ શક્તિપીઠ શનિધામ પીઠાધીશ્વર શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પરમહંસ દાતી મહારાજનું અમૂલ્ય પ્રવચન



"માન્યું કે આજનો સમય નવો છે, માન્યું કે આજનું ચલણ નવું છે, સર્વસ્વ મેળવી લીધું છે, પરંતુ પરમાત્માને ન મેળવી શક્યા, સંસારની માયામાં એ રીતે ખોવાઈ ગયા કે સ્વયંને જ ભૂલી ગયા. જાણો સ્વયંને, જાણો અંદર બિરાજમાન પરમાત્માને, જેણે આપ્યો છે આપણને અમૂલ્ય શ્વાસ જીવવા માટે." – દાતી મહારાજ.

અમદાવાદ : શ્રી સિદ્ધ શક્તિપીઠ શનિધામ પીઠાધીશ્વર શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પરમહંસ દાતી મહારાજ (સ્વામી નિજસ્વરૂપાનંદપુરીજી) આવતી કાલે બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કલાક અમદાવાદમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમ ખાતે 'જીવન શાંત મન કે સાથ' વિષય પર અમૂલ્ય પ્રવર્ચન આપશે. વધુને વધુ લોકો દાતી મહારાજના સત્સંગનો લાભ મેળવી શકે અને તેવા આશયથી સેવક નરેન્દ્રભાઈ પુરોહિત દ્વારા મહારાજની આ વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

## એસપીજેઆઈએમઆર દ્વારા પારિવારિક વેપાર માલિકો માટે ખાસ પ્રોગ્રામ માટે બેબ્સન કોલેજ સાથે જોડાણ જાહેર કર્યું

એસપી જૈન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ (એસપીજેઆઈએમઆર) દ્વારા બેબ્સન કોલેજ, યુએસએ સાથે સહયોગમાં ભારતના પારિવારિક વેપાર આગેવાનો માટે ખાસ આગેવાની કાર્યક્રમ લીડ ટુ ટ્રાન્સફોર્મ લોન્ચ કર્યું છે. આ કાર્યક્રમ નોકરી નિર્મિતીકારો, સંપત્તિ નિર્મિતીકારો, ક્ષમતા નિર્માણકારો એવા પારિવારિક વેપારોના માલિકો, અનુગામીઓ અને પ્રમોટરો માટે તૈયાર કરાયો છે અને ભારતની વૃદ્ધિની ગાથાને પ્રેરિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.લીડ ટુ ટ્રાન્સફોર્મ બે અવ્વલ સંસ્થાઓ, ભારતમાં પારિવારિક વેપાર શિક્ષણમાં આગેવાન એસપીજેઆઈએમઆર અને વેપાર સાહસિકતા શિક્ષણ માટે વૈશ્વિક નામાંકિત સંસ્થા બેબ્સન કોલેજ, મેસેચુસેટ્સમાં આગેવાનો શ્રેષ્ઠતમ ઓફર અજોડ શિક્ષણ અનુભવને એકત્ર કરે છે. પ્રોગ્રામનો હેતુ અદભુત વૃદ્ધિ હાંસલ કરવા, પેઢી ચાલુ રાખવા અને ઉત્તમ શાસન વ્યવહારો નિર્માણ કરવા માટે સંસ્થાઓમાં પરિવર્તન અને બદલાવ પ્રેરિત કરતા પારિવારિક વેપાર આગેવાનો તૈયાર કરવાનો છે. કાર્યક્રમ અત્યંત વ્યવહારુ છે, કારણ કે સહભાગીઓ એસપીજેઆઈએમઆરની અનુભવી ફેકલ્ટી અને નિષ્ણાતો પાસેથી કન્સલ્ટન્સી માર્ગદર્શન સાથે ભવિષ્ય માટે પોતાનો રોડમેપ વિકસાવશે. સહભાગીઓને પ્રત્યેકી પાંચ દિવસના બે મોડ્યુલ્સમાં વિભાજિત ૧૦ દિવસનું શિડ્યુલ શિડ્યુલ અપાશે. લીડ ટુ ટ્રાન્સફોર્મની પ્રથમ બેચ વેલેસ્લી, મેસેચુસેટ્સ ખાતે બેબ્સન એક્ઝિક્યુટિવ કોન્ફરન્સ સેન્ટર ખાતે પાંચ દિવસના નિવાસી મોડ્યુલ સાથે ઓક્ટોબરના અંતે શરૂ થશે.

## નેહા સકસેનાએ &TVના આગામી શો સિદ્ધિવિનાયક પર શોટ માટે ૧૨ કલાક લીધા



જોશી ધિક્કાર ગાથાને લાવતાં &TV સિદ્ધિવિનાયક રજૂ કરવા માટે સંપૂર્ણ સુસજ્જ છે. આ બે એવી વ્યક્તિની વારતા છે, જેઓ ધિક્કારથી નજીક આવી છે. શોમાં નેહા સકસેના સિદ્ધિની મુખ્ય ભૂમિકા ભજવી રહી છે, જે બેકગ્રાઉન્ડ ડાન્સર છે, જ્યારે નીતિન ગોસ્વામી વિનાયકની ભૂમિકા ભજવી રહ્યો છે. બેકગ્રાઉન્ડ ડાન્સરના પાત્રને અનુકૂળ દર્શકોને નેહાનો સિદ્ધિ તરીકે આરંભિક સીનમાં જોરદાર ડાન્સ જોવા મળશે.

સિદ્ધિ ડાન્સ પ્રત્યે કેટલો લગાવ ધરાવે છે તે આ સીનમાં બતાવવામાં આવ્યું છે. આ સીનમાં પડકાર હોવાથી તે પૂર્ણ કરવા માટે આખી શિફ્ટ નેહાએ લીધી હતી. નિર્માણકારોએ પાત્રનો ડાન્સિંગ પ્રત્યે લગાવ અને પ્રેમ બતાવવા માટે થોડા આગળ વધ્યા હતા અને આ આરંભિક દશ્ય માટે નેહાની આસપાસ આગનું વર્તુળ નિર્માણ કર્યું હતું. જોશીલી નેહાએ પણ આ પડકાર ઝીલી લીધો અને એક્ટમાં પરફેક્શન લાવવા માટે ૧૨ કલાક સુધી સખત જહેમત ઉઠાવી હતી.સિદ્ધિવિનાયક ટૂંક સમયમાં જ આવે છે &TV પર.

## આયુર્વેદ ૨૦૧૭ અંગે નેશનલ સમીટ અને એક્સપો




અમદાવાદ

તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન માટે ભારતની પૌરાણિક આયુર્વેદ અને યુનાની સારવાર પધ્ધતિના સંદર્ભમાં ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસીન દ્વારા સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસીન (CCIM) ના સહયોગથી મહાત્મા મંદિર ખાતે આજે આયુર્વેદ અંગે નેશનલ સમીટ અને એક્સપોનો પ્રારંભ થયો છે. આગામી દાયકામાં ગુજરાતમાં મેડિકલ ટુરિઝમની સંભાવનાઓના સંદર્ભમાં આ સમીટ મહત્વની ભૂમિકા ભજવશે. ગુજરાતને આયુર્વેદ અને પંચકર્મનું મથક બનાવીને રાજ્યમાં મેડિકલ ટુરિઝમની વ્યાપક સંભાવનાઓ છે. આયુર્વેદ અંગેની નેશનલ સમીટ અને એક્સપોનું ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉદ્દઘાટન કર્યું હતું.સમગ્ર દુનિયા આજે વિવિધ ચેપી રોગોનો ભોગ બનેલી છે ત્યારે વર્તમાન સંજોગોમાં લોકોમાં આયુર્વેદ અંગેનો વિશ્વાસ સ્થાપિત થાય તેમહત્વનું છે. આયુર્વેદ અંગેની નેશનલ સમીટ અને એક્સપો આ દિશામાં એક સિમાચિહ્નરૂપ કદમ બની શકે તેમ છે.આ સમીટના ઉદ્દઘાટન પ્રસંગે શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે "ઉપચારની અન્ય પધ્ધતિઓની જેમ આયુર્વેદની સારવાર માટે અનેક રિપોર્ટ કે ટેસ્ટ કરાવવાની જરૂર પડતી નથી. ભારતમાં અગાઉના સમયમાં આયુર્વેદ અને યુનાની જેવી ઉપચાર પદ્ધતિઓમાં જે સંશોધનો થયાંતેના દ્વારા દુનિયામાં સારવારની એક કુદરતી પધ્ધતિ પ્રસ્થાપિત કરવામાં મૂળભૂત ભૂમિકા રચાઈ છે. આ સમીટમાં દેશના રાષ્ટ્રિય કક્ષાના આયુર્વેદ નિષ્ણાંતો એકત્ર થઈને વ્યાપક સંશોધન દ્વારા તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાન અંગે માહિતી આપશે. સમારંભના સ્થળે લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ યોજાશે.આ સમારંભમાં વિવિધ પ્રકારની જે સારવાર અંગે ચર્ચા થશે તેમાં ચેતાતંત્ર અંગેની બિમારીઓ અને મહત્વના મુદ્દા, પંચકર્મ તથા અગ્નિકર્મનો સમાવેશ થાય છે. આયુર્વેદમાં વાયુ, પિત્ત અને કફ જેવી પ્રકૃતિ શરીરના ચેતાતંત્રની સ્થિતિ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નાડી તપાસીને વ્યક્તિની ગંભીર બિમારીઓ અંગે જાણકારી મેળવી શકાય છે. શરીરની ઉર્જાનું હકારાત્મક મોનિટરીંગ અને ચેનલાઈઝીંગ થાય તો શરીરના પ્રેશર પોઈન્ટસ બિમારીઓનું નિયંત્રણ કરે છે અને તેને દૂર કરે છે.આ પ્રસંગે પ્રસિધ્ધ આયુર્વેદ નિષ્ણાંતો અને પ્રેકટીશનર્સ દ્વારા અનુસ્નાતક સંશોધન માટે એક નેશનલ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાંથી ૭,૦૦૦ થી વધુ આયુર્વેદના ડોક્ટરોએ ૧,૦૦૦ જેટલા નેશનલ ડેલિગેટસ, પોસ્ટ ગ્રેજ્યુએટસ, આયુર્વેદ પ્રેક્ટીશનર અને ૨૦૦ કંપનીઓએ પણ આ સમીટમાં ભાગ લઈ રહ્યા છે. આ સમીટમાં ક્લિનિકલ રિસર્ચને હવે પછીના ઉચ્ચ સ્તરે લઈ જવા માટે તથા રોગોની નાબૂદી માટે જ્ઞાનનું આદાન-પ્રદાન થશે.

## રહેણાંક હેતુ માટે બજાર કિંમતે નવી શરતે ફાળવેલ જમીન વેચાણ તથા જુની શરતમાં ફેરવવા બાબત

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા રહેણાંક હેતુ માટે નવી શરતે ફાળવેલ જમીન વેચાણ આપવા તથા જુની શરતમાં ફેરવવા માટે મહેસૂલ વિભાગના તા.૦૭-૧૦-૭૭ ના ઠરાવ ક્રમાંક ન્દ્બઙ્ગ- ૩૯૭૭-૨૧૯૦૭- છના ઠરાવના પેટા ૧.૨ તથા ૧.૩ થી નવી શરતે ફાળવેલ જમીનના વેચાણના કિસ્સામાં પ્રિમીયમની રકમ નક્કી કરવાની જોગવાઈ કરેલ છે જ્યારે મહેસુલ વિભાગના તા.૦૮-૦૮-૦૧ ના ઠરાવ ક્રમાંકઃ- જમન-૩૯૨૦૦૦-૪૫-અ થી રહેણાંક હેતુ માટે નવી શરતે ફાળવેલ જમીન/પ્લોટ જુની શરતમાં ફેરવવા જોગવાઈ કરાયેલ છે. તથા ત્યારબાદ મહેસુલ વિભાગના તા.૦૬-૦૬-૨૦૦૩ ના સંકલિત ઠરાવ ક્રમાંક જમન/૩૯૨૦૦૩/ ૪૫૪/ ખ થી સરકારશ્રીએ પ્રિમીયમની રકમ તથા શરતો નક્કી કરેલ હતી. બજાર કિંમતે નવી શરતે રહેણાંક હેતુ માટે ફાળવેલ જમીન/ પ્લોટના વેચાણ માટે તથા જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં આ પ્રિમિયમના નવા દર સરકારશ્રી દ્વારા મહેસુલ વિભાગના ઠરાવ ક્રઃ જમન / ૩૯૧૭/ ૧૪૬૪/અ તા.૨૯-૦૯-૨૦૧૭ થી ઠરાવ કરવામાં આવેલ છે.

**ઠરાવ** સરકારશ્રી દ્વારા બજાર કિંમતે નવી શરતે રહેણાંક હેતુ માટે ફાળવેલ પ્લોટના વેચાણમાં તથા જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં જમીનની પ્રવર્તમાન બજાર કિંમતમાંથી અગાઉ ભરેલ જમીનની મુળ કબજા કિંમત બાદ કરતા બાકી રહેતી તફાવતની રકમ પર નીચે દર્શાવેલ પ્રમાણમાં પ્રીમીયમ તરીકે સરકારમાં જમા કરાવવાની રહેશે.

**- પૂર્વ મંજુરીથી વેચાણના કિસ્સામાં :**

- રહેણાંક હેતુ માટે નવી શરતે ફાળવેલ જમીન બાંધકામ સહિત પ્લોટ વેચાણ આપતા સમયે બાંધકામ સહિતનો પ્લોટ ૧૫ વર્ષ સુધી જમીનની પ્રવર્તમાન બજાર કિંમતમાંથી અગાઉ ભરેલ જમીનની મુળ બજાર કિંમત બાદ કરતા બાકી રહેતી તફાવતની રકમના ૫૦% પ્રિમીયમ લઈને વેચાણ મંજુરી આપવા જોગવાઈ કરાઈ છે.

- ભોગવટા પ્રમાણપત્રની તારીખથી ૧૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના સમયગાળા માટે જમીનની પ્રવર્તમાન બજાર કિંમતમાંથી અગાઉ ભરેલ જમીનની મુળ કબજા કિંમત બાદ કરતા બાકી રહેતી તફાવતની રકમના ૨૫% પ્રિમીયમ લઈ વેચાણ મંજુરી આપવાની રહેશે.

- જમીનની ફાળવણીની તારીખથી ૨૫ વર્ષ પછી કોઈ પ્રિમીયમ લેવાનું રહેશે નહી.

- જુની શરતના કિસ્સામાં :

- રહેણાંક હેતુ માટે નવી શરતે ગ્રાંટ કરાયેલ જમીન ૧૫ વર્ષ સુધીના સમયગાળા માટે જુની શરત કરી શકાશે નહી.

- રહેણાંક હેતુ માટે નવી શરતે ફાળવેલ પ્લોટ ભોગવટા પ્રમાણપત્રની તારીખથી ૧૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના સમયગાળા માટે જમીનની પ્રવર્તમાન બજાર કિંમતમાંથી અગાઉ ભરેલ જમીનની મુળ કિંમત બાદ કરતા બાકી રહેતી તફાવતની રકમના ૫૦% પ્રિમીયમ લઈ વેચાણ મંજુરી આપવાની રહેશે.

- જમીનની ફાળવણી તારીખથી ૨૫ વર્ષ પછી કોઈ પ્રિમીયમ લેવાનું રહેશે નહી અને ૨૫ વર્ષ બાદ આ પ્રકારની જમીન પર શરતભંગ થયેલ ન હોય તો આપો-આપ આ જમીન પ્લોટ જુની શરત થયેલ ગણાશે. ઉપરોક્ત ઠરાવ ફક્ત બજારકિંમતે રહેણાંક હેતુ માટે નવી શરતે ફાળવેલ જમીન પુર્વ મંજુરીથી વેચાણ અને જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં જ લાગુ પડશે તથા મુળ ઠરાવોની શરતમાં ભંગની તથા અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

**સંકલીત :ડો.અભિષેક એ.ફોફાણી (બી.ડી.એસ, એલ.એલ.બી.)એડવોકેટ**

## મા-બાપની કરૂણતા

આતો કળીયુગ ચાલી રહ્યો છે તેથી સૌથી વધારે જરૂર હોય તો તે છે "મા-બાપના આર્શીવાદ"

મા-બાપના આર્શીવાદ વિના પાંદડું પણ હલી શકતું નથી. મા-બાપ જીવનમાં બે વખત જરૂર રડે છે. ૧.દિકરી ઘર છોડે છે ત્યારે અને ૨. દિકરો તરછોડે ત્યારે.

દિનભર કામ કે બાદ બેટા પૂછેગા પપ્પા ક્યા લાયે ?
પત્ની પૂછેગી ઈત્તી દેર ક્યુ હુઈ ?
પિતા પૂછેગા કિતના બચાયા.?
લેકિન મા હી પૂછેગી..!
બેટા કુછ ખાયા...!
ધન્ય છે જનેતાને

મા-બાપના મર્યા પછી બધા મા-બાપનું શ્રાધ્ધ કરે છે મારૂ માનવું છે તે ખોટું ગણાય છે જો મા-બાપના જીવતાં જીવ જ મા-બાપને સર્વ વાતે સુખી કરો તો સાચુ શ્રાધ્ધ ગણાય. મારું માનવુ છે કે આટલુ કર્યા પછી "મા-બાપને ભૂલશો નહી." વાળું રેડીમેડ બોધકાવ્ય ક્રમમાં મઢાવીને ઘરની દિવાલ પર ટીંગાવો નહી તો ચાલે !શ્રધ્ધાળુઓ મંદિરે જઈ અગરબત્તી સળગાવે છે પણ માના સુવાના ઓરડામાં કાચબાછાપ અગરબત્તી સળગાવી આપો. સવારે મા ગીતા વાંચવા બેસે ત્યારે માંના ચશ્માં જાતે સાફ કરી આપો. મને લાગે છે કે ભગવાનનો ફોટો કે મૂર્તિ સાફ કરવા કરતા ઘરડી માના ચશ્મા સાફ કરવાથી વધુ પુણ્ય મળે છે.

મસ્તી હોય છે નયનોમાં
અમીરી હોય છે મહેલોમાં
જે શાંતિ હોય છે
માના ખોળામાં એ રાજમહેલમાં પણ નથી હોતી.

**સંકલન-સુંડાજી ઠાકોર મું.સુરાણા, તા.દિયોદર**



## "બેટી (સમાજ) બચાઓ, બેટી પઢાઓ"

૨૦૧૭ ની આગામી ચૂંટણીઓમાં દરેક બીજો વોટ એ મહિલાઓનો હશે. આ ગણતરી કેટલો સમય જળવાઈ રહેશે તે કદાચ કહેવું મુશ્કેલ છે જે રીતે હાલે તેમજ પાછલા દાયકાઓમાં સ્ત્રી ભ્રૂણહત્યા નું પ્રમાણ જોવા મળી રહ્યું છે. સ્ત્રી ભ્રૂણહત્યા એ સાંપ્રત સમાજમાં ચિંતાનો વિષય છે. હાલેજ નવરાત્રીનો તહેવાર પૂર્ણ થયો જેમાં માતાજીનો ગરબો એ ગર્ભનું પ્રતિક છે અને તેના થકિજ સમાજ નું સર્જન શક્ય છે. છતાં પણ સગવડિયો ધર્મ અપનાવવામાં આપણે પાછળ નથી અને એટલેજ સ્ત્રી ભ્રૂણહત્યા પણ ક્યાંક અન્દરખાને અસ્તિત્વમાં છે.

અમેરિકામાં પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા ૭૦ લાખ વધારે છે, રશિયામાં આ આંકડો ૫૦ લાખનો છે જ્યારે ભારતમાં દર ૧૦૦ પુરુષોએ અંદાજિત ૯૩ સ્ત્રીઓ છે. યુનિસેફના અંદાજ મુજબ દર વર્ષે ૫ કરોડ જેટલી સ્ત્રીઓ ઘટી રહી છે. આંકડાકીય વિગતો ચોકાવનારી છે, અને સુશિક્ષિત સમાજ પણ આમાંથી પાછળ નથી અને એટલેજ કદાચ ગાંધીનગર જેવા જિલ્લાઓમાં પણ સ્ત્રી ભ્રુણ હત્યાનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. પંજાબ, હરિયાણા અને ગુજરાત આ ત્રણેય રાજ્યોમાં મહિલાઓનું સતત ઘટતું પ્રમાણ એ ચિંતાજનક બાબત બની રહ્યું છે. ભારત જેવા બહુધર્મી દેશ માટે આ એક શરમજનક તેમજ હૃદયદ્રાવક બાબત છે કારણકે કોઈ પણ ધર્મમાં હિંસાને સ્થાન નથી જ્યારે સામા પક્ષે ધાર્મિક શાસ્ત્રોક્ત માન્યતા મુજબ પુત્રથીજ વંશવેલો આગળ વધતો હોવાથી પુત્રનું જબરું વળગણ સમાજ ધરાવે છે. આ સ્વાર્થી અને સગવડિયો દ્રસ્થિકોણ લૈંગિક અસમાનતા (ઘિહ્ક્ષીૈ િાદ્બૈષ્ઠી ઠહક્ષ ૈદ્બક્ષઠહષ્ઠી) સર્જી રહ્યોછે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ મુજબ વિશ્વમાં આજે પણ સરેરાશ દર ત્રીજી મહિલા પતિ કે પ્રેમી દ્વારા શારીરિક અત્યાચારનો ભોગ બની રહી છે. ૧૫ થી ૪૦ વર્ષની વાય મર્યાદાની મહિલાઓ બળાત્કાર, જાતીય સતામાની, ઘરેલું હિંસાનો સૌથી વધુ ભોગ બને છે. દુનિયાની ૨૦ ટકા સ્ત્રીઓ જીવનમાં કમસેકમ એક વખત બળાત્કાર કે જાતીય સતામણીનો ભોગ બને છે પરંતુ મોન રહેવું ઉચિત માને છે. સમાજમાં બાળકીના જન્મથીજ વિવિધ સમસ્યાઓ જેવીકે ઉછેર, શિક્ષણ, સલામતી, લગ્ન તેમજ દહેજ નો પણ જન્મ થાય છે. અને કદાચ "લાખ દુખોકી એક દવા" સમાન સ્ત્રી ભ્રુણ હત્યા એ વધુ સરળ લાગી રહ્યું હોય. આ બધા સામાજીક કારણોસર સમાજ દીકરીઓને જન્મ આપવા દેવા ના માગતો હોય પરંતુ એક દુષણ માંથી બચવા બીજા દુષણ ને જન્મ આપવો તે કેટલે અંશે યોગ્ય ગણાય??

કાયદાકીય જોગવાઈઓઃ

મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ, ૧૯૭૧ ની કલમ ૩ થી ૮ હેઠળ રજિસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર પાસે ગર્ભસ્થ બાળક શારીરિક કે માનસિક ખોડખાંપણ ધરાવતું હોય કે, બળાત્કારથી ગર્ભ રહ્યો હોય ત્યારેજ સ્ત્રીની ઈચ્છાથી ગર્ભપાત કરાવી શકાય છે તે સિવાય નહિ.

પ્રી-નેટલ ડાયગ્નોસિસ ટેકનીક્સ રેગુલેશન એન્ડ પ્રિવેન્શન ઓફ મિસયુઝ એક્ટ, ૧૯૯૪ કાયદાનો ભંગ કરનાર માતા-પિતા કે ડોક્ટરને ૧૦ વર્ષની સજા તેમજ દંડ અંગેની જોગવાઈ કરેલ છે.

ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ની કલમ ૩૧૨ થી ૩૧૬ માં પણ આ ગુનો કરનાર તેમજ કરાવનારને ૭ વર્ષ સુધીની કેદ તેમજ દંડ અંગેની જોગવાઈ કરેલ છે.

આટઆટલી કાયદાકીય જોગવાઈઓ, બંધારણનાં વચનો, ન્યાયતંત્રની સક્રિયતા અને સરકારી પ્રયત્નો હોવા છતાં સમાજમાંથી લૈંગિક અસમાનતા ઓછી થવાનું નામ નથી લેતી. કારણકે કાયદો કદાચ સામાજિક માનસિકતા બદલી શકતો નથી.

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા તેમજ બાળ કલ્યાણ વિભાગ તેમજ કેન્દ્ર સરકાર મારફતે "બેટી બચાઓ, બેટી પઢાઓ" અભિયાન શરુ કરાયેલ છે

જેને સમાજમાં સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે અને ૧૪ જેટલા તાલુકાઓમાં કન્યાઓના જન્મ દરમાં વૃધિ થઈ છે, ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારના કન્યા કેળવણીનાં અભિયાન તેમજ મહિલાઓ માટેની કલ્યાણ લક્ષી યોજનાઓ થકી પણ સમાજના તમામ વર્ગોમાં, મહીલાઓ (કન્યાઓ) પ્રત્યેના અભિગમમાં પરિવર્તન આવ્યું છે જે એક શુભ સંકેત છે. કન્યા કેળવણીના અભિયાન અંતર્ગત સ્ત્રીઓના અભ્યાસ દરમાં પણ વૃધ્ધિ જોવા મળી રહી છે. સરકાર આ સામાજિક દુષણો દુર કરવા માટે કટીબદ્ધ છે પરંતુ જ્યાં સુધી સામાજિક માનસિકતા નહિ બદલાય ત્યાં સુધી સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવી શકાશે નહિ. કાયદાઓની આપણે ત્યાં અછત નથી અને સરકાર પણ પ્રયત્નો કરી રહી છે પરંતુ સમાજ જ્યાં સુધી સ્ત્રીઓનાં અસ્તિત્વનો સ્વીકાર નહિ કરે, તેમના પ્રશ્નો પરત્વે સંવેદનશીલ નહિ બને ત્યાં સુધી એક સ્વસ્થ સમાજનું નિર્માણ નહિ થઈ શકે. સરકાર કે કાયદાઓજ માત્ર સમાજીક પરિવર્તન કરવા માટે સક્ષમ નથી. જરૂરી છે કે ધાર્મિક સંતો, તત્વજ્ઞાનીઓ કે સામાજિક આગેવાનો જેઓને આપણો સમાજ આદર્શ માને છે તેઓ પણ આ સામાજિક પરિવર્તનમાં સહભાગી બને કારણકે સામાજિક માનસિકતા બદલાવામાં તેઓ પણ અસરકારક ભાગ ભજવી શકે તેમ છે.

**ડો. ડિમ્પલ ટી. રાવલ**
બી.કોમ., એમ.કોમ., એલ.એલ.બી., એલ.એલ.એમ.,પી એચ ડી.(કાયદો) હેડ,
ડીપાર્ટમેન્ટ ઓફ લો, રક્ષા શક્તિ યુનીવર્સિટી, અમદાવાદ
**મો. ૯૪૨૭૬૯૮૨૮૪**

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...


## સુવાકયો

જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં સફળતા નજીક હોય છે.
ઋણ સમાન કોઈ દુ:ખ નથી.
જેના માથે દેવું નથી એ પૈસાદાર છે.
માનવી... તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક છે.
સદ્‌ગુરૂ જેવા કોઈ મહાન દાનેશ્વરી નથી.
દુ:ખમાં ધીરજનું દામન ન છોડો, અંધારી રાતનો ક્યારેક તો અંત હોય જ છે.
માનવ સમાજના હિતમાં કરેલ કાર્ય જ યજ્ઞ છે.
પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## પ્રભુદર્શનની લાલસા

સવારે વહેલા ઉઠીને જમણા હાથની હથેળીનાં દર્શન કરીને, આ હાથમાં પ્રભુનો વાસ છે. આ હાથ વડે જ મહેનત કરીશ, હક્કનું કમાઈનું ખાઈશ, પરિવારનું પાલન કરીશ અને સમાજનું ઋણ અદા કરીશ' આવા ઉમદા ભાવ મનમાં લાવીએ છીએ.નાહી, પરવારીને નજીકના મંદિરે દેવ દર્શન માટે જઈએ છીએ. અહીં મૂર્તિનાં દર્શન કરતાંની સાથે જ આંખો બંધ કરીને કાંઈક પ્રાર્થનામાં લીન બની જઈએ છીએ. મુર્તીનાં દર્શન કરવા માટે ખરેખર તો આંખો ખુલી રાખવી જોઈએ. ભગવાનને કેવાં વસ્ત્ર, અલંકાર પરિધાન કરાવ્યા છે તેમના વાહન તરીકે શાનું પ્રતિક છે ? તેમના હાથમાં કેવાં શસ્ત્રો છે વગેરેનાં દર્શન કરીને તેના આશય શું હોઈ શકે ? તેવો વિચાર કરવાનો છે.દરેક દેવ દેવીઓને કે ભગવાનને જુદા જુદા શણગાર કરાય છે. હાથમાં રાખેલાં શસ્ત્રો અને તેમનાં વાહન પણ આપણને અનેક પ્રકારનું જ્ઞાન આપે છે. તેની માહિતી મેળવીને આપણા આરાધ્ય દેવ જેવો જ શૌર્ય અને પરાક્રમથી ભરપુર જીવનક્રમ અપનાવતાં શીખવાનું છે.

ભગવાન શ્રીરામ વનગમન કરે છે ત્યારે તેમની પાસે અસ્ત્ર, શસ્ત્ર કે શણગાર માટે કોઈ દાગીના પણ નથી તેવા સમયે સર્વ સંપન્ન રાવણ લંકાથી વિમાન લઈને ત્યાં પંચવટીમાં બનાવેલી પર્ણકુટી પાસે આવીને સીતા માતાનું અપહરણ કરીને લઈ જાય છે. એ વખતે ભગવાન શ્રીરામ, વીર પરાક્રમી ભાઈ લક્ષ્મણ જો નિરાશ થઈને બેસી ગયા હોત કે જે થવાનું હતું તે થયુ. આપણે આવા વીર યોદ્ધા કે અતિ શ્રીમંત રાવણને કેવી રીતે પહોંચી શકીશું તેમ વિચારીને બેસી રહ્યા હોત તો આ રામાયણ ગ્રંથની રચના થાત નહીં. રામાયણ એ ભગવાન શ્રીરામના જીવનની યશ અને પરાક્રમની કથા છે. પોતે નિહત્યા હોવા છતાં આરાધના કરીને દિવ્ય શસ્ત્રો મેળવે છે.ભકત, હનુમાન, નલ, નીલ, સુગ્રીવ જેવા સહાયકોને એકઠા કરે છે અને હજારો માઈલ દુર લંકા નગરીમાં જઈને રાવણના પોતાના કિલ્લેબંધ નગરમાં જઈને તેનો નાશ કરે છે અને સીતાજીને છોડાવી લાવે છે.

તે રીતે ભગવાન શ્રીકૃષ્ણ પણ અનેક પરાક્રમો કરીને કંસને મારે છે. દુર્યોધન જેવા દુષ્ટ કૌરવોનો નાશ કરીને મહાભારત યુધ્ધ દ્વારા ધર્મનો જય કરાવે છે.આવા પરાક્રમી, શૌર્યથી ભરપુર ભગવાન કે દેવ દેવીઓના દર્શન, જપ, તપ આરાધના કરવાવાળા આપણે તેમના જીવનમાંથી શું બોધ લઈ રહ્યા છીએ તે વિચારવાનો સમય હવે પાકી ગયો છે.

માતા કુંતા, સતી દ્રૌપદી, સતી સીતા, સતી તારામતી, સતી અનસુયા જેવી દેવીઓનાં ચારિત્ર વાંચીએ ત્યારે તેમાંથી આપણા જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન કરતાં શીખવું છે એ રીતે વીર પુરૂષો, શુરવીરો,

દેશ માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે ફના થઈ જનારા, દેવી દેવતાઓનાં દર્શન કરવા જઈએ કે તેમના જીવનમાંથી આપણે પણ સુંદર જીવન જીવતાં શીખીએ તેવો આપણો ધ્યેય હોવો જોઈએ. મંદિરમાં દેવી દેવતાઓ કે ભગવાનનાં દર્શન કરીને તેમણે અપનાવેલા જીવનક્રમને અનુરૂપ જીવન જીવતાં શીખીએ એ જ આપણી વિભાવના હોવી જોઈએ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।
## કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહ : ।।

સત્તરમા અધ્યાયમાં ગીતાકારે ગુણભેદે શ્રદ્ધા, આહાર, યજ્ઞ, તપ, દાન વગેરેની ત્રિવિધતા બતાવી હતી. અહીં અઢારમા અધ્યાયમાં જ્ઞાન, કર્મ, કર્તા, બુધ્ધિ, ધૃતિ, સુખ વગેરેની ગુણભેદે ત્રિવિધતા દર્શાવે છે. કર્મ સિદ્ધિનાં પાંચ કારણોની સાથે સાથે ભગવાન કર્મની અંત: પ્રેરણા તેમજ કર્મની યોજનાનું પણ એક પ્રેરક વિશ્લેષણ આપે છે. ગુણભેદથી કર્મની પ્રેરણા તેમજ કર્મની વ્યવસ્થા ત્રિવિધ પ્રકારે બતાવતાં કહે છે કે :

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહ : ।। ૧૮-૧૮ ।।**

'જ્ઞાન (જ્ઞાનમ્) જ્ઞેય-જ્ઞાનનું લક્ષ્ય જાણવા યોગ્ય (જ્ઞેયમ્) અને જ્ઞાતા જાણનાર (પરિજ્ઞાતા)એ ત્રણેય ત્રણ પ્રકારની (ત્રિવિધા:) કર્મની પ્રેરણા કર્મના પ્રેરક બળ છે. (કર્મચોદના) કર્તા, કરણ, ઈન્દ્રીયો (કરણમ્) અને કર્મ-ક્રિયા (કર્મ)એ એમ એ રીતે (ઈતિ)ત્રણેય ત્રણ પ્રકારના (ત્રિવિધ) કર્મોનો સંગ્રહ-કર્મોનો આશ્રય છે. (ંકર્મ સંગ્રહ)'

આ શ્લોકથી ભગવાન તાત્વિક વિષયની શરૂઆત કરે છે. આ શ્લોકમાં કર્મપ્રેરક અને કર્મસાધનાનો ઉલ્લેખ કરેલો છે. આ અધ્યાયના શ્લોક ૧૪ માં કર્મ બનવાના પાંચ હેતુ અધિષ્ઠાન, કર્તા, કરણ, યોગ અને દૈવ બતાવ્યા. આ પાંચેયમાં પણ મુખ હેતુ 'કર્તા' છે. આ મુખ હેતુને દુર કરવા માટે ભગવાને શ્લોક ૧૬ માં કર્તૃત્વભાવ રાખવાવાળાની ખુબ જ નિંદા કરી અને શ્લોક ૧૭ માં કર્તૃત્વ ભાવ ન રાખવાવાળાની ખુબ જ પ્રશંસા કરી. હવે આ શ્લોકમાં કર્મના પ્રવર્તકનું એટલે કે કર્મમાં પ્રવૃત્તિ કરનાર તત્વોનું તેમજ કર્મના આશ્રયનું સ્વરૂપ કહે છે. મનુષ્ય જે જે કર્મ કરે છે તે દરેકમાં આ છ તત્વો રહેલાં છે.કર્મપ્રવર્તક કે કર્મનાં પ્રેરક બળ ત્રણ છે : જ્ઞાન, જ્ઞાનનો ઉદ્દેશ્ય જ્ઞેય અને જાણવાવાળો. જેનાથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ પ્રકાશમાન થાય છે તે 'જ્ઞાન' કહેવાય છે. અર્થાત જેનાથી સર્વ વિષયો સંપૂર્ણપણે જાણી શકાય છે તેનું નામ જ્ઞાન 'જ્ઞેય' એટલે જાણવા યોગ્ય, જાણવાની વસ્તુ (ઓબ્જેકટ) અર્થાત પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે ઉત્પન્ન થનારા ઘટ,પટ વગેરે પદાર્થો જ્ઞેય કહેવાય છે. જેનાથી પદાર્થ પ્રકાશીત થાય, તે જ્ઞેય. 'જ્ઞેય' એટલે વિષય પરિજ્ઞાતા એટલે જાણનાર, જાણવાવાળો, કહેવાવાળો એટલે વિષયી (સબ્જેકટ) કોઈ પણ પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરનારને પરિજ્ઞાતા કહે છે. અર્થાત ઉપાધિવાળો અવિદ્યાકલ્પિત ભોકતા તે 'પરિજ્ઞાતા' છે. આમ જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા એ ત્રણ પ્રકારના કર્મ પ્રવર્તક છે. તેમના વિના કાર્યનો આરંભ થતો નથી.

કર્મસંગ્રહ કે કર્મના આશ્રય ત્રણ છે : કરણ, કર્મ અને કર્તા કરણમ્ એટલે ઈન્દ્રીયો. જેના વડે કર્મ કરાય છે તે 'કરણ' પાંચ જ્ઞાનેન્દ્રિયો બાહ્ય કરણ છે અને મન, બુધ્ધિ આંતર (અંત:) કરણ છે આનાથી કરાય છે માટે તે 'કરણ' કહેવાય છે. કર્મ એટલે ઈન્દ્રીયો દ્વારા થતું વિષયોનું ગ્રહણ અર્થાત ઈન્દ્રીયો વડે શબ્દાદિ વિષયોનું ગ્રહણ કર્મ કહેવાય છે.કર્તાનું જે અત્યંત ઈષ્ટ છે તે કર્મ કરણને પોત પોતાના વ્યાપારમાં પ્રવૃત્ત કરનાર અવિદ્યારૂપ ઉપાધિવાળો જીવ 'કર્તા' કહેવાય છે. કરણ, કર્મ અને કર્તા પરસ્પર સમુચ્ચય ભાવને પ્રાપ્ત થવાથી કર્મસંગ્રહ કહેવાય છે. આ છ કારકો જ ક્રિયાના આશ્રયરૂપે રહેલ છે. આત્મા કર્તા કે ભોકતા નથી.

શ્લોકમાં પ્રયોજાયેલ 'કર્મચોદના' અને કર્મ સંગ્રહ એ બે શબ્દો પારિભાષિક છે. ઈન્દ્રીયો કોઈ કર્મ કરવાનું શરૂ કરે તે પહેલાં મનથી નિશ્ચય કરવો પડે છે. આ માનસિક વિચારને 'કર્મચોદના' એટલે કે કર્મ કરવાની પ્રેરણા કહે છે. તે સ્વાભાવિક રીતે જ્ઞાન,જ્ઞેય અને જ્ઞાતા એમ ત્રણ પ્રકારની હોય છે. જેમ કે કુંભાર (પરીજ્ઞાતા) માટલાં ઘડતાં પહેલાં અમુક કરવાનું છે. (જ્ઞેય) તે અમુક રીતે થશે (જ્ઞાન) એમ મનથી નિશ્ચય કરે છે.

મનનો નિશ્ચય થયા પછી કુંભાર (કર્તા) માટી,ચાકડો વગેરે સાધન (કરણ) ભેગાં કરી પ્રત્યક્ષ માટલાં (કર્મ) તૈયાર કરે છે. આને 'કર્મસંગ્રહ' કહે છે.

મનથી નિશ્ચય થયા પછી સાધન ભેગાં કરી પ્રત્યક્ષ કર્મ કરવામાં આવે તે 'કર્મસંગ્રહ' છે. કર્મચોદના એ અંત:કરણની ક્રિયાનો બોધક છે. જ્યારે 'કર્મસંગ્રહ' એ બાહ્યક્રીયા બતાવે છે.

**અધ્યાત્મ** — ૫૮૫ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## એક જ દ્રષ્ટિ, એક જ મુદ્દો, એક જ વાત એમ અર્જુન દ્રષ્ટિથી ભાજપને મજબુત કરી રાષ્ટ્રકાજે સતત આગળ વધતા અમીતભાઈ શાહ



માણસના ભણતર, ઉંમર, કામકાજ, વાતાવરણ, વારસો આ બધી બાબતોની સાથે સાથે આગળ વધવા માટે માણસના દ્રઢ મનોબળની પણ જરૂર પડતી હોય છે. સારીનરસી પરીસ્થિતિમાં પણ માણસ મૌન રહીને પોતાના ધ્યેયને વળગી રહે એ વ્યક્તિ જ સતત આગળ વધી શકે છે. મહાભારતમાં શ્રીકૃષ્ણના પાત્ર ઉપર અનેક લોકોએ અભ્યાસ કરેલ છે, કથાઓ કરી છે અને પી.એચ.ડી. પણ કરેલ છે. કૃષ્ણના હાથમાં વાંસળી અને ચક્ર આ બે સિવાય વિશેષ કોઈ શસ્ત્ર, શાસ્ત્ર કે હથિયાર જોવા મળેલ નથી. ગુજરાતના પનોતા પુત્ર અને રાજયસભાના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય અમિતભાઈ શાહે નાનપણમાં કૃષ્ણને ખુબ જ વાંચ્યા, કોલેજ કક્ષાએ પચાવ્યા અને અત્યારે કૃષ્ણ બુદ્ધિ મુજબ સરસ મજાના ચક્રવ્યુહથી આગળ વધીને ભાજપને રાષ્ટ્ર કાજે મજબુત બનાવી રહેલ છે તેવું લાગી રહ્યું છે. મોટા ભાગે દરેક વ્યક્તિમાં નેતૃત્વના ગુણો નાનપણથી જ જોવા મળતા હોય છે. પોતાની સોસાયટી કે શેરીમાં આગળ પડતા હોવું, શાળામાં મોનીટર હોવું, કોલેજમાં સી.આર.કે જી.એસ.હોવું, સમાજ કે મંડળમાં આગળ પડતા બનવું જે તે પક્ષમાં નેતૃત્વ કરવું અને ધીરે ધીરે રાષ્ટ્રના મહાનાયક બનવું એ બધી જ બાબતો લગભગ દરેક નેતામાં જોવા મળતી હોય છે.

અમિત શાહ એકદમ સીધી લીટીવાળા નેતા છે. એક જ દ્રષ્ટિ, એક જ મુદો અને એક જ વાત એમ અર્જુન દ્રષ્ટિથી સતત કામ કરવું, આગળ વધવું, ભાજપને મજબુત બનાવવો અને રાષ્ટ્રને આંતર રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ અપાવવી એ જ બાબતને લઈને તેઓ સતત આગળ વધી રહ્યા છે. મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણની વ્યુહરચનાઓનો અભ્યાસ કરવા જેવો છે. શ્રીકૃષ્ણ દુશ્મનો સાથે પણ કુણા માખણ જેવા જ રહ્યા છે અને કોઈપણ પ્રકારની બીનજરૂરી બોલચાલ કે કજીયા કર્યા સિવાય માત્ર અને માત્ર ધ્યેય પ્રાપ્તિને માટે ચર્ચા, ચિંતન, વિચાર અને વ્યુહરચના કરી મુઠ્ઠીભર પાંડવોને જીતાડયા છે. ભાજપના વિકાસમાં આર. એસ.એસ.નો ફાળો કેન્દ્ર સ્થાને છે પરંતુ આર.એસ. એસ.ની મહત્વની કામગીરી એન્જીન ઢીલું પડે તો ઈંધણ પુરૂં પાડી બળ આપવાની છે. જે ગાડી કે પક્ષનું એન્જીન પાવરફુલ હોય તેનું પીકઅપ જલ્દી પકડાય છે. અમિતભાઈ શાહે મહાભારત કે ચાણકય નીતિ અને વિદુરનીતિ જેવા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તો હશે જ પણ સાથે સાથે આ શાસ્ત્રોના મુળભુત તત્વને બરાબર પચાવ્યું છે. ભારતીય જનતા પાર્ટી માત્ર થોડાંક વર્ષો પહેલાં જ મુઠ્ઠીભર કાર્યકર્તાઓની પાર્ટી હતી અને આજે સંગઠનની દ્રષ્ટિએ સમગ્ર વિશ્વમાં સૌથી મોટી, મજબુત, વિચારબદ્ધ કેડરબદ્ધ અને દ્રષ્ટિવાળી પાર્ટી બની છે તેમાં અમિતભાઈ શાહનું રાષ્ટ્રીય નેતૃત્વ, સમર્પિત આગેવાનો અને શીસ્તબદ્ધ કાર્યકરોની મહત્વની ભૂમિકા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં ત્રણેક રાજયોમાં નજીકના ભુતકાળમાં ભાજપનો દબદબો હતો જે આજે ધીરે ધીરે સમગ્ર રાષ્ટ્રમાં વધી રહ્યો છે. ધારાસભ્યો, સંસદસભ્યો અને રાજયસભાના સભ્યોની દ્રષ્ટિએ પણ એક સમયે ભાજપ પાસે ૧૦ ના આંકડામાં સંખ્યા નહોતી જે આજે કુલ સરવાળો હજારોની સંખ્યા ઉપર પહોંચ્યો છે. અર્પણ, તર્પણ અને સમર્પણની ભાવના હોય ત્યાં વહેલા મોડું રીઝલ્ટ આવે જ છે તે વાત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે સાબિત કરી છે. કોઈ વ્યક્તિ વિકાસ કરે કે પ્રગતિ કરે ત્યારે એમ કહેવાય કે એક સફળ પુરૂષની પાછળ પત્નીનો હાથ હોય છે પરંતુ નરેન્દ્રભાઈ મોદીની બાબતમાં કદાચ એમ બન્યું છે કે એક સફળ પુરૂષની પાછળ એક સાચા મિત્રનો હાથ હોય છે. નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહની ઉંમર વચ્ચે થોડોક ફરક છે પણ બંનેની કાર્ય કરવાની દિશા, રાષ્ટ્ર પ્રત્યેની ભાવના અને વૈચારીક અનુસંધાનમાં પુર્ણ સામ્યતા છે. આર.એસ.એસ.અને તેની ભગિની સંસ્થાઓ માત્ર હિંદુત્વને મજબુત બનાવવાનું જ નહીં પરંતુ રાષ્ટ્રને મજબુત બનાવવાનું કામ કરે છે અને તેના ફળ સ્વરૂપે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવા હજારો સમર્પિત આગેવાનો આર.એસ.એસ.થકી ભાજપને મળ્યા છે.

આવતા દિવસોમાં નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ જેવા આગેવાનો ઉપર કેટલાક વિદ્યાર્થીઓ પી.એચ.ડી.પણ કરશે તેવું લાગી રહ્યું છે. અમિતભાઈ શાહ ઓછું બોલીને વધારે કામ કરવાવાળા નેતા છે. ગાંધીનગરથી દિલ્હી સુધી વાયા ગુજરાત પહોંચનાર અમિતભાઈ શાહે ભાજપની મજબુતાઈ માટે સમગ્ર રાષ્ટ્રનો પ્રવાસ કર્યો છે. જ્યાં દુશ્મનો ઘણા હોય એવા રાજયોમાં જઈને પણ નાનકડું છીંડુ પાડી ધીરે ધીરે સમગ્ર રાજયને ભાજપ તરફી કરવામાં અમિતભાઈ શાહની માસ્ટરી છે. નજીકના ભવિષ્યમાં પણ જે રાજયોમાં ભાજપની સરકાર નથી ત્યાં કેવી રીતે આવી શકે કે બની શકે તેની વ્યુહરચના અને અભ્યાસ ખુબ જ ઠાવકાઈથી અમિતભાઈ શાહ કરી રહેલ છે. અર્જુન દ્રષ્ટિથી કામ કેવી રીતે થઈ શકે તે જોવું હોય તો અમિતભાઈના જીવનનો અભ્યાસ કરવો પડે. નિશાન ચુક માફ, નહીં માફ નીચું નિશાન એ કહેવતના આધારે અમિતભાઈ શાહનાં નિશાન ખુબ જ ઉંચા હોય છે. શૂન્યમાંથી સર્જન કરવું હોય કે મડદાં બેઠાં કરીને કામે લગાડવાં હોય અથવા તો સામેની છાવણીવાળાને પોતાની છાવણીમાં લાવવા હોય તો અમિતભાઈ શાહની કાર્યપદ્ધતિ જાણવી પડે. ભાજપના લાખો કાર્યકરોને તેમણે દોડતા કર્યા છે. કોંગ્રેસના હજારો આગેવાનો જુદા જુદા રાજયોમાંથી ધીરે ધીરે ભાજપ તરફ સરકી રહ્યા છે અને જ્યાં ભાજપનું નામનિશાન નહોતું તેવા રાજયોમાં પણ શૂન્યમાંથી સર્જન કરી ભાજપને ચેતનવંતો બનાવવામાં અમિતભાઈ શાહની દિવ્ય દ્રષ્ટિ, દીર્ઘદ્રષ્ટિ, અને સુક્ષ્મદ્રષ્ટિની ભૂમિકા અતિ મહત્વની છે. નરેન્દ્રભાઈ મોદી વિદેશોના પ્રવાસ કરી આંતર રાષ્ટ્રીય કક્ષાએ દેશની શાખ વધારવાના પ્રયત્નો કરે છે તો અમિતભાઈ શાહ ભારત રાષ્ટ્રનાં વિવિધ રાજયોમાં મક્કમતાપુર્વક પ્રવાસ કરી ભાજપને મજબુત બનાવી સાચા અર્થમાં રાષ્ટ્રવાદીઓ પેદા કરી સમગ્ર રાષ્ટ્રને મજબુત બનાવવાની કામગીરી કરી રહેલ છે. નીડર અને અડગ મનોબળવાળા અમિતભાઈ શાહને ખુબ ખુબ અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ...


**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**


## દ્વેષ અને દુર્ભાવથી આકુળ વ્યાકુળ થાય !
## સ્નેહ અને સદ્‌ભાવથી હર્ષિત પુલકીત થાય !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

વિકાસ ગાંડો થયો છે વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ સોશીયલ માધ્યમોમાં આ કોમેન્ટ બહુ જોરશોરથી ઉભરી રહી છે. મોંઘવારી, ભ્રષ્ટાચાર,ભેળસેળ, કાળાબજાર, સંગ્રાહખોરી, સટ્ટાખોરીને શિક્ષણ, આરોગ્ય જેવા મહત્વની બાબતોમાં વર્તમાન સરકાર સાવ પાંગળી થઈ ગઈ છે. પ્રજા ચોતરફથી બુમાબુમ કરી રહી છે પણ આ બહેરા કાને કંઈ જ સંભળાતું નથી. ફકત હા.. હા. વિકાસ ગાંડો થયો છે તેવા તેઓ પણ ગુસ્સામાં આવીને જે જવાબ આપવા સિવાય કંઈ જ કરતા નથી. ઘણીવાર આપણે જોઈએ છીએ કે માણસ રઘવાયો થાય તો ન કરવાનું કે ન કહેવાનું બોલી જાય છે. હવે રહેવા દે ને હાથે કરીને મોમાં આંગળા શું કરવા નંખાવે છે ? અમે નથી બોલવા માંગતા તેનો મતલબ કંઈ જુદો ન કાઢતાં સમજયો ને.. પૃથ્વીલોકની જીવસૃષ્ટીમાં માનવી જેટલો બુધ્ધિશાળી વર્ચસ્વ ધરાવતો જીવ છે એટલો જ તે દુ:ખી પણ છે. યેનકેન પ્રકારે તે દુ:ખના ખપ્પરમાં ધકેલાય છે જેની પાછળ પૈસા પાછળની આંધળી દોટ, મદ,મોહ, ઈર્ષ્યા, અભિમાન, સ્વાર્થ, લાલસા જેવા અનેક પરિબળો ભાગ ભજવે છે. આ પ્રક્રિયામાં આપણે કયાંકને કયાંક સીધી અથવા આડકતરી રીતે આવી જ જઈએ છતાં સાચી ડગર પર ચાલવાનો પ્રયત્ન કરીએ તો તેની આડઅસરમાંથી ચોક્કસ બચી પણ શકાય છે. નવલા નોરતામાં નવ દિવસ માં શક્તિની ઉપાસના, આરાધના કરીને હૃદય મનની વિકૃતિઓને સતત બહાર લાવીને હૃદય, મન શુધ્ધિકરણની પ્રક્રીયા કરીને 'દશેરા' ગત શનિવારે આ વિકૃતિઓના દશાનનનું દહન કર્યું. આપણા વાર તહેવારો, ઉત્સવો, ઉજાણીઓ, પ્રસંગોના ધાર્મિકતા સામાજીક પરિવારીકતાની ભાવના સાથે આરોગ્ય-સુખાકારી શાંતિની અનોખી જયોત માનવ હૃદય મનમાં પ્રગટે તેવા પ્રયત્નો જ થાય છે. હું પોતે હૃદય-મનથી શુદ્ધ બનીશ તો આજુબાજુના વાતાવરણને પણ એવું જ શુદ્ધ તેજસ્વી બનાવી શકીશ. નવલા નોરતાં.. દશેરાની સાથે મહોરમનું પર્વ પણ ઉજવાયું કુરબાનીનું આ પર્વ પણ આ માનવ જીવનને સાચા રસ્તે ચાલવાનો સંદેશો આપે છે. સંતો, મહંતોના જીવનની કષ્ટદાયી ઘટનાઓ માનવ માટે જીવન જીવવાની કળા રૂપ બને છે. જ્યાંથી તે પસાર થાય તો આવા કષ્ટને કેવી રીતે પસાર કરવા એ પણ શીખવે છે. ભારતીય હૃદયના આદર્શ ભગવાન શ્રીરામચંદ્રને ચૌદ વર્ષ વનવાસમાં ગાળવા પડયા હતાં ને તે અનુભૂતિ આજે 'રામાયણ' નો એક આદર્શ પાઠ બન્યો જે માનવને સાચી દિશા દશાનું જ્ઞાન આપે છે. રામાયણ, શ્રીમદ્ ભાગવત ગીતા, બાઈબલ, કુરાનને બીજા ગ્રંથોમાં કયાંય વાદવિવાદ ને મહત્વ આપ્યું નથી. તેમાં ચોક્કસ સાંકળ્યા છે કે પૃથ્વીલોક પર માનવ દેહ ધારણ કર્યો છે તે આવી ઘટનાઓ ઘટવાની જ છે. જેટલા સચેત રહેશો તેટલું જીવન હળવું ફુલ જેવું બની જશે. ધનાઢયતાની આંધળી દોટમાં માનવી મૂલ્યો ભુલીને કુદાકુદ જ કરે છે પણ છેવટે શું ? પશુ પક્ષીઓને સુક્ષ્મ જીવોની રહેણીકરણીને જીવન માનવ માટે બોધપાઠ લે છે. જો માનવી પોતે કંઈક બોધપાઠ લે છે. જન્મ-મરણ વચ્ચે માનવીમાં અનામી-નામી અને નનામીનું ત્રિકોણ જ સર્જાય છે. જો આ ત્રિકોણની સ્થિતિ સમજે તો તેને જે પ્રાપ્ત થયું તેમાંથી શ્રેષ્ઠ જીવન જીવી શકે છે પરંતુ અનામી અને નનામી વચ્ચેના 'નામી' માં તેને બધું જ દેખાય છે ને તે ગમે તે ઘડીએ નનામીમાં પહોંચી જાય છે. હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે ને માનવીની આખી જીંદગી આવી રીતે જ પસાર થાય છે. માનવી મૂલ્યો માનવતાની દિવ્ય જયોત થકી ઉભરે છે. વૃદ્ધાશ્રમ-ઘરડાંઘર-અન્નક્ષેત્રોમાં એકાદ લટાર મારજો ખબર પડશે કે જે ધનાઢય પરિવાર છે તેમના જ મા-બાપ આ વૃદ્ધાશ્રમ ઘરડાઘરની બારીઓ કે પલંગમાં બેઠા બેઠા વેદનાસભર જીવન જીવતા હોય છે કે સવાર સાંજ અન્નક્ષેત્રના ઓટલે રોટલાના ટુકડા માટે આ જીવનની સત્ય હકીકત છે. શું આપણે ફકત પૈસા માટે જ જીવન જીવીએ છીએ. સમયનો સથવારો કે શાંતિ નથી કયાં સુધી ભટકતા રહીશું ? શું મેળવવું છે ને ખુટે છે ખુટતી કડી આ રીતે ખરેખર મળશે કે ભમતા ભુત બનાવી નાખશે.

કયારેય એકાંતમાં બેસીને ચિંતન કર્યું છે ખરૂં ? બહુ મજા આવશે. હમણાં એક સંસ્થાએ સર્વે કર્યો કે વૃદ્ધાશ્રમની સ્થિતિમાં સત્ય શું છે ? તો તમે નહીં માનો ચોંકાવનાર હકીકત બહાર આવી જે વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહ્યા હતા તેના સંતાનો ડોકટર, ઈજનેર કે અધિકારી હતા. એકથી વધુ ડોકટર ઘરમાં હોય તેવા સંતાનોના માબાપ વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહ્યા હતા. આ સત્ય હકીકતનો સ્વીકાર હૃદય મનથી કરવો બહુ આકરો લાગશે પણ સ્વીકાર્યા સિવાય છુટકો પણ નથી. આજે સવાર સાંજના રસોડાથી ગૃહિણીઓ છુટકારો મેળવવા માગે છે. પાણીપુરીથી માંડીને મોટા નાસ્તા હાઉસો, રેસ્ટોરન્ટોમાં સારા લોકોની ભીડ જોવા મળે છે એ શું સુચવે છે ? ભારતીય સંસ્કૃતિનું પરિવાર સાથેનું સવાર સાંજનું ભોજન અને બપોરનો ચા નાસ્તો કયાં ? સંધ્યાકાળની ગામના પાદરના મંદિરની આરતીને ઓટલા પરની સુખદુ:ખની વાતો કયાં ? શું મેળવવા માંગે છે ? આજનો શિક્ષિત ધનાઢય માનવી જરા ચિંતન-મનન મંથન કરશો ? બસ હું ને મારા.. આ હું ને મારામાંય કેટલા મણકા રહ્યા છે તેનો કયારેય વિચાર કર્યો છે ખરો ? હવે તો અમે બે અમારૂં એક. હાઈસ્પીડના યુગમાં આ અમારૂં એકેય કયાંક અથડાઈ લથડાઈ પડે છે ત્યારે ? ધન્યવાદ એ જુનવાણી આપણને લાગતા લોકોને આપવા જોઈએ કે અમે બે અમારાં અનેક.. વસ્તી વિસ્ફોટમાં નિયંત્રણ જરૂરી છે પણ કઈ દ્રષ્ટી દિશાનું કયારેય વિચાર કર્યો છે ખરો ?


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


## જેવા સાથે તેવા

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

ત્રીજી વખતની રમતમાં ભારતીનો જય થયો. હવેની રમતમાં તો મને જ વિજયની વરમાળા વરશે એ આશયથી કુશલે રમતની શરૂઆત કરી અને તેની મનોકામના પુર્ણ થઈ. રમતની શરૂઆત કુશલે બે હજારથી કરી હતી. હવે તો આપણે પંદર વીસ હજારથી જ રમશું એ વાત તેણે ભારતીને કરી. ભારતીને તો ઈષ્ટ જ હતું તેણે સહર્ષ સ્વીકાર કર્યો. નવી રમતની શરૂઆત થઈ. જેવી રસાકસીની બાજી થઈ ને એટલામાં જ એક મોટો બીલાડો કુદીને દીવા ઉપર પડયો. રંગમાં ભંગ પડયો. એકદમ જ અંધારૂં છવાઈ ગયું. રસાકસીની બાજી ત્યાં જ અટકી. દીવાને પ્રગટાવવામાં થોડો સમય થયો. અજવાળું થયું ને રસાકસીની રમત આગળ વધી. તે રમતમાં કુશલ હાર્યો ને ભારતીની જીત થઈ. હવે તો કુશલનું મન ઓર રમવા માટે તરવરી રહ્યું હતું. તેને થયું કે આ વખતે આટલું હાર્યો હવે ડબલ રમીને બધું સરખું કરી લઉં.. કહેવાય છે ને હાર્યો જુગારી બમણું રમે. કુશલે પહેલાં કરતાં ડબલ ધન મુકીને નવી રમતની શરૂઆત કરી. ફરીને જેવો કટોકટીનો સમય થયો કે તરત જ બિલાડો દીવા ઉપર કુદી પડયો અને એ રમતમાં પણ ભારતીની જ જય પામી. આમ રમતમાં કુશલ આગળ વધતો ગયો. ને ભારતી જય પામતી. જ્યારે ભારતી ઈશારો કરે છે ત્યારેજ બીલાડો દીવા ઉપર આવીને કુદી પડે છે અને અંધારામાં ભારતી પાશા ફેરવી નાખે છે. એ વાતની કયાં કુશલને ખબર હતી ? ભોળપણમાં ને ભોળપણમાં કુશલ ડબલ ડબલ રમત રમે જ જાય છે અને એ જ રીતે પિતાએ આપેલું બધું ધન કુશલ હારી ગયો અને દેવું પણ ઘણું ખરૂં થઈ ગયું.

બીજા દીવસે ભારતીએ કુશલને કહ્યું, તમારે મન જેટલું ધન આપવાનું બાકી છે તેટલું ધન તમારા સેવકને ગામમાં મોકલીને મંગાવી લો અને એ સેવક જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તમે અહીં ઉદ્યાનમાં જ રહેજો.

ભારતીને જેટલું ધન આપવાનું બાકી હતું તેટલું ધન મંગાવવા કુશલે ચિઠ્ઠી લખીને એક સેવકને આપી. સેવક ધનપુર તરફ રવાના થયો. ગામમાં આવીને સેવકે નગરમાં થયેલી બધી વાત અચલ શ્રેષ્ઠીને, શેઠાણીને અને ભાગીરથીને કહી. એમ પણ કહ્યું, નગરમાં આવી રીતે લુચ્ચાઈ કરીને ભારતીએ ભોળા કુશલનું બધું ધન તો પડાવ્યું.. સાથે સાથે કુશલના માથે દેવું પણ ચઢાવી દીધું.

ભાગીરથીએ અચલ શ્રેષ્ઠીને કહ્યું : તેઓ તમે મોકલેલા ધનને વેડફી નાંખે તે ન ચાલે. હવે વધારે વેડફશે. પાછા આવશે જ નહીં. હું જ જઈને ભારતીને સીધી કરીને તેમને પાછા લઈને આવું છું. એમ કહી સેવકની સાથે ભાગીરથી નગરમાં ગઈ. તેણે પોતાનો વેશ પરિવર્તન કરી લીધો. જાણે પચાસ પંચાવન વરસની ઉંમર ન હોય ! તેવો વેશ પરિધાન કર્યો. વાળ પણ સફેદ કરાવ્યા પછી ભારતીની ધર્મશાળામાં ગઈ. ત્યાં બે દિવસ માટે એક ઓરડો તેણે ભાડે લીધો અને સ્ત્રીઓને તો બીજા સાથે મૈત્રી કરતાં કયાં વધારે વાર લાગે છે ? ચાર પાંચ ઘડીમાં તો ધન લેવાની લાલસાથી ભારતીએ ભાગીરથીનો અત્યંત નિકટનો પરીચય સાધી લીધો.ભારતી તો ચાલાક હતી તો ભાગીરથી કંઈ કમ ન હતી. તે તો મહાચાલાક હતી. ભારતીએ કેવી રીતે કુશલ પાસેથી ધન પડાવ્યું. તેભાગીરથી પણ જાણતી જ હતી. એથી જ તે ભારતીને ઠગવા માટે પોતાની સાથે એક ઉંદર પણ લાવી


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


## કર્મનું મહત્વ

**સૌરભ** — બી.કે.નીતાબેન

ગીતામાં વર્ણિત આ શ્લોષ આપણને કર્મનું મહત્વ બતાવે છે. કર્મમાં અધિકાર છે તારો, ફળની આશા છોડી દે એવું પ્રભુ આપણને સહુને સમજાવે છે. કર્મ કરો તો જ ફળ અવશ્ય મળશે જ. કર્મ એ બીજ છે, કર્મનું ફળ અવશ્ય મળે જ છે. કર્મના ફળ મળશે કે કેમ ? ક્યારે મળશે ? કેવું મળશે ? આ બધા સવાલો છોડીને આપણે શ્રેષ્ઠ કર્મ કરતા જ રહીએ. જેવું બીજ વાવ્યું હશે તો તેવું જ ફળ અવશ્ય મળે જ છે.

ગીતામાં ભગવાને કર્મનું મહત્વ સમજાવીને આપણને ફળની આશા રાખ્યા વિના કર્મ કરવા જણાવ્યું છે. પ્રારબ્ધ કરી પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું છે. પુરુષાર્થ એ મુખ્ય છે. પ્રારબ્ધ પુરુષાર્થ વિના પાંગળું છે. કર્મ કરો અને ફળ ખાઓ, બીજ વાવો અને પાક લણો. આ કુદરતનો નિયમ છે તે અનુસાર આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ કર્મનું સારું કે ખરાબ ફળ આપણને અવશ્ય મળે. માટે સારા કર્મો કરો અને ફળની આશા છોડીને સમય ઉપર ફળ જરૂર મળશે.

આપણે આજે સારું કર્મ કરીને આજે સારા ફળની આશા રાખીએ છીએ અથવા જે સારા કર્મો કરવાના છીએ ભવિષ્યમાં અને તેના ફળ આશા પહેલાથી રાખીએ છીએ તો ક્યાંથી મળે ? ફળ એ એવું બીજ છે કે ક્યારેય ફોગટ મળતું નથી. એટલું જરૂર છે કે આપણાં સંચિત કર્મોના એકાઉન્ટ પાપ કરવા પડ્યા હોય અને હમણાં આપણે કેટલાક કર્મો કરીએ તો તરત જ તેનું ફળ મળતું નથી. પહેલાં પાપ કર્મોનો હિસાબ ચુકતે થાય છે. જેટલાં પાપ કર્મો હોય એટલાં પુણ્ય કરીએ ત્યારે હિસાબ ચુકાવાય જેમ એક પલ્લુ નમતુ હોય તો બીજા પલ્લામાં મુકીએ ત્યારે બેલેન્સ થાય છે. તેમ આપણા પણ કર્મોનું બેલેન્સ થાય પછી જ આપણને તેનું ફળ મળે છે. માટે આપણે સારાં કર્મો કરતા જઈએ અને જમા કરતા જઈએ. કરેલુ ફોગટ જતું નથી. ફળ અવશ્ય મળે જ છે. ખરાબ કાર્યો કરીએ તો પણ તેનું ફળ જરૂર મળે છે. આપણે ખરાબ કર્મો કરીને ગમે તેટલું છુપાવીએ તો પણ પાપ માટે તો આવું કહેવામાં આવે છે કે "પાપ છાપરે ચડીને પોકારે છે." અંધારી કોટડીમાં કરેલું પાપ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### ડીસાની અમી ...
પાના નં.૧ ચાલુ

અને ઘરમાં તિજોરી અને કબાટો તોડી અંદર રાખેલા માલસામાનને વેર વિખેર કરી નાખ્યો હતો. મકાનમાં પ્રવેશેલા તસ્કરો એક પછી એક રૂમમાં પ્રવેશ કરીને માલસામાન ફેંદી રોકડ રકમ રૂ.૧૫ હજાર,દાગીના તેમજ મકાનના ઉપરના માળે માતાજીના મંદિર આગળ મુકવામાં આવેલા શક્તિદાન ગઢવીના પત્ની અને તેમના પુત્રવધુના દાગીના પડ્યા હતા તે દાગીના મળી ૨૦ તોલા ઉપરાંત સોનાના દાગીનાની ચોરી કરીને પલાયન થઇ ગયા હતા. તસ્કરો મકાનમાંથી ૨૦ તોલા ઉપરાંત ના સોનાના દાગીના અને ૧૫૦૦૦ રૂપિયાની રોકડ રકમની ચોરી કરી ગયા છે.

સવારના જયારે મકાનમાં માતાજીના દીવામાં ઘી પુરવા માટે મકાન માલિકના પાડોશી આવ્યા ત્યારે દરવાજાનું તાળું તૂટેલું અને મકાનનો સમાન વેર વિખેર હાલતમાં જણાઈ આવતા પાડોશીએ તાત્કાલિક આ અંગે શકતીદાન ગઢવીને જાણ કરી હતી. જેથી તેમનો પરિવાર તાત્કાલિક ડીસા આવી ઘરમાં તપાસ કરતા મકાનમાંથી તેમના પત્નીના અને પુત્ર વધુના સોનાના દાગીના અને રોકડ ગાયબ જણાયા હતા.જેથી તેમને ડીસા શહેર દક્ષીણ પોલીસને જાણ કરી હતી.પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

### ભીલડી નજીક ...
પાના નં.૧ ચાલુ

અકસ્માતની જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. બાદમાં પોલીસ પણ દોડી આવી હતી અને ત્રણેય મૃતકોની લાશ પોસ્ટમોર્ટમ અર્થે ભીલડીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડી હતી. જ્યાં પોસ્ટમોર્ટમ બાદ લાશો વાલીવારસોને સુપ્રત કરાતા હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. આ બનાવના પગલે પંથકમાં અરેટારી છવાઈ છે.

### રાહુલે ખાનગી...
પાના નં.૧ ચાલુ

કરી લીધો હોવાની ચર્ચાઓએ ભારે વેગ પકડ્યો છે. અંદરખાને ચાલતી આ વાત જો સાચી માનવામાં આવે તો નરેશ પટેલ એક આગવી ઓળખ ધરાવે છે. તેમજ લેઉઆ પટેલોને એક કરવામાં તેમનો ફાળો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ધનાઢ્ય અને વ્યહવાર કુશળ નરેશ પટેલને સફળ માનવામાં આવે છે તેમાં બે મત નથી.

નરેશ પટેલને ગુજરાતમાં મુખ્યમંત્રી પદનો ચહેરો બનાવવાથી પાટીદારોને કોંગ્રેસ તરફે કરી શકાશે તેમ કોંગ્રેસનું માનવું છે. નરેશ પટેલ માં ખોડલના આશીર્વાદ લઈને પાટીદાર સમાજના સહારે વિધાનસભા ૨૦૧૭માં ઝંપલાવે તો તે ગુજરાતના મુખ્યમંત્રી બની શકે છે.

ગુજરાતમાં એક જુથ નરેન્દ્ર મોદીની આપખુદશાહીની વિરુદ્ધ છે. ખુદ નરેન્દ્ર મોદી આ વાતે અજાણ હોય તેમ માનવું પણ અસ્થાને છે. ત્યારે ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ખરાખરીનો જંગ ખેલાશે તેમ માનવામાં આવી રહ્યું છે. પ્રજા કોની પર કળશ ઢોળશે તે સમય આવે જ ખબર પડશે. કોગ્રેસ પોતાની અગાઉની ભૂલને સમજી ગઈ છે. તે તેને સુધારવા અને બનતું કરી છૂટવા માંગે છે. પ્રજાનો વિશ્વાસ જીતવા સ્થાનિક આગેવાનો પણ કોઈ કચાશ નહિ રાખે. કોંગ્રેસ એક મજબૂત ઉમેદવારને મુખ્યમંત્રી તરીકે જાહેર કરશે તેમ માનવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ એક એવો ઉમેદવાર ઈચ્છે છે જે રાજનીતિની સાથે સમાજના દરેક લોકોનું હિત વિચારતા હોય. આવો વ્યક્તિ જો ઘોષિત કરવામાં આવે તો ભાજપનું ૧૫૦+નુંગણિત ઉંધા માથે પટકાય તેવું બને છે. જોવાનું એ રહે છે કે રાજકીય સોગઠાંબાજીમાં કોણ ક્યાં કેવી રીતે ગોઠવાય છે.

### કોન્ટ્રાક્ટર અને...
અનુસંધાન ૩ નુ ચાલુ..

તાજેતરમાં ભાભર તાલુકામાં પડેલા ભારે વરસાદથી નર્મદા કેનાલો ઠેરઠેર તૂટી ગઈ છે, કેનાલ તુટવાનું કારણ કેનાલ બાંધકામમાં વ્યાપક ગેરરીતિથી કેનાલોનું કામ એકદમ તકલાદી બન્યુ હતું. જે વારંવાર તૂટી રહ્યાના દાખલાઓ બન્યા છે. વગર વરસાદે પણ અગાઉ અનેક વખત આ કેનાલો તૂટી હતી. જેમાં ખેડુતોના ખેતરો અને ઊભા પાકોને નુકશાન થવા પામ્યુ હતું. ખેડુતોમાં તંત્ર સામે ભારે રોષ ઉઠવા પામ્યો છે. પંથકમાં ભારે વરસાદથી ચોમાસુ ખરીફ પાક નિષ્ફળ રહેવા પામ્યો છે. ખેડુતોને હવે શિયાળુ રવિ પાક તરફ આશા મંડાઈ છે. પરંતુ ભાભર પંથકના ખેડુતોની જીવાદોરી સમાન ભાભર ડિસ્ટ્રીકટ કેનાલ વરસાદમાં તુટી ગઈ હતી. સરકાર દ્વારા ખેડુતોના હિતોને ધ્યાને લઈ યુધ્ધના ધોરણે કેનાલ રીપેરની કામગીરી કરવાનો આદેશ આપ્યો છે. અને તુટેલ કેનાલના કોન્ટ્રાક્ટ પણ અપાઈ ગયા છે.

ભાભર ડીસ્ટ્રીક્ટ કેનાલ ભાભર તાલુકાના મીઠા ગામ પાસે ચાર રસ્તા પેટ્રોલ પંપની બાજુમાં મોટું ગાબડું પડ્યું છે. તેનું રીપેરીંગ કામ કેટલાક સમયથી ચાલુ કર્યું છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા તેના માણસો અને મજુરોના ભરોશે કામ ચાલી રહ્યું છે. હજુ સુધી પચાસ ટકા રીપેરીંગ કામ થયું નથી. કામમાં ગેરરીતિ કરીને હલ્કુ રીપેરીંગ કામ થતાં ખેડુતોમાં તંત્ર સામે રોષ ઉઠી રહ્યો છે. પરંતુ કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારી સ્થળ ઉપર જોવા મળતા નથી. મન ફાવે તેમ રીપેર થતાં ભવિષ્યમાં ફરીથી આ કેનાલ તૂટે તેમ છે. જેના કારણે ખેડુતો ભારે પરેશાન થાય છે. મીઠા ચોકડી નજીક તુટેલ ભાભર ડીસ્ટ્રીક્ટ કેનાલ કામમાં કેનાલની જગ્યાના બદલે ખેડુતના ખેતરમાં ખોદકામ થતાં ભારાજી ઠાકોર ગામના ખેડુતે કામ બંધ કરાવીને ન્યાયની માંગ કરી છે. તેથી કેનાલ રીપેર કામ ઘોંચમાં પડ્યું છે. જો આ કેનાલ રીપેરીંગ કામ ઝડપી પૂર્ણ નહી થાય તો ભાભર તાલુકાના ૨૨ ગામના ખેડુતોની ખેતીમાં કપાસ અને એરંડા પાક નષ્ટ થવાની ભીતીથી રોષ તંત્ર સામે ઉઠી રહ્યો છે. તંત્ર દ્વારા ૧૦ દિવસમાં રીપેરીંગ કામ ગુણવત્તાવાળુ પુરૂ કરીને કેનાલમાં પાણી છોડવામાં નહી આવે તો ખેડુતો ભુખ હડતાળ ઉપર બેસીને તંત્રનો વિરોધ કરશે તેવું કેટલાક ખેડુતોએ રોષ સાથે જણાવ્યું છે.

ભાભરથી વડપગ માત્ર ૮ કિ.મી. અંતર છે. ત્યાંથી કચ્છ શાખાની મુખ્ય નહેર પસાર થાય છે. તેમાંથી પાઈપ લાઈન ભાભર માઈનોર કેનાલમાં જોડવામાં આવે તો પણ અનેક ગામોના ખેડુતોનો પ્રશ્ન કાયમી હલ થાય તેમ છે. તંત્ર આ દિશામાં વિચારીને ભાભર માઈનોર કેનાલ ચાલુ કરાય તેવી ખેડુતોની માંગ છે.

### ડીસા ભટીયાણી...
અનુસંધાન ૩ નુ ચાલુ..

ત્યારબાદ સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ ડીસા નગરમાં હજારો ભક્તોની હાજરીમાં ભવ્ય શોભયાત્રા કાઢવામાં આવી હતી. રીજમેન્ટ, જલારામ મંદિર, તીન હનુમાન, કિશોર પાર્ક અને છેલ્લે તિરૂપતિ ટાઉનશીપ સુધી નીકળેલી આ શોભાયાત્રાનું ઠેરઠેર સ્વાગત-પૂજન કરવામાં આવ્યું.

ભટીયાણી માતા મંદિરના સદસ્ય કોકિલાબેન, નિલેશભાઈ, દેવીકાબેન, કલાબેન, બાબુભાઈ, કમલેશભાઈ, સહિત મંદિરના સદસ્યોએ સમસ્ત માઈ ભક્તોનો આભાર માન્યો હતો. સુખદેવ સેવા સંસ્થાનના પ્રમુખ સત્યનારાયણજી મહારાજે સૌને આશીર્વાદ પાઠવ્યા. દેવી ભાગવતના વક્તા પૂ.શ્રી યશવન્તજી મહારાજે આ દેવી અનુષ્ઠાનનું ફળ સમસ્ત ડીસાના ભાવિક ભક્તોના સર્વવિધ કલ્યાણ થાય તે હેતુથી સમર્પિત કર્યું.

### જુનાડીસામાં બે...
અનુસંધાન ૩ નુ ચાલુ..

ગોપાળભાઈ મોદી, શ્રવણભાઈ અનાવાડીયા, ડાહ્યાભાઈ અનાવાડીયા, જીતુભાઈ મંડોરા, ભરતભાઈ સોની, યાસિનભાઈ ચૌહાણ, ઈબ્રાહિમભાઈ ચાવડા, દાઉદકાકા ધાસુરા, અનારજી ઠાકોર, હનીફભાઈ સિન્ધી, મોઈનખાન સિન્ધી, ભુરાજી ઠાકોર, જીવણભાઈ છત્રાલિયા, સોમાભાઈ દેસાઈ, દલાભાઈ દેસાઈ, મગનભાઈ દેસાઈ, બદરેઆલમ ધાસુરા, બંસીભાઈ મોદી, મહેન્દ્રભાઈ અનાવાડીયા, ઈમરાન મેમણ, નટુભાઈ સોની, પી.સી.મોદી, કાન્તિભાઈ મોદી, હસમુખભાઈ મોદી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડે.સરપંચ ફારૂકભાઈ ધાસુરાએ કર્યુ હતું.

### ડીસા ગાયત્રી...
અનુસંધાન ૩ નુ ચાલુ..

અને દર્શનાર્થીઓ અને ધર્મપ્રેમી જનતાનો ઘસારો વધ્યો હતો. દશેરા પર્વના દિવસે ડીસા શક્તિપીઠ પર નવકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતુ અને અનુષ્ઠાન કરનાર સાધકોની પૂર્ણાહુતિ માટે સાધકો દ્વારા આહુતિ આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રીતિભોજનનું આયોજન દર વર્ષની માફક કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડીસા ગાયત્રી શક્તિપીઠ નોંધાયેલ સંખ્યા મુજબ આ નવરાત્રીમાં લગભગ ૧૭.૨૮ લાખ ગાયત્રી મંત્ર જપ, ૪૧૦૦૦ મંત્રલેખન અને ૧૨૧૦૦ ગાયત્રી ચાલીસા પાઠ થયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડીસા ગાયત્રી પરિવારના ભાઈ- બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### પાલનપુર-બનાસ...
અનુસંધાન ૩ નુ ચાલુ..

સુખી, સમૃધ્ધ બનાવવા સંકલ્પબધ્ધ બનવા અપીલ કરી છે. તેમણે કહ્યુ કે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી સંકલ્પ લઇ મંથન કરીએ કે આપણા દેશને સ્વચ્છ, સુંદર અને ભષ્ટ્રાચાર તથા આતંકવાદમુક્ત બનાવીશું.

મંત્રી ચૌધરીએ કહ્યુ કે વ્યસનો હંમેશા બરબાદી નોતરે છે ત્યારે કોઇપણ પ્રકારના વ્યસનોથી દૂર રહી સમૃધ્ધ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ. તેમણે કહ્યુ કે ભારતમાં ૬૫ ટકા યુવાધન છે આ યુવાધનનને ઉચ્ચ શિક્ષણ અપાવી આદર્શ અને સમૃધ્ધ પરિવાર તથા સમાજનું નિર્માણ કરીએ. તેમણે યુવાનોને જણાવ્યુ કે કોઇપણ પ્રકારના વ્યસનથી માણસની બરબાદી અને પતન થાય છે તે બાબત સારી રીતે સમજવાની જરૂર છે.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા નશાબંધી નિયોજક ગણેશભાઇ પટેલ, અગ્રણી જયંતિભાઇ ભાટી, બનાસ ડેરીના મેનેજર ર્ડા.દેશમુખ અને ર્ડા.એ.આર.વાઘેલા, જિલ્લા પંચાયતના અધિકારી કે.પી.પટેલ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### જાગૃતિ ટ્રસ્ટ બ.કાં....
અનુસંધાન ૩ નુ ચાલુ..

અને બાળકોને અશ્વિનભાઈ પરમાર દ્વારા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં દિવ્યા પંચાલ, નગરપાલિકા સદસ્ય બાબુભાઈ વણકર, કેશુભાઈ વણકર, મંગલ ગુર્જર, પ્રભાતભાઈ દેસાઈ, રિયાઝખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને સફળ બનાવવા જાગૃતિ કન્યા વિદ્યામંદિર અને જાગૃતિ પ્રાથમિક શાળાના આચાર્ય, શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

### વિધાનસભાની ચૂંટણીને ..
પાના નં.૮ ચાલુ

પોસ્ટરો ચર્ચાસ્પદ બન્યા છે. અગાઉ નવરાત્રિ દરમિયાન પણ પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં "વિકાસ ગાંડો થયો" અને " મારા હાળા છેતરી ગયા" ના બેનરો લાગ્યા હતા. આમ, ચૂંટણી નજીક આવતાની સાથે જ પોષ્ટર વોર શરૂ થઇ જતા વિધાનસભાના ચૂંટણી જંગનું લોકો દ્વારા કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે.

### બનાસકાંઠામાં...
પાના નં.૮ ચાલુ

પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે. કાંકરેજમાંથી ઈતર સમાજ અથવા રબારી સમાજને પ્રતિનિધિત્વ આપવા માટે મોટા સમાજની સામે સમગ્ર ઈતર સમાજ એક થયો હોવાનું જાણવા મળે છે. જો કે, કાંકરેજમાં પણ ૨૦૦૨ અને ૨૦૦૭ માં દરબાર સમાજના ઉમેદવારો નિષ્ફળ ગયા હતા. સામા પક્ષે કોંગ્રેસમાંથી દિયોદર બેઠક ઉપર હારેલા ગોવાભાઈ દેસાઈએ ૨૦૧૪ માં ડીસા બેઠક કબ્જે કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું. માટે દિયોદર બેઠકમાં હવે નવા ઉમેદવારની પસંદગી થશે કે પછી ગોવાભાઈ દેસાઈ પાછા દિયોદર તો નહી જાય ને? તેવો સળવળાટ પણ થઈ રહ્યો છે.

### ડીસા નગરપાલિકા...
પાના નં.૮ ચાલુ

ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણ પ્રવિણભાઇ માળી, શહેર ભાજપ પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, પાલિકાના શાસક પક્ષના નેતા નિલેષ ઠક્કર, જિલ્લા બક્ષી મોરચાના અધ્યક્ષ રમેશ દેલવાડીયા તેમજ પાલિકાના કોર્પોરેટરો અને વેપારીઓ વગેરેની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડીસા નગરપાલિકામાં કર્મચારીઓને પણ સેવાકીય પ્રવૃત્તિ બદલ બિરદાવ્યા હતા .જેમાં પાલિકાના ફાયર વિભાગના સુપ્રિટેન્ડેન્ટ ભરતસિંહ જાદવ અને તેમની ટીમને સુંદર કામગીરી બદલ એવોર્ડ અપાયો હતો. જ્યારે પાલિકાના શબવાહીનીના ડ્રાયવર બળવંતસિંહ ને પણ શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ અપાયો હતો. આ પ્રસંગે પ્રમુખ પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, પાલિકા દ્વારા સ્વચ્છતા અને સેવા અંગે સ્પેશિયલ ટીમ દ્વારા સર્વે કરાયો હતો તેમજ લોકોને સ્વચ્છતા અંગે પ્રેરણા મળે તે માટે એવોર્ડ આપી સોસાયટી હોસ્પિટલ સહિત પાલિકાની વિવિધ ટીમોને સન્માનિત કરાયા હતા.

### તંત્રની આડેધડ...
પાના નં.૮ ચાલુ

બસ ટ્રીપો માટે યુનીયનની ત્રણ પાંખો એક કરીને હક્કની સામે ફરજ પણ બજાવવાની સુચના સાથે એસટીની કથળતી સેવા માટે સ્થાનિક સ્ટાફની ઘેર રોટલા ખાવાની આદતને જવાબદાર ગણાવી દુઃખ વ્યક્ત કર્યું હતું.પીવાના પાણી માટે અલગ ફીલ્ટર પ્લાન્ટ આપ્યો હોવાનું જણાવી નગરમાં ઉભરાતી ગટરો માટે પાલિકા અને કોન્ટ્રાઅલક્ટર જવાબદાર ગણાવી સરકારે આરોગ્ય, શિક્ષણ, વિજળી,વિવિધ વિભાગોમાં સ્ટાફ અંગે કરેલા વિકાસગાથા વર્ણવી હતી.એસ ટી નિગમના બોર્ડ ઓફ ડીરેક્ટર દિનેશભાઇ અનાવડીયાએ કૉંગ્રેસના શાસનમાં બંધ થવાને આરે ઉભેલી એસટીને ભાજપ સરકારે દરવર્ષે નવી ૧૦૦૦થી ૧૬૦૦ બસોની ફાળવણી કરી ઉગારી લીધાનું જણાવી ભાજપે કરેલો વિકાસ જોઇને કૉંગ્રેસ ગાંડી થઇ હોવાનું જણાવ્યું હતું.જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઇ દવેએ ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડવાની ઉપસ્થિત જનમેદનીને હાકલ કરી હતી.આ કાર્યક્રમમાં સંઘના ચેરમને જીવરાજકાકા,તાલુકા ભાજપપ્રમુખ રૂપસીભાઇ પટેલ, શહેર પ્રમુખ વસંતભાઇ ત્રિવેદી, મહામંત્રી જેહાભાઇ હડીયલ, બક્ષીમોર્ચાના પ્રમુખ કિશનલાલ પ્રજાપતિ, જિલ્લા મહિલા મોર્ચાના પ્રમુખ ચંદ્રીકાબેન પટેલ,ખાનાભાઇ પટેલ, અજયભાઇ ઓઝા, શૈલેષભાઇ પટેલ,ઓખાભાઇ પટેલ, પીરાભાઇ નઝાર,ડૉ રિતેશ પ્રજાપતિ, નંદુભાઇ મહેશ્વરી, મહેશ્વરી, વાલજી મઢવી, વિનોદ પટેલ તથા એસટીના વિભાગીય નિયામક, ડેપોમેનેજર, એસટીના સલાહકાર મંડળના સદસ્યો, ત્રણેય યુનિયનના પ્રમુખો તથા અન્ય પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વાવના રાધાનેસડા...
પાના નં.૮ ચાલુ

ટુરીઝમથી સરહદી વાવ અને સૂઈગામ પંથક વિકાસની હરણફાળ ભરશે. જે ખાતમુહર્ત પ્રસંગે બહોળી સંખ્યામાં કાર્યકર મિત્રોને ઉપસ્થિત રહેવા માટે વાવ ભાજપ અગ્રણીઓએ અનુરોધ કરેલ છે.

### બટાટા અને ...
પાના નં.૮ ચાલુ

દ્વારા તા.૬ ઓક્ટોમ્બર ૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે ડીસામાં ગાયત્રી મંદિર રોડ સ્થિત શ્રી રઘુવંશી લોહાણા સમાજની વાડી ખાતે એક પરિસંવાદ અને તાલીમનું આયોજન કરાયુ છે.

આ પરિસંવાદમાં બટાટા અને દાડમની ખેતી સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકો ખેતીવાડી ખાતાના મહાનુભાવો કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો તથા જૈન ઈરિગેશન કંપનીના બટાટા અને દાડમના પાકના અનુભવી વિષય નિષ્ણાંતો ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડશે. અને તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ કરશે. આ પરિસંવાદમાં રાજેન્દ્ર કૃષિ યુનિવર્સિટી પુશા બિહારના (રિહારીના પૂર્વ કુલપતિ ડો.એચ.પી.સીંગ કેન્દ્રીય બટાટા સંશોધન કેન્દ્ર શિમલાના ડો.બી.પી.સીંગ, જૈન ઈરિગેશન જગમાલના વાઈસ પ્રેસીડેન્ટ ડો.કે.બી.પાટીલ, જૈન ઈરીગેશન વડોદરાના સ્ટેટ ઈન્ચાર્જ ડો.સંગીતા ભટ્ટ તથા ચીફ ઓર્ગોનોમિસ્ટ ડો.અશોકમિશ્રા ઉપસ્થિત રહેશે.

### વાવ અને...
પાના નં.૮ ચાલુ

ઉપયોગ શરૂ કરી ગાંધીનગર - દિલ્હી સુધીના ચક્રો શરૂ કરી દીધા છે. જો કે વાવ- થરાદ બેઠક ઉપર કોંગ્રેસની ટીકીટ મેળવવા ઈચ્છતા તમામ ઈચ્છુક ઉમેદવારો મજબુત નેતા છે. આ બે બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારોની લાંબી કતાર લાગી ગઈ છે. જેમાં વાવ બેઠક ઉપર અનેક દાવેદારોના નામો ચાલી રહ્યા છે. દરેક ઉમેદવારોએ ટીકીટ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું છે. ટીકીટની જાહેરાત દિવાળી પહેલાં થઈ જશે ત્યારે દિવાળીના મહાપર્વમાં ‘‘કહી ખુશી કહી ગમ’’ ના દશ્યો સર્જાશે.

## વડગામના લક્ષ્મણપુરા યુવક મંડળ દ્વારા જિલ્લા તલાટી મંડળના પ્રમુખનું સન્માન




તા.પ્રતિનિધિ વડગામ

નવરાત્રી ઉત્સવ ૨૦૧૭ ની ઉજવણી પ્રસંગે માદરે વતન વડગામની મુલાકાતે આવેલ બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળના પ્રમુખ કિરણભાઈ ડી.વડગામાનું લક્ષ્મણપુરા યુવક મંડળ દ્વારા આઠમા નવરાત્રીએ વિશિષ્ઠ સન્માન કરાયું હતું. અગ્રણી ચેલજીભાઈ આર. ઉપલાણા (ચૌધરી), માર્કેટયાર્ડ સેક્રેટરી માંઘજીભાઈ જી. ધુળીયા, ડૉ.અતુલભાઈ કે. ચૌધરી, મહેન્દ્રા ફા.કં.ના મેનેજર હિતેશભાઈ કે. ચૌધરી, એલઆઈસી કરોડપતિ વિમા એડવાઈઝર માંઘજીભાઈ બી. ધુળીયા, તા. કિસાન ભાજપ પ્રમુખ કાંનજીભાઈ જી. ધુળીયા વગેરે તમામ યુવાનોએ કિરણભાઈ વડગામાને આવકાર્યા હતા.

## ખીમાણા ગામે નવરાત્રી પર્વનું સમાપન




પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે શ્રી મહાકાળી નવ યુવક મંડળ દ્વારા નવરાત્રી ગરબાનું આયોજન કરાયું હતું. ગામમાં પ્રાચીન પરંપરા મુજબ માના નોરતાની ઉજવણી કરવામાં આવે છે. ગામ મધ્યે ચોરાના ચોકમાં ભવ્ય નવરાત્રી મહોત્સવ યોજાયો હતો.

જેમાં પ્રસાદ, આરતી તેમજ દાતાઓ થકી નાની મોટી ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવી હતી.

## વડગામમાં ડિરેક્ટરીનું વિમોચન કરાયું




તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકામાં ધંધા-વ્યવસાયે વર્ષોથી સ્થાયી મહેશ્વરી સમાજના સંગઠન દ્વારા તાજેતરમાં ડિરેક્ટરીનું વિમોચન કરાયું હતું. પ્રમુખ અનિલભાઈ, મંત્રી વિનોદભાઈ રાઠી, ખજાનચી પ્રકાશભાઈના હસ્તે ડિરેક્ટરી વિતરણ કરાઈ હતી. તથા ટુંક સમયમાં રક્તદાન કેમ્પ યોજવાની જાહેરાત કરાઈ હતી અને મહેશ્વરી સમાજનું ભવન બનાવવા ચર્ચા વિચારણા કરાઈ હતી.

## વડગામમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

નવરાત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિના ભાગરૂપે વડગામ ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે ગઈકાલ શનિવારે યજ્ઞ યોજાયો હતો. જેમાં મગરવાડા, ભરોડ, વડગામ, ભાંગરોડીયા શાખાના પરિજન ભાઈઓ જોડાયા હતા. કરશનજી ભગત, મહોતભાઈ ભગતે યજ્ઞ કાર્યનું સફળ સંચાલન કર્યું હતું.

## નારાજ થઇને અણ્ણાનો મોદીને પત્ર : રાજઘાટ ઉપર સત્યાગ્રહ

નવીદિલ્હી

લોકપાલ આંદોલનથી ચર્ચામાં આવેલા અણ્ણા હઝારે આજે દિલ્હીના રાજઘાટ ઉપર ફરી એકવાર સત્યાગ્રહ ઉપર બેસી ગયા હતા. અણ્ણા હઝારે એક દિવસના સત્યાગ્રહ ઉપર ઉતરી જતાં આની આજે દિવસ દરમિયાન ચર્ચા રહી હતી. તેમનું કહેવું છે કે, ત્રણ વર્ષ બાદ પણ મોદી સરકાર પોતાના ઘણા વચનો હજુ પાળી શકી નથી. જેના કારણે તેઓ દુખી છે. અણ્ણા હજારેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને અનેક વચનોની યાદ અપાવી છે. વધી રહેલા ભ્રષ્ટાચાર અને લોકપાલ તેમજ લોકાયુક્ત કાયદાને અમલી ન બનાવવાને લઈને અણ્ણા સત્યાગ્રહ ઉપર આજે ઉતરી ગયા હતા. ભ્રષ્ટાચારમુક્ત ભારત બનાવવા માટે દેશમાં લોકપાલ અને રાજ્યોમાં લોકાયુક્ત બનાવવાની વાત થઇ હતી. વિદેશમાં છુપાયેલા કાળા નાણાને ૩૦ દિવસમાં પરત લવાશે. નોટબંધીથી દેશમાં છુપાયેલા કાળા નાણાને બહાર લવાશે. ખેડૂતોની આત્મહત્યાને રોકવામાં આવશે. ખેડૂતોને પાકના ઉત્પાદનના મુલ્ય પર આધારિત યોગ્ય કિંમતો મળશે. સ્વામીનાથન રિપોર્ટને અમલી કરવામાં આવશે. મહિલાઓને સુરક્ષા અને સન્માન મળશે. દેશના તમામ સ્તરના લોકોની સમસ્યાઓનો યોગ્ય સમયે નિકાલ કરવામાં આવશે. દેશમાં સારા દિવસો આવશે. આવા અનેક વચનો આપવામાં આવ્યા હતા. પ્રજા હજુ પણ આશા લગાવીને બેઠી છે પરંતુ ત્રણ વર્ષ બાદ પણ મોટાભાગની સમસ્યાઓ અકબંધ છે અને વચનો અધુરા છે. ખેડૂતોની આત્મહત્યા વધી રહી છે. સ્વામીનાથન કમિટિની રિપોર્ટ ઉપર કામ થયું નથી. વર્તમાન સ્થિતિમાં એશિયા સ્થિત તમામ દેશોમાં ભ્રષ્ટાચારને લઈને ભારત સૌથી આગળ છે. દેશની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને સત્યાગ્રહ કરવાની ફરજ પડી રહી છે. ભ્રષ્ટાચાર સામે મોટું જનઆંદોલન કરવામાં આવ્યું હતું જેના લીધે સંસદમાં લોકપાલ અને લોકાયુક્ત કાયદાને પસાર કરવાની ફરજ પડી હતી. તે વખતે દેશના લોકો જાહેરમાર્ગો ઉપર આવી ગયા હતા. ઓગસ્ટ ક્રાંતિ કરવામાં આવી હતી.

### ચિંતન...
અનુસંધાન ૫ નું ચાલું

નવલાં નોરતામાં માં શક્તિની ઉપાસના આરાધના કરીને દુર્ગાષ્ટમીએ હવન, હોમ કરી આહુતિ અર્પી શું થયું? એ ઉપાસના, આરાધનાની પ્રક્રિયામાં હૃદય-મનને કઈ સાચી દિશા.. દશાનો સળવળાટ મળ્યો.. ? ફકત બાહ્ય દેખાડા પુરતાં જ શ્રાવણ ને નોરતાં કરવાનાં ? શ્રાવણમાં દાઢી મુછ વધે ને હૃદય મનમાં તો એ જ મદ, મોહ, અભિમાન, ઈર્ષ્યા, વેર મનસ્ય લોભ લાલચ જેવી વિકૃતિઓના જાળાં બાઝેલાં જ રહે એ શું કામના ? સાચી આરાધના-ઉપાસના થાય તો કયાંયથી કોઈ રાવણ, દુર્યોધનની ઉત્પત્તિ જ ન થાય. સર્વત્ર રામરાજયની સ્થાપનાને ઘોર અંધારી અમાસની કાળી રાત્રીમાં દિવ્ય પ્રકાશપુંજ પથરાય ને દિપોત્સવી લાગે.

**દ્વેષ અને દુર્ભાવથી આકુળ વ્યાકુળ થાય !**
**સ્નેહ અને સદ્દ્ભાવથી હર્ષિત પુલકીત થાય !!**

માનવીનું હૃદય મન દ્વેષ અને દુર્ભાવથી આકુળ વ્યાકુળ થઈ ઉઠે છે. કોઈ વિસ્તાર, ગામ કે સોસાયટીમાં ભાડે કે વેચાતું મકાન રાખતાં પહેલાં એ ચોક્કસ તપાસવામાં આવે છે કે સોસાયટીમાં રહેતા અને આપણા પડોશી કેવા છે ? સ્નેહ અને સદ્ભાવનાની જ્યાં લહેર ઉડતી હોય ત્યાં ગોકુળ ધામ જ સ્થાપિત થાય ને હૃદય-મન આનંદિત જ રહે છે ત્યાં સુખના સરવાળાને દુ:ખની બાદબાકી હોય છે. એકમેકના દુ:ખમાં સૌ કોઈ સંગાથ રહે છે. આવા પાડોશી સોસાયટીમાં રાગ દ્વેષ, ઈર્ષ્યા, દુર્ભાવની કોઈ છાંટ હોતી જ નથી. અહીં તો બધા હૃદય-મન એક જ પંક્તિથી ધ્રુજે છે. સર્વે ભવન્તુ સુખિન: સર્વે સંતુ નિરામય :!

વાંચક મિત્રો નવલાં નોરતાંનો થાક શરદ પુનમના રાસ ગરબાને ખીરપુરીની લિજ્જતથી ઉતરી જશે. દશ દિવસના આરામ બાદ દિપોત્સવી તહેવારોનો થનગનાટ શરૂ થશે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ અને દેવદીવાળી આ ઘટમાળના મણકાને હૃદય-મનથી ગોઠવીને ચિંતન કરશો કે ભારતીય સંસ્કૃતિની આ ઉત્તમ દેન, એકતા અખંડીતતા સાથે સુખાકારી સમૃદ્ધિ આરોગ્યથી જીવનને ભરપુર બનાવવાનો ભગીરથ પ્રયાસ જ છે. નવલાં નોરતા, મોહરમની શાંતિ હર્ષોલ્લાસ કાયમી જળવાઈ રહે, હિંદુ-મુસ્લિમ, શીખ-ઈસાઈ-જૈન, પારસી, ખ્રિસ્તી સૌ સંપ્રદાયના લોકો સુખ શાંતિથી જીવે અને જીવવા દો.. ઉ.કોરીયા અમેરીકાની ચળવળ બંધ થાય, ઉ.કોરીયાના શાસકને માં શક્તિ સદ્બુધ્ધિ અર્પે તેવી પ્રાર્થના સહ અસ્તુ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

### શ્રધા અને સંસ્કાર...
અનુસંધાન ૫ નું ચાલુ

રાત્રે ભારતી અને ભાગીરથી બંને નવરાં હતા. તેથી સમય પાસ કરવા અલકમલકની વાતો કરતાં હતાં. વાતમાં ને વાતમાં ભાગીરથીએ ભારતીને કહ્યું : મને જુગાર રમવામાં બહુ રસ છે. એના માટે અહીં કોઈ વ્યવસ્થા છે ?

ભાગીરથીની વાત સાંભળીને ભારતી તો ખુશ ખુશ થઈ ગઈ. તેણેવિચાર્યું :વાહ ! મારૂં કેવું સરસ ભાગ્ય છે ? હમણાં તો મને રોજ ભાવતું જ ભોજન મળે છે. બે ત્રણ દિવસ પહેલાં તો મારે સામેથી કહેવું પડયું હતું. જ્યારે આજે તો સામેથી જુગાર રમવા માટે મને આમંત્રણ આપે છે. તરત જ તે સોગઠા વગેરે જુગાર રમવાની સામગ્રી લઈને આવી પણ બિચારી ભારતીને કયાં ખબર છે કે હું ઠગ છું તો આ મહાઠગ છે. કુશલને મેં ઠગ્યો તો એના વતી આ મને જવાબ આપવા આવી છે.

જુગાર રમવાની શરૂઆત થઈ.

રાત્રીના અંધારામાં દિપકનો ઝળહળતો પ્રકાશ..

એક બાજુ ભારતી ને બીજી બાજુ ભાગીરથી..

ભારતીની બાજુમાં પેલો બિલાડો પણ બેઠો જ હતો. પાસા ફેંકવામાં તો બંને ય માસ્ટર હતાં. એટલે રમત જામતાં જામતાં બહુ વાર થઈ ગઈ પણ જેવી રમત પરાકાષ્ટાએ પહોંચી તો તરત જ દીવાને બુઝવવા માટે ભારતીએ બિલાડાને ઈશારો કર્યો.

ભાગીરથી પણ મહાચાલાક હતી જેવો ભારતીએ બિલાડાને ઈશારો કર્યો ને તરત જ તેણે પોતાની થેલીમાં રહેલો ઉંદર બહાર કાઢયો. ઉંદર દોડતો દોડતો બારણાની બહાર જતો રહ્યો. ઉંદરને ભાગતો જોઈને બિલાડો દિવા ઉપર કુદવાની જગ્યાએ તેની પાછળ તેની પાછળ દોડયો. અંધારૂં કરવા માટેની ભારતીની ચાલ સાવ નિષ્ફળ ગઈ. પાસા બદલવાની તક ન મળતાં તે રમતમાં હારી. આમ ઉંદરની ચાલમાં અને રમતમાં એમ બંનેયમાં ભાગ્ય વતી ભાગીરથીનો જ જય થયો. વારંવાર એવું જ થયું. ભારતીએ લુચ્ચાઈ કરીને જેટલું ધન કુશલ પાસેથી મેળવ્યું હતું તેટલું જ ધન ભાગીરથીએ ભારતીને હરાવીને પાછું મેળવીલીધું.

બીજે દિવસે સવારે ભાગીરથી પોતાના મુળ વેશમાં આવી. બાજુના ઓરડામાં રહેલા પોતાના પતિ કુશલને મળી. બંને ભારતી પાસે ગયાં. જેટલું ધન ભારતીને આપવાનું બાકી હતું તે ભાગીરથીએ ચુકવ્યું. ભારતી પાસેથી કુશલને છોડાવીને સેવકો સાથે ગાડામાં બેસીને તેઓ પોતાના ગામ ધનપુર તરફ રવાનાં થયાં. રસ્તામાં સેવકે નગરમાં બનેલો સર્વવૃત્તાંત કુશલને કહ્યો. કુશલ તો સાંભળતાં જ ગાંડો થઈ ગયો : વાહ ! મારી પત્ની આટલી બધી ચતુર છે..?

ગામમાં આવ્યા પછી તેઓ ઘરે ગયાં. કુશલતાપુર્વક પુત્ર અને પુત્રવધુને આવેલા જોઈને માતા પિતા ચિંતામુકત થયાં. થાક ઉતારીને માતા પિતા આગળ કુશલે નગરમાં થયેલા પ્રસંગનું વર્ણન કરતાં ભાગીરથીની બુદ્ધિનું વર્ણન કર્યું. આવી સરસ બુદ્ધિ જોઈને અચલ શ્રેષ્ઠી મનોમન બોલી ગયા કે ભલે મારો પુત્ર કુશલ સંપત્તિ અને સત્તાનું રક્ષણ ન કરી શકે પણ મારી પુત્રવધુ તો એનું રક્ષણ કરશે જ..

ખરેખર બુદ્ધિશાળી જીવો માત્ર સંપત્તિનું જ નહીં પણ યશ, કીર્તિ વગેરે સર્વ સંપત્તિઓનું રક્ષણ કરે છે. **મુનિ રાજસુંદર વિજય**

### સૌરભ...
અનુસંધાન ૫ નું ચાલું

પણ બહાર જરૂર આવે છે. પાપ કરીને શરાફ થઈને ફરવાવાળા એ સમજી લે કે મેં કરેલું પાપ કર્મ બીજા કોઈએ નથી જોયું પણ ભગવાન તો જાણે છે અને મારી અંતરાત્મા તો જાણે જ છે.બીજાની આગળ ખોટું શકીએ પરંતુ પોતાની અંતરાત્મા આગળ ખોટું બોલી શકીએ નહીં. મનરૂપી દર્પણમાં કરેલાં કર્મોનો ચહેરો સ્પષ્ટ નજર આવે છે. પાપકર્મ કરીને ખોટું બોલવાવાળા વિચાર કરે જ્યારે ફળ ભોગવવાનો સમય આવશે ત્યારે કોઈ છુટી શકશે નહીં.

ગીતામાં કર્મનો સંદેશ આપતાં ભગવાન કહે છે કે આપણે સારાં કર્મો કરો. ફળની આશા ન રાખો. સારા કર્મોનું ફળ સારું જ મળવાનું છે. સારું કરીને ભુલી જાઓ તો પણ સારાં કર્મોનું ફળ સારું મળવાનું જ છે. આપણે સારું કર્મ કરીને યાદ રાખીએ છીએ. અને ખરાબ કર્મ કરીને ભુલી જવા માગીએ છીએ. પરંતુ પાપ કર્મોના સળવળીને સાપોની જેમ બહાર આવ્યા વિના રહેતો નથી. માટે પાપકર્મોને ઢાંકીને ન રાખો. પાપકર્મો બહાર આવે તે પહેલા આપણે જ આપણી ભુલોનો એકરાર કરીએ અને કર્મોને સુધારીએ. ફરી ક્યારેય પાપ કર્મો ન કરવાનો દૃઢ સંકલ્પ કરીએ. દુનિયામાં પણ જુદા જુદા ખરાબ કર્મો ન થાય અને જો કોઈ ખરાબ કર્મ કરે તો તેના માટે સજાની જોગવાઈ રાખવામાં આવેલી છે. તેની પાછળ એક જ કારણ છે કે સજાના ડરથી પણ કોઈ ખરાબ કર્મ કરીને એક બીજાને પરેશાન ન કરે. પરંતુ ઘણા લોકો માટે સજા પણ કંઈ જ નથી. ઘણા એવું માને છે કે “જેલમાં રોટલા ખાઈશું શું ફર્ક પડવાનો હતો ?” આવું કહેવાવાળાને કોઈ માન સન્માન, અપરાધની વૃત્તિનો અહેસાસ, કંઈક ખોટું કર્યાની મહેસુસતા જેવું કશુ જ નથી અને કોઈના મન ઘણું અપમાન લાગે છે.

કર્મો ઉપર ધ્યાન આપીને શ્રેષ્ઠ કર્મ કરીએ ફળદાર વૃક્ષો વાવ્યાં હસે તો આપણે નહી તો આપણાં વારસદાર વાપરશે. અને કાંઈ એવું વિચારે કે વાવું હુ અને ખાઉં દરેકની વિચારધારા અલગ અલગ છે. પરંતુ પરોપકારની ભાવનાથી થયેલાં શ્રેષ્ઠ કર્મો કરો ફળની આશા ન રાખો.

**બી.કે. નીતાબેન**

# લોલાડા ના નાગેશ્વરી મંદિરે શસ્ત્ર પુજન યોજાયુ



સાદુલસીંહ રાઠોડ

શંખેશ્વર તાલુકાના છેવાડાના લોલાડા ખાતે (૯૦૦)વર્ષ પુરાણા પાચીન શ્રી નાગેશ્વરી માતાજી ના મંદિર ના મહંત શ્રી શીવાનંદ બાપુ અને મહંત મનુબાપુ નિશ્રામા મુડેઠા સમસ્ત રાઠોડ સહિત અજાવત રાઠોડ શ્રત્રિય સમાજ દ્વારા દશેરા ના પાવન અવસરે શસ્ત્ર પુજન હવન અને સ્નેહ સંમેલન યોજાયુ હતુ જેમા વિશાળ સંખ્યા માં ક્ષત્રિય રાઠોડ સમાજ તેમજ અગ્રણી ઓ અને મુડેઠા માજી જીલ્લા ડેલીગેટ ભીખાજી ચતરાજી રાઠોડ અને જીલ્લા ડેલીગેટ બબાજી જગાજી રાઠોડ તથા નકળંગ યુવક મંડળ તેથી વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# હારીજ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમની કચેરી રામભરોસે

હારીજ

હારીજ તાલુકામાં સિંચાઈ અને પાણીની સુચારુ વ્યવસ્થાના ભાગરૂપે વહીવટી અનુકુળતા માટે હારીજ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમની પેટા કચેરી વર્ષોથી કાર્યરત છે. જો કે તેની જાળવણી અને વરસાદનું પાણી પડતાં કચેરી ખંડેર હાલતમાં જણાય છે.

સરદાર સરોવર નર્મદા નિગમની કચેરી ૬૪ નું મહેકમ છે, પણ સમયાંતરે આ કચેરીમાં મહેકમ ઘટીને માત્ર ૨૧ એ પહોંચ્યું છે. કાયમી કર્મચારી તરીકે ૧ સિનિયર ક્લાર્કથી વહીવટ ચાલે છે, બાકીના ૨૦ જગ્યા પર કરાર આધારિત કર્મચારી કામ કરે છે અને જે વહીવટકર્તા કલાર્ક છે તે પણ આગામી બે મહિનામાં રિટાયર થાય છે ત્યારે આ સમગ્ર કચેરીનું કામકાજ અને માળખુ રામભરોસે ચાલશે.

અહીં આ જગ્યામાં કેટલાય ક્વાર્ટર અને બિલ્ડીંગ બનાવવામાં આવ્યા છે. પરંતુ જાળવણી અને વરસાદી પાણીના ભરાવાથી ક્વાર્ટર ખંડેર હાલતમાં ઉભા છે. અને સરકાર પર લાખો રૂપિયાનો ભાડાનો બોજ પડી રહ્યો છે. કચેરી કાર્યરત હોવા છતાં ભુતિયા વિભાગ જેવી ભાસે છે.

# પાટણમાં ટાંકવાડા રોડ પર બાઈક રિક્ષાને અથડાતાં ત્રણને ઈજા

પાટણ

પાટણમાં રાજકાવાડામાં મુખ્ય રોડ પર આવેલી ન્યુ જનતા હોસ્પિટલથી ટાંકવાડા રસ્તા પર બાઈક અને રીક્ષા અથડાતાં રીક્ષામાં સવાર મુસાફરો પૈકી ત્રણ મુસાફરોને સામાન્ય ઈજા થવા પામી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં ન્યુ જનતા હોસ્પિટલથી પાટણના રહીશ બાબુભાઈ ચેતનભાઈ ખમાર તેમના બાઈક ઉપર ટાંકવાડા જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી રિક્ષાને ટક્કર મારતાં રિક્ષામાં સવાર મુસાફરો પૈકીના ત્રણને હાથ પગે ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

## મા બહુચરને ૩૦૦ કરોડના નવલખા હારનો શણગાર, ૨૩૪ વર્ષ પૂર્વે અર્પણ કરાયો

બહુચરાજી

તીર્થધામ બહુચરાજીમાં વિજયાદશમી (દશેરા)ના પવિત્ર પર્વે શનિવારે સાંજના ૪ વાગે બહુચર માતાજીની પાલખીયાત્રા સદીઓ જૂની પરંપરા મુજબ બેચર ગામે શમીવૃક્ષ પૂજન માટે નીકળી ત્યારે માતાજીને અંદાજે રૂ.૩૦૦ કરોડની કિંમતનો નવલખો હાર પહેરાવાયો હતો. આ હાર વર્ષમાં માત્ર દશેરાના દિવસે જ માતાજીને પહેરાવાય છે. વડોદરાના રાજવી શ્રીમંત માનાજીરાવ ગાયકવાડ જ્યારે કડી પ્રાંતના સુબા હતા ત્યારે તેમને પાઠાનું અસાધ્ય દર્દ હતું, જે માતાજીની કૃપાથી મટી ગયા બાદ તેમની રાજા બનવાની મનોકામના પણ પૂર્ણ થઈ હતી. આથી તેમણે અહીં સને ૧૮૩૯માં ૫૬ ફૂટ ઊંચું શિખરબધ્ધ મંદિર બંધાવી માતાજીને અમૂલ્ય નવલખો હાર અર્પણ કર્યો હતો. આ કિંમતી હાર વહીવટદારની ખાસ કસ્ટડીમાં રખાય છે. પાલખીયાત્રા સમયે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# રાધનપુરમાં વઘારેલી ખીચડીના પ્રસાદનું વિતરણ કરાયું



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ
રાધનપુર

રાધનપુર શહેરમાં શ્રી જલારામ સત્સંગ મંડળ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ગરીબ અને પછાત વિસ્તારોમાં દર રવિવારે વઘારેલી ખીચડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે, આ રવિવારે ગાંધીધામના સાવનકુમાર જયંતીલાલ હાલાણીના આર્થિક સહયોગથી ખીચડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.દર રવિવારે શહેરના વાદિવસાહત, જી.આઈ.ડી.સી.ની પાછળની ઝુપડપટ્ટી,શાંતિધામની પાછળની ગરીબ વસ્તી સહીત ગરીબ વિસ્તારોમાં દાતાઓના સહયોગથી ખીચડીનું વિતરણ કરવામાં આવે છે.શ્રી જલારામ સત્સંગ મંડળના કાર્યકરો પોતાના ધંધા-રોજગાર મૂકીને સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

# સિંચાઇ યોજનાથી ઉત્તર ગુજરાતમાં સામાજિક,સાંસ્કૃતિક, વ્યવસાયિક અને આર્થિક પરિવર્તનો આવશે : નાયબ મુખ્યમંત્રી



મહેસાણા

મહાત્મા ગાંધી અને લોખંડી પુરૂષ શ્રી સરદાર પટેલની ભૂમિને વંદન કરીને ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.વૈકૈયા નાયડુએ જણાવ્યું હતું કે ભારતની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે ક્યાંક વધુ વરસાદ પડે છે તો ક્યાંક સુકુ રહે છે. દેશના દરેક પ્રાન્તનો સમતોલ વિકાસ કરવાના ઉમદા આશયથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નદીઓનું જોડાણ કરવાના ભગીરથ કાર્યનો આરંભ કર્યો છે.પાણી પહોંચાડવાનું કામ પવિત્ર છે તેવું પણ તેમણે ભારપુર્વક જણાવ્યું હતું.ગ્રામ રાજ્ય વિના રામરાજ્ય અશક્ય છે તેવું કહી ઉપરાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું , કે ગામડાના વિકાસ સિવાય રાષ્ટ્રનો વિકાસ શક્ય નથી. ગામડાનો વિકાસ કરવા માટે ગામડાઓને રસ્તાથી જોડવા ખુબ જરૂરી છે. ગુજરાતીમાં સંબોધન કરતાં ઉપરાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતી મીઠી ભાષા છે, ગુજરાતીઓ મીઠા છે તથા ખાવાનું પણ મીઠું છે. જેથી મારા સંબધો ગુજરાતીઓ સાથે ખુબજ મીઠી લાગણીથી બંધાઈ ગયા છે. જળના ઉપલબ્ધ સંશાધનોને પાણીની અછત વાળા વિસ્તારમાં પહોંચાડવામાં આવે તો સમતોલ વહેંચણી થઇ શકે અને તેના માટે નદીમાં વહી જતા પાણીને રોકીને અછત નિવારી શકાય. તેમણે સુજલામ સુફલામ યોજનાથી ૪૪,૦૦૦ એકર જમીન હરીયાળી થશે તે આનંદની વાત છે, તેમણે દરેક ખેતરોને પાણી આપવાની સરકારની કટિબધ્ધતા આવકારી હતી. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પાણીનો વિવેકપુર્ણ ઉપયોગ કરવા જણાવ્યું હતું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે સુજલામ સુફલામ યોજનાનું લોકાર્પણ અને ખાતમુર્હુત મહેસાણા જિલ્લા માટે આશીર્વાદ

સમાન બની રહેશે તેમ જણાવ્યું હતું. રૂ.૧૨૪૩ કરોડની પાઇપ લાઇન દ્વારા જિલ્લાની ધરતી નવપલ્લવીત બનશે અને તથા પશુપાલન ઉધોગને વેગ મળતા જીવન ધોરણ ઉંચા આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું ખેડૂતોને સમૃધ્ધ કરવાનું સ્વપ્ન સાકાર થશે

નીતિનભાઇ પટેલે ભુતકાળમાં પાણીના તળ નીચા જવા અને ફ્લોરાઇડયુક્ત પાણીથી જિલ્લાના નાગરિકોને સ્વાસ્થ્ય ની તકલીફ પડતી હતી તે હવે સુજલામ સુફલામ યોજનાથી દુર થશે તેમ જણાવ્યું હતું.

જળસંપત્તિ રાજ્ય મંત્રી નાનુંભાઇ વાનાણીએ જણાવ્યું હતું કે એક સમયે ગુજરાતમાં પાણીની અસમતોલ વહેંચણી હતી. દક્ષિણ ગુજરાતમાં ૩૦ ટકા ભૂમિ ભાગ અને ૭૦ ટકા પાણી હતું. કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૭૦ ટકા ભૂમિ ભાગ અને ૩૦ ટકા પાણી હતું. રાજ્યની શાસનધુરા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ સંભાળ્યા પછી ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યા હલ કરવા સુજલામ સૂફલામ યોજના કાર્યરત કરાવી હતી જેની ફળશ્રુતિરૂપે આજે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં પાણીના તળ ઉંચા આવ્યા છે. ખેડૂતોની સિંચાઇની સમસ્યાને હલ કરવા આજે રૂ.૧૨૪૩ કરોડની ૦૬ યોજનાનો શિલાન્યાસ લોકાર્પણ કરવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભજળનો ઉપયોગ સતત વધતો ગયો અને વાર્ષિક સરેરાશ ૩ થી ૫ મીટર ભૂગર્ભજળના સ્તર ઘટતા જતા હતા.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદાના વહી જતાં વધારાના પાણીમાંથી ૧ મીલીયન એકર ફીટ પાણીની ફાળવણી ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે કરી હતી.

# ઉંઝાના તળાવમાં પગ લપસી જતાં યુવાનનું મોત

ઉંઝા

ઉંઝાના વણાગલા રોડ પર આવેલ મલાઈ તળાવ ખાતે પૂજાનો સામાન પધરાવવા ગયેલા યુવાનનો પગ લપસી જતાં તે તળાવમાં ડૂબી જતા સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવાનની લાશ બહાર કાઢવામાં આવી હતી.

શહેરના રોહિતનગરમાં રહેતા પ્રવિણ ઈશ્વરભાઈ પરમાર નામનો યુવાન પૂજાનો સામાન તળાવમાં પધરાવવા ગયો હતો ત્યાં તેનો પગ લપસી જતાં તે તળાવમાં ડૂબી ગયો હતો જેથી આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. કલાકોની ભારે જહેમત બાદ સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવાનની લાશને બહાર કાઢવામાં આવી હતી. ઉંઝા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

# સાબરકાંઠામાં ટ્રકની ટક્કરથી બાઈકસવાર પતિ-પત્ની અને પુત્રીના ઘટના સ્થળે મોત

પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ પર પ્રાંતિજના ટુડોર પાસે ટ્રક ચાલકે બાઇકને અડફટે લેતાં બાઇક ઉપર જઇ રહેલ પિતા, પુત્રી અને પત્નીનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ ઉપર ગાંધીનગરના વાવોલના વતની રાકેશભાઇ મોહનભાઇ પ્રજાપતિ પોતાની મોટર સાઇકલ ઉપર આજે સવારે તેમની પુત્રી,પત્ની સાથે પ્રાંતિજ ખાતે તેમણાં સાઢુભાઈને ઘરે પ્રસંગમાં આવી રહ્યાં હતાં. તે દરમિયાન પ્રાંતિજ ટુડોર પાસે પાછળથી ટ્રકે બેફામ હંકારી બાઇક ઉપર જઇ રહેલા પરિવારને અડફેટે લીધા હતા. જેના પગલે રાકેશભાઇ મોહનભાઇ પ્રજાપતિ તેમની પત્ની આશાબેન રાકેશભાઇ પ્રજાપતિ તથા તેમણી પુત્રી નીશીતાબેન આ ત્રણેય પર ટ્રક ચઢી ગઇ હતી. ટ્રક ફરીવળતા ઘટના સ્થળે પિતા,પુત્રી અને પત્નીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલિસને થતાં પ્રાંતિજ પોલિસ ઘટના સ્થળે દોડી આવી હતી અને રોડ ઉપર થયેલ ટાફિક હળવો કર્યો હતો જયારે મુતકોને પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતાં જયારે ટ્રક કબજે કરી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મહેસાણાની અવસર પાર્ટી પ્લોટ ખાતે ૩૩૦૦ પાટીદાર વિધવા-ત્સક્તા બહેનોનો સત્કાર કાર્યક્રમ યોજાયો



ચાણસ્મા

આધુનિક ટેકનોલોજીના યુગમાં પણ વિધવા-ત્યક્તા બેહેનોને સન્માનિય સ્થાન મળતું નથી. સમાજમાં વ્યાપ્ત આવાં કુરિવાજોને તોડવા અને આવી બહેનોને સન્માનિય દરજ્જો મળે તેવા હેતુથી આધાર ફાઉન્ડેશન મહેસાણા અને ગ્રામશ્રી ટ્રસ્ટી અમદાવાદ દ્વારા રવિવારે મહેસાણા જિલ્લાની ૩૩૦૦ પાટિદાર વિધવા-ત્યક્તા બહેનોનું જાહેર સન્માન કરવામાં આવ્યુ હતું. સાથે સ્વામાનભેર જીવી શકાય તે માટે સ્વરોજગાર થકી પગભર બનવા બહેનોને હાકલ કરી હતી.

આ પ્રસંગે ભોજનદાતા પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ, ગ્રામશ્રી ટ્રસ્ટનાં ચેરમેન અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પુત્રી અનારબેન પટેલ, પાટીદારની ૧૦ હજાર દિકરીઓ માટે ૨૦૦ કરોડની સુકન્યા યોજનાના પ્રણેતા સુરતના લવજીભાઈ બાદશાહ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલે રૂ.૧૯ લાખનું દાન અર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતું કે, સમાજમાં અનેક બંધનો, કુરીવાજો છે જે તોડવા જરૂરી છે. કુરિવાજો દૂર કરીને સમાજને પ્રગતિના પંથે આગળ વધવા હાકલ કરી હતી. ગ્રામશ્રી ટ્રસ્ટનાં અનારબેન પટેલે જણાવ્યુ કે, વિધવા-ત્યક્તા બહેન કન્યાદાન ન કરી શકે તેવો કોઈ નિયમ નથી, તે કેમ દિકરાને લગ્નમાં પોંખી ન શકે ?

આવા સામાજિક પ્રસંગોમાં બહેનોજ બહેનોની દુશ્મન ન બનતાં સહકાર આપવાની શરુઆત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે આ બહેનોને સ્વરોજગાર દ્વારા પગભર બનાવવા તૈયારી બતાવી હતી.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ રઈબેન પટેલ, આધાર ફાઉન્ડેશનના પ્રમુખ અનિલભાઈ પટેલ, મંત્રી સંજયભાઈ પટેલ, કન્વીનર બી.ડી. પટેલ,

અશ્વિન બામરોલીયા, ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાન વિધવા સહાય કમિટીના ચેરમેન બાબુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શંખલપુરની વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરનારા તત્વોને છાવરી રહી હોવાનો આક્ષેપ

ચાણસ્મા

બહુચરાજીથી શંખલપુર શાળામાં અભ્યાસ કરવા નીકળેલી વિદ્યાર્થીનીને બહુચરાજીના બે માથાભારે તત્વો કારમાં અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાને આજે આઠ- આઠ દિવસ વીતી ગયા હોવા છતાં પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવતા શાળાએ જતી વિદ્યાર્થીનીઓ ભયના ઓથાર નીચે ફફડી રહી છે. બીજી બાજુ પોલીસ દ્વારા આરોપીને છાવરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ વિદ્યાર્થીનીના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે.

બહુચરાજીની એક વિદ્યાર્થીની ગઈ ૨૫ મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગે

શંખલપુર શાળામાં અભ્યાસ માટે નીકળી હતી. ત્યારે મંદિર ત્રણ રસ્તા આગળ કારમાં આવેલા બહુચરાજીના વિશાલ અભુજી ઠાકોર અને કિસન ભેમાજી ઠાકોર નામના માથાભારે શખ્સો બળજબરીપૂર્વક વિદ્યાર્થીનીને કારમાં ખેંચી જઈ ડોડીવાડાના માર્ગે અજાણ્યા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું. જે અંગે વિદ્યાર્થીનીની ફરિયાદ આધારે બહુચરાજી પોલીસે અપહરણ, દુષ્કર્મ અને પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની તપાસ સીપીઆઈ સાંથલને સોંપવામાં આવી હતી.

આ ઘટનાને આજે આઠ દિવસ થઈ ગયા પછી પણ પોલીસ તપાસમાં આગળ વધી નથી. અને આરોપીઓનું મોબાઈલ લોકેશન તેમજ પરિવારજનોને રોજ ફોન કરતા હોવા છતાં

આ દિશામાં કોઈ તપાસ નહીં કરતાં છાવરવામાં આવી રહ્યા છે, તેવો આક્ષેપ વિદ્યાર્થીનીના પરિવારજનો દ્વારા કરાયો છે. પોલીસ દ્વારા આરોપીઓની સત્વરે ધરપકડ કરવામાં આવે તેવી રજુઆત રાજયના ગૃહમંત્રી, મુખ્યમંત્રી સહિતને કરવામાં આવી છે.

# રાધનપુરમાં ત્યક્તા વિધવા બહેનોને સિલાઈ મશીન વિતરણ કરાયા



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા મુંબઈના રાધનપુર જૈન સંઘના પ્રમુખ સુરેશભાઈ વોરાની પ્રેરણાથી મુંબઈ નિવાસી શ્રીમતી પીના આશિષ શાહ દ્વારા પ્રાપ્ત દાનથી સામાજિક અને આર્થિક રીતે પછાત ત્યક્તા અને વિધવા બહેનોને મફત સિલાઈ મશીન વિતરણ કરવામાં આવ્યા હતા, અધિક પોલીસ મહાનિર્દેશક વી.એમ. પારગી, વિકાસ કમિશ્નર મનોજ અગ્રવાલ, ખાણ અનેખનીજ વિભાગના કમિશ્નર રૂપવંતસિંગ,જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ રાજગોર સહિતનીઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં પચ્ચીસ બહેનોને મશીન આપવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ ડો.નવીનભાઈ ઠક્કર,ઉપપ્રમુખ હસુભાઈ ચોકસી, સહમંત્રી કાંતિભાઈ નાઈ સહિતે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી, આ પ્રસંગેસ્થાનિક અગ્રણીઓમાં પ્રવીણભાઈ મહાલક્ષ્મી, અમથાભાઈ ચૌધરી,બાબુભાઈ ચૌધરી, સુરજગીરી ગોસ્વામી સહિતે હાજર રહીને સેવાકીય કામગીરીને બિરદાવી હતી, જયારે બ્રહ્માકુમારીના પ્રેમિલાદીદીએ આશીર્વચન પાઠવ્યા હતા.

# સાંતલપુર તાલુકા ભાજપની કારોબારીની બેઠક મળી



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકા ભાજપની કારોબારીની બેઠક બામરોલી ખાતે મળી હતી,પ્રદેશ કારોબારી સદસ્ય ભરતભાઈ રાજગોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,મહામંત્રી કુંભાજી વાઘેલા,તાલુકા ભાજપ પ્રમુખ સાક્તાભાઈ ચૌધરી, મહામંત્રી અરજણભાઈ આહીર, પ્રકાશભાઈ ઠક્કર સહીત અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ઝળહળતો વિજય અપાવવા એક એક વ્યક્તિ સુધી પહોંચીને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ વિષે જાણકારી આપી લોકોને માહિતગાર કરવા આહવાન કરવામાં આવ્યું હતું, અને ભાજપના ૧૫૦ બેઠક ઉપર વિજય મેળવવાના ટાર્ગેટને પૂરો કરવા તમામ કાર્યકરોને કામે લાગી જવા અપીલ કરવામાં આવી હતી.

# ધનસુરાના વડાગામમાંથી પરિણિતા ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર

ધનસુરા તાલુકાના વડાગામ ખાતે ગત તા.૨૧ ના રોજ મહિલા ગુમ થઈ જતાં તેના પતિએ ધનસુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મુજબ વડાગામ ખાતે રહેતા રામજીભાઈ મગનાભાઈ મકવાણાની પત્નિ જીવીબેન ગત તા.૨૧ ના રોજ ઘરેથી કોઈને કહ્યા વિના બહાર ગયા પછી ગુમ થઈ જતાં પતિએ સગા-સંબંધિઓને ત્યાં તપાસ ચલાવી હતી. પરંતુ તેણીનો કોઈ પત્તો ન મળતાં પતિ રામજીભાઈએ ધનસુરા પોલીસ સ્ટેશને પત્નિ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

અત્રે નોંધવું ઘટે કે ધનસુરા તાલુકામાં સગીરાઓનું અપહરણ કે ગુમ થઈ જવાના બનાવોની પરંપરા જારી રહેવા પામી છે. મોટા ભાગે બહારના તત્વો સગીરા કે મહિલાઓને છેતરી ભગાડી જતાં હોય છે. પ્રત્યેક સમાજે આ અંગે સાબદા રહેવાની જરૂર છે.

# પાટણમાં માર્ગોનું નવિનીકરણ યોગ્ય અધિકારીની દેખરેખ હેઠળ કરવા લોકમાંગ

પાટણ

પાટણ નગરપાલિકા દ્વારા પાણીની નવી પાઈપ લાઈનો નાંખવાના કામકાજ દરમ્યાન મુખ્ય એવા ગાંધી રોડ પરની એક સાઈડ પર ખાડા ખોદવામાં આવ્યા બાદ વ્યવસ્થિત ખાડા પુરવામાં ન આવતાં અને ખાડા ટેકરા હોવાના કારણે રોડ પર ચાલી ન શકાય તેવી સમસ્યા ઉભી થઈ છે.

ત્યારે દ્વિચક્રી વાહનો સ્લીપ થઈને અકસ્માતના બનાવો બનતા હોય છે. શહેરના માર્ગોનો જે રીતે વિકાસ થવો જોઈએ અને માર્ગોનું નવિનીકરણ થવું જોઈએ તે રીતનું થતુ જ નથી. દિવાળી નજીક આવી રહી છે ત્યારે મુખ્ય માર્ગને સમતલ બનાવી પેવર રોડ બનાવવામાં આવે તો વાહનચાલકોને રાહત થઈ શકે અને અકસ્માતના બનાવો પણ બને નહીં. શહેરની અંદરના ઘણા એવા રસ્તાઓ છે જે બિસ્માર બની ગયા છે. શહેરના વિકાસ માટે ગ્રાન્ટો આવતી હોવા છતાં તેનો ઉપયોગ થતો નથી તેવુ લોકોમાં ચર્ચાસ્પદ બન્યુ છે.

ક્યારેક ટેલિફોન વિભાગ દ્વારા ખાડા ખોદવાનું કામ ચાલતુ હોય છે. અને ત્યાર પછી પણ વ્યવસ્થિત પુરાણ ન થતાં અને ભારે વાહનોની ગતિ ચાલુ રહેતાં ખાડાનો ભાગ દબાઈ જતાં વાહનો સ્લીપ થઈ જાય છે

જેથી માર્ગોનું નવિનીકરણ યોગ્ય અધિકારીની દેખરેખ હેઠળ થાય તેવી શહેરીજનોની માંગ ઉઠી છે.

# ડીસાના વાસડા ગામે કોલ્ડ સ્ટોરેજમાં એમોનિયા ગેસ લીકેજ થતા અફડાતફડી

**ડીસા પાલિકાની ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી : વાલ્વ લીકેજ થતા ગેસ ગળતર**

ડીસા

ડીસા દાંતીવાડા રોડ પર વાસડા ગામ નજીક આવેલ બટાકાના કોલ્ડ સ્ટોરેજમાં રવિવારે મોડી રાતે અચાનક વાલ્વ ખુલી જતા એમોનિયા ગેસ લીકેજ થતા અફડાતફડી મચી હટી. આ બાબતની જાણ થતાં ડીસા પાલિકાની ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી જઇ લીકેજ બંધ કરી હતી જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

દેશભરમાં બટાકા નગરી તરીકે પ્રખ્યાત ડીસામાં બટાકાના સંગ્રહ માટે ૨૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજ આવેલા છે. ત્યારે રવિવારે મોડી રાત્રે ડીસાના વાસડા ગામ પાસે આવેલ એક કોલ્ડ સ્ટોરેજમાં અચાનક વાલ લીકેજ જતા એમોનિયા ગેસ લીકેજ થયો હતો. જેથી તીવ્ર દુર્ગંધ સમગ્ર વિસ્તારમાં ફેલાતા દૂર દૂર સુધી અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.આ બાબતે ડીસા પાલિકામાં જાણ કરતા ફાયર વિભાગના સુપ્રિન્ટેન્ડેન્ટ ભરતસિંહ જાદવ સહિત તેમની ટિમ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી પરિસ્થિતિ પર કાબુ મેળવી વાલ્વ બંધ વધુ ગેસ ગળતર અટકાવી દીધું હતું. જેથીલોકોએ રાહતનો દમ લીધો હતો.

## ડીસા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને સેવાના એવોર્ડ અપાયા


ભરત સુંદેશા

**પાલિકાની ફાયર વિભાગની ટીમને સુંદર કામગીરી બદલ નવાજવામાં આવી**

ડીસા

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ડીસા શહેર ને સ્વચ્છ બનાવવા નગરપાલિકા દ્વારા લોકોને પ્રોત્સાહન મળી રહે તે માટે શહેરની સૌથી સ્વચ્છ સોસાયટી- હોટલ અને હોસ્પિટલને સ્વચ્છતા નો એવોર્ડ તેમ જ પાલિકામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને સેવાઓનો એવોર્ડ અપાયો હતો ડીસા નગરપાલિકા દ્વારા ગાંધીજયંતી નિમિત્તે સ્વચ્છતા અને સેવાના એવોર્ડ આપવામાં આવ્યા હતા.પાલિકા દ્વારા આ અંગે શહેરમાં સર્વે કરી સૌથી સ્વચ્છ સોસાયટી માટે શહેરની શ્રીજી વીલા સોસાયટી,ભણસાલી ટ્રસ્ટ સંચાલિત ગાંધી લિંકન હોસ્પિટલને સ્વચ્છ હોસ્પિટલનો તેમજ હોટલમા સ્વચ્છતા રાખવા બદલ રિયલ પેપરિકા ને સ્વચ્છતા નો એવોર્ડ

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠામાં ભાજપા હારેલાને નહી અજમાવે : કોંગ્રેસ અવઢવમાં

ડીસા

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ ધીમે ધીમે જામતો જાય છે. રાજ્યમાં રાષ્ટ્રીય કક્ષાના નેતાઓનાં ચૂંટણી પ્રવાસો સતત ચાલુ થઈ ગયા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાનું રાજકારણ પણ ગરમાવા લાગ્યુ છે. વાત કરીએ ૨૦૧૨ ની તો વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લામાંથી કોંગ્રેસને પાંચ તથા ભાજપાને ચાર બેઠકો મળી હતી. જો કે ૨૦૧૪ ની પેટા ચૂંટણીમાં ડીસાની બેઠક કોંગ્રેસને ફાળે જતા જિલ્લામાં કોંગ્રેસની કુલ છ બેઠકો થઈ હતી. બનાસકાંઠા જિલ્લો હંમેશા વિપરીત પરિણામો માટે જાણીતો છે, જેને અનુલક્ષીને જોઈએ તો ૨૦૧૨ નાં મોદી વેવમાં પણ જિલ્લાએ પાંચ બેઠકો કોંગ્રેસને આપી હતી અને ૨૦૧૪ માં જ્યારે સમગ્ર ભારતમાં ભગવો લહેરાયો હતો ત્યારબાદની તુરંતની પેટા ચૂંટણીમાં પણ ડીસાની બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી. પરંતુ હવે ૨૦૧૨ અને ૨૦૧૭ ના ચૂંટણી સમીકરણો તદ્દન અલગ પ્રકારના છે. માટે જ મુખ્ય હરીફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ નવી વ્યુહરચનાઓ ઘડવામાં વ્યસ્ત થઈ ગયા છે. ભાજપા ૨૦૦૭ ની થિયરી અજમાવીને બનાસકાંઠામાંથી કમળમાં અલગ અલગ પાંખડીઓ પુરવાનો પ્રયત્ન કરી રહી છે. સામે પક્ષે કોંગ્રેસ ભાજપામાંથી નારાજ મતદારોને રીઝવી તેમજ ભાજપાથી અલગ પડેલા કેટલાક ચહેરાઓને અજમાવીને વિધાનસભા ચૂંટણીનો ગઢ સર કરવાના પ્રયત્નો કરી રહી છે. જો કે ભાજપામાંથી ૨૦૧૨ માં હારેલા ચહેરાઓને રીપીટ ન કરવા જોઈએ તેવો સૂર ઉઠવા પામ્યો છે. તે બાબતને વિગતે પ્રકાશ પાડવામાં આવે તો પાલનપુર બેઠકમાંથી હારેલા ગોવિંદભાઈ પ્રજાપતિની સામે અન્ય ઈત્તર કોમના ઉમેદવારોએ પોતાની દાવેદારી રજુ કરીને પાર્ટીને મજબુત ઉમેદવારની શોધ કરવા માટે વિચારતી કરી મુકી છે. પાલનપુર તાલુકાના બ્રાહ્મણ સમાજના આગેવાનો તેમના સમાજમાંથી ઉમેદવાર મુકાય તેવો આગ્રહ કરી રહ્યા છે. પરંતુ બ્રાહ્મણ ઉમેદવારની પાલનપુરના બદલે ધાનેરા કે ડીસામાં પસંદગી થાય તો નવાઈ નહીં. પાલનપુર બેઠક માટે તેની જગ્યાએ નાના અને ઈતર સમાજમાંથી આવતા ઉમેદવારની પસંદગી થઈ શકે છે. ડીસા બેઠકની વાત કરીએ તો ૨૦૧૪ ની પેટા ચૂંટણીમાં હારેલા લેબજીભાઈ ઠાકોરને રીપીટ ન થાય તેવા ચક્રો ગતિમાન થયા છે અને પાર્ટીને પણ ઠાકોર અને માળી મતદારોનો ગજગ્રાહ સતાવી રહ્યો છે. ત્યારે અન્ય ઈત્તર ઉમેદવાર ઉપર પાર્ટી પસંદગી ઉતારે તો નવાઈ નહીં. જેથી ડીસામાં પણ બ્રાહ્મણ સમાજના બદલે અન્ય નાના સમાજને તક અપાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે. કારણ કે, ડીસા તાલુકાનો ઈતર સમાજ પણ ઘણા સમયથી પોતાનો પ્રતિનિધિ ઝંખી રહી છે. આમ બ્રાહ્મણ સમાજને દિયોદર અથવા ધાનેરામાંથી પ્રતિનિધિત્વ અપાય તો નવાઈ નહીં. તો વળી ડીસા અને ધાનેરા બેઠક માટે રબારી સમાજની પણ પ્રબળ માંગણી ચાલી રહી છે. ધાનેરામાંથી ૨૦૦૭ માં બ્રાહ્મણ સમાજના ઉમેદવારે બાજી મારી હતી. સામા પક્ષે ૨૦૧૨ માં લોકોએ બ્રાહ્મણ સમાજના ઉમેદવારને પસંદ નહોતા કર્યા માટે કદાચ આ વખતે ક્ષત્રિય સમાજને કાંકરેજના બદલે ધાનેરામાંથી પ્રતિનિધિત્વ અપાય તેવી

અનુસંધાન પાના નં.૬

**પાલનપુરમાં ભાજપના કાર્યકરોમાંથી નો રીપીટનો સુર**

**ડીસા બેઠક ઉપર ભાજપમાં ઈતર સમાજને ટીકીટ અપાય તેવી શક્યતા**

**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**




ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી. વ્હોટસ એપ - મો.૯૮૨૪૫૦૨૧૦૨
Email : rakheval@gmail.com

**કાંકરેજના બદલે ધાનેરામાં ક્ષત્રિય સમાજના ઉમેદવારને ટીકીટ મળી શકે : કોંગ્રેસ દિયોદર સીટ કબજે કરવા મુરતીયાની શોધમાં**

### સરકાર પલ્ટી નાખવાની ચેતવણી

# પાલનપુરમાં આશા વર્કરોની ભૂખ હડતાલનો પાંચમો દિવસ


સંજય જોષી

પાલનપુર

સમાન કામ અને સમાન વેતન ની માંગ સાથે બનાસકાંઠાની આશા વર્કરોએ પણ સરકાર સામે બાંયો ચડાવી છે. ત્યારે ભૂખ હડતાલના પાંચમા દિવસે પણ સરકાર યા તંત્રએ દરકાર ન લેતા રોષે ભરાયેલી આશાવર્કરોએ સમય આવ્યે સત્તા પલ્ટી નાખવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુર કલેકટર કચેરી આગળ આશા વર્કર બહેનો પોતાની પડતર માગણીઓને લઈને આંદોલન ચલાવી રહી છે. જોકે, અચોક્કસ મુદતની ભૂખ હડતાલ નો આજે પાંચમો દિવસ હતો. જોકે, ૫-૫ દિવસ વીતવા છતાં સરકાર કે તંત્ર દ્વારા આશા વર્કરો ની દરકાર ન લેવાતા લાલઘૂમ થયેલી આશા વર્કરોએ આગામી ચૂંટણીમા સરકાર પલટવાની ચીમકી ઉચ્ચારી હતી.

## વાવના રાધાનેસડા ગામે ૨૮ હજાર કરોડના ખર્ચે સોલાર પાર્કનું ખાતમુહર્ત થશે

તા.પ્રતિ. વાવ

ગુજરાત સરકારના રાજ્ય મંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નોથી સરહદી વાવ પંથકના રાધાનેસડા ગામે રૂપિયા ૨૮ હજાર કરોડના ખર્ચે સોલાર પાર્ક શરૂ થનાર છે. જેનું તા.૫-૧૦-૨૦૧૭ ને ગુરુવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ઉર્જામંત્રી ચીમનભાઈ છાપરીયા અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના વરદહસ્તે ખાતમુહર્ત થનારું છે.

આ બાબતે મંત્રી શંકરભાઈ ચૌધરીએ મિડીયા સમક્ષ જણાવ્યું હતું કે વાવ તાલુકાના રાધાનેસડા ગામે રૂા.૨૮ હજાર કરોડના ખર્ચે શરૂ થનાર સોલાર પાર્કથી હજારો બેકાર યુવકોને રોજી રોટી મળી રહેશે. તેમજ સરહદી વિસ્તાર સહિત બ.કાં, પાટણ, મહેસાણા જિલ્લાના ઉદ્યોગોને વેગ મળશે. જો કે રાધાનેસડા ગામે સોલાર પાર્ક અને બોર્ડર ઉપર શરૂ થનાર બોર્ડર

અનુસંધાન પાના નં.૬

## વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી ને પોસ્ટર વોર શરૂ

**પાલનપુરમાં ઠેરઠેર શાસક પક્ષ વિરોધમાં પોષ્ટર લાગ્યા**



પ્રતિનિધિ પાલનપુર

વિધાનસભાની ચૂંટણીના ડાકલા વાગવાની તૈયારીમાં છે. ત્યારે રાજકીય પક્ષના ભુવાઓ સક્રિય બન્યા છે. જોકે, ચૂંટણી પૂર્વે જ પાલનપુરમાં અનેક જગ્યાએ શાશક પક્ષ ભાજપ વિરોધી પોસ્ટર લાગતા ચકચાર મચી જવા પામી છે.

વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો પોતાના આયુધ સજાવવામાં લાગી ગયા છે. ત્યારે પાંચ વર્ષે મોઢું દેખાડવા આવેલા રાજકીય પક્ષો સામે મતદારો આયનો ધરી રહ્યા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. જેમાં પાલનપુર ખાતે પણ શાસક પક્ષ ભાજપને અનુલક્ષીને લખાયેલા

અનુસંધાન પાના નં.૬

**વ્યંગાત્મક પોષ્ટરો બન્યા ચર્ચાસ્પદ**

આ પોસ્ટરોમા "ઠગ ટોળકી ગુજરાતમાં ફરે છે તેનાથી ચેતજો", "મદારીનો ખેલ બતાવી છેતરી ગયા" જેવા વ્યંગાત્મક વિધાનો લખી ભાજપ સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. વળી, આ પોસ્ટરોમાં "ગુજરાતનું મીડિયા ખરીદી લીધું પણ સોશિયલ મીડિયા તમારા નામના હોસલા ફૂટે છે." તથા "વોટ લેવા જાઓ તમારા બાપ ખેડૂતો ધોકા લઈને ઉભા છે." "હવે ગુજરાતની જનતા તમને મદારીનો ખેલ બતાવશે" તેવા અનેક માર્મિક લખાણ વાળા પોસ્ટર લાગતા શાસક પક્ષ ભાજપની ઊંઘ હરામ થઈ ગઈ છે.

## તંત્રની આડેધડ બાંધકામ મંજુરીઓના કારણે નગર પાણીમાં ગરકાવ બન્યું : ધારાસભ્યનો આક્રોશ


વિષ્ણુ દવે

થરાદ

થરાદમાં ૧૮૫ લાખના ખર્ચથી બનનારા આધુનિક બસસ્ટેશનના ખાતમુહર્ત પ્રસંગે ધારાસભ્યએ નગર અને બસસ્ટેશનમાં ભરાતા વરસાદી પાણી માટે સરકાર નહી પણ સ્થાનિક તંત્રએ આપેલ બાંધકામ મંજુરીઓ જવાબદાર ગણાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો.સાથે સાથે ભાજપના વિકાસના કારણે કોંગ્રેસ ગાંડી થઇ હોવાનું જણાવી તેમના શાસનમાં કથળેલી એસટીની હાલત અંગે પણ પ્રહારો કર્યા હતા. થરાદમાં ૧.૮૫ કરોડના ખર્ચથી બનનારા આધુનિક બસસ્ટેશનનો ખાતમુહર્ત સમારોહ ધારાસભ્ય પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે તેમણે નગર અને ડેપોમાં ભરાતા વરસાદી પાણીનું કારણ અવરોધાતા કુદરતી વહેણ અને તેમ થવા પાછળ સ્થાનિક વહીવટીતંત્રની આજુબાજુ પાણીનું વહેણ જોયા વગર અપાયેલી બાંધકામ મંજુરીઓ ગણાવી હતી. સાથે સાથે પાલિકાએ બે કરોડના પાણીના નિકાલની યોજના સરકાર કરવા જઇ રહી હોવાનું જણાવી હવે પાણીના નિકાલની સમસ્યાનો અંત આવશે તેમ જણાવ્યું હતું.સાથે સાથે થરાદ ડેપોની રોજ કપાતી

અનુસંધાન પાના નં.૬

<u>જૈન ઈરિગેશનની પ્રેરણાત્મક પહેલ</u>

# ખેડુતોને બટાટા અને દાડમના પાકના સર્વોત્તમ ઉત્પાદન માટે તાલીમ અપાશે

**ડીસા ખાતે ખેડુત પરિસંવાદ અને તાલીમનું આયોજન**

ડીસા

ખેતી ક્ષેત્રે ખેડૂતોને સમૃધ્ધ બનાવવામાં અમુલ્ય ફાળો આપનાર જૈન ઈરિગેશન દ્વારા હંમેશા ખેડૂતોના હિતમાં કાર્યો થઈ રહ્યા છે ખેડૂતો તેમના પાકનુ ઉત્પાદન વધારી શકે અને નવી આધુનિક ટેકનીક કે વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરી સારી એવી આવક પ્રાપ્ત કરી શકે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. જે અનુસંધાને કંપની દ્વારા બટાટા અને દાડમના પાકમાં સર્વોત્તમ ઉપજ અને આવક માટેના વૈજ્ઞાનિક બદલાવ તેમજ સંશોધન ઉપર પરિસંવાદ અને તાલીમનું અગામી તા.૬ ઓક્ટોમ્બરના રોજ ડીસા ખાતે આયોજન કરાયુ છે.

રેતાળ જમીન ધરાવતા અને ઓછા પાણીવાળા બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી બટાકા અને દાડમની ખેતીનો વ્યાપ વધતો જઈ રહ્યો છે. ત્યારે ખેડૂતોને વૈશ્વિક બજાર અનુરૂપ ઉચ્ચ કક્ષાનુ ગુણવત્તા યુક્ત ઉત્પાદન મેળવવા માટે તંત્રજ્ઞાન લેવું જરૂરી છે. જેને ધ્યાનમાં લઈ જૈન ઈરિગેશન કોફેડરેશન ઓફ હોર્ટિલાઝર એસોસીએશન ઓફ ઈન્ડીયા

અનુસંધાન પાના નં.૬

# વાવ અને થરાદ પંથકમાં રાજકીય ગરમાવો તેજ : ટીકીટ માટે દોડધામ

**ભાજપમાં નામ નિશ્ચિત : પરંતુ કોંગ્રેસમાંથી ટીકીટ માટે દાવેદારોની કતારો લાગી**

તા.પ્રતિનિધિ વાવ

આગામી ડિસેમ્બર મહિનામાં યોજાનારી ગુજરાત વિધાનસભાની અતિ પ્રતિષ્ઠા ભરી ચૂંટણીને લઈ સમગ્ર રાજ્યમાં ચૂંટણી માહોલ જામી રહ્યો છે. ચૂંટણી જંગ જીતવા રાષ્ટ્રીય નેતાઓએ અત્યારથી જ ધામા નાંખી ચૂંટણી પ્રસારના શ્રી ગણેશ કર્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ વિધાનસભાની વિવિધ નવ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ પક્ષે ઉમેદવારોની પસંદગી માટે અભિપ્રાય લેવા સહિતની કાર્યવાહી હાથ ધરી દીધી છે. જે પૈકી સરહદી વાવ અને થરાદ બેઠકની વાત કરીએ તો આ બન્ને બેઠકો ઉપર અત્યારથી જ ચૂંટણી જંગના મંડાણ શરૂ થઈ ગયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, આ વખતે




ભાજપમાંથી વાવ અને થરાદ બેઠકના ઉમેદવારોના નામ લગભગ નિશ્ચિત હોવાનું મનાય છે.

જેમાં વર્તમાન ધારાસભ્યોને જ ટીકીટ મળે તેવી સંભાવના છે પરંતુ કોંગ્રેસમાંથી આ બન્ને બેઠકો માટે ઉમેદવારોની લાઈનો લાગી છે. ટીકીટ મેળવવા વિવિધ સમાજના કદાવર નેતાઓ લોબીંગ ચલાવી રહ્યા છે. આગામી ડિસે ૨૦૧૭ માં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને હવે માત્ર ગણત્રીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે સરહદી વાવ પંથકમાં ભારે રાજકીય ગરમાવો છવાઈ ગયો છે. જો કે વાવ- થરાદ બેઠક ઉપર ભાજપે સીટીંગ ધારાસભ્યોના નામ ઉપર મહોર મારી દીધી છે. માત્ર જાહેરાતની ઔપચારિકતા જ બાકી રહી છે. પરંતુ કોંગ્રેસમાંથી ટીકીટ માટે ઉમેદવારોમાં દોડધામ મચી ગઈ છે. ટીકીટ માટે ઉમેદવારોએ પોતાનું એડીચોટીનું જોર લગાવી રાજકીય છેડાઓનો

અનુસંધાન પાના નં.૬

## વાવ- થરાદની પ્રજા વિકાસ કાર્યોને યાદ રાખશે કે કેમ ?

વાવ અને થરાદ પંથકમાં છેલ્લા વર્ષોમાં અનેક વિકાસ કાર્યો થયા છે. રાજ્યમંત્રી અને વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીની કુનેહથી સરહદી પંથકમાં મહદઅંશે પાણીનો પ્રશ્ન સુલજાઈ ગયો છે. નર્મદા કેનાલ અને તેની પેટા કેનાલો મારફત છેવાડના ગામો સુધી પાણી પહોંચતુ થયું છે. જેથી અહીની પ્રજાના માનસપટલ ઉપરથી દુષ્કાળ નામનો શબ્દ વિસરાતો જઈ રહ્યો છે. તો થરાદ પંથકમાં પણ ધારાસભ્ય પરબતભાઈ પટેલના પ્રયત્નોથી પીવાના પાણીનો પ્રશ્ન રહ્યો નથી. હવે જોવાનું એ રહ્યુ કે આ બન્ને પંથકની પ્રજા વિકાસને યાદ રાખે છે કે, પરિવર્તન ઈચ્છે છે તે અત્યારે કહી શકાય તેમ નથી. જે ચૂંટણી પરિણામો બાદ જ જાણી શકાશે.


## જાહેર આભાર


માન. અશોકજી ગેહલોત
પ્રભારીશ્રી,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ


શ્રી મહેદાભાઈ કે.પટેલ
પ્રમુખશ્રી,
ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિ


માન. ભરતસિંહ સોલંકી
પ્રમુખશ્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ


શ્રી નટવરસિંહ કે. વાઘેલા
પ્રમુખશ્રી,
દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સમિતિ

ધાનેરા તાલુકા અને દાંતીવાડા તાલુકાના નવા નિમાયેલા પ્રમુખશ્રીના હુકમો સ્થગિત કરી પ્રમુખોને હોદ્દા ઉપર ચાલુ રાખવા બદલ આપનો હ્રદયપુર્વક આભાર.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના **માનનીય પ્રભારી શ્રી અશોકજી ગેહલોત સાહેબની** સુચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના **પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના આદેશથી શ્રી મૌલિનભાઈ વૈષ્ણવ સાહેબ** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઉપપ્રમુખે તા. ૨૨/૦૯/૨૦૧૭ ના રોજ ધાનેરા તાલુકા અને દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખોની વરણી સ્થગિત કરી બન્ને પ્રમુખોને કાર્યરત રહેવા સુચના આપવા લેખિતમાં પત્ર પાઠવવા બદલ પ્રદેશ કોંગ્રેસ સમિતિનો જાહેર આભાર માનીએ છીએ. ધાનેરા તાલુકાના **પ્રમુખ શ્રી મહેદાભાઈ કે.પટેલ** અને દાંતીવાડા તાલુકાના **પ્રમુખ શ્રી નટવરસિંહ કે. વાઘેલા** પોતાના હોદ્દા ઉપર કાર્યરત છે. અને પ્રદેશની સુચનાથી થયેલ હુકમો સ્થગિત કરવામાં આવે છે.